અમદાવાદ સ્ટોક ટુડે

સોમવાર, 19 ઓક્ટોબર, 2026 ■ વર્ષ 13 અંક-105 | અમદાવાદ ■ તંત્રી : સીમા શા | કિંમત : ₹ 2 કુલ પાના-16 | વાર્ષિક લવાજમ ₹104

RNI No. GUJGUJ/2013/52004 ■ TC Code : GUJGUJ14760 ■ Rg. No. 124559 | Subject to Juridiction Ahmedabad Email : stocktodaynews@gmail.com

સુવિચાર

સબંધો અને માટીનો ઘડો બન્ને એક સરખાં છે
તેની કિંમત બનાવનારને જ હોય,
તોડનારને નહિં.

પેજ-16

ગુજરાતમાં વિજ ડીમાંડ 'ઉનાળા' કરતાં પણ વધુ : 29,822 મેગાવોટનો રેકોર્ડબ્રેક વપરાશ નોંધાયો

અમદાવાદમાં ગૃહમંત્રી અમિત શાહે દેરાસરમાં દર્શન કર્યા

આચાર્ય શ્રી નરરત્ન સુરીશ્વરજીનાં આર્શીવાદ મેળવ્યા



કેન્દ્રીય ગૃહ સહકારીતા મંત્રી અમિત શાહ ગુજરાતની મુલાકાતે આવ્યા છે. અમદાવાદમાં પ્રેરણાતિર્થ જૈન દેરાસર તથા વિશ્વ નંદિકર જૈન દેરાસર ગયા હતા. સોશ્યલ મિડિયા પોસ્ટ પર તેઓએ પોસ્ટ મુકી હતી. ગચ્છાધિપતિ પરમપૂજય આચાર્ય શ્રી નરરત્ન સુરીશ્વરજી મહારાજના દર્શન કરીને આર્શીવાદ પ્રાપ્ત કર્યા હતા. જૈન પરંપરાની અહીંસા, સંયમ અને અપરિગ્રહની શિક્ષા સદીઓથી ભારતીય સમાજને દિશા આપતી આવી છે. પૂજય મહારાજ સાહેબનું સાનિધ્ય આ જીવન દ્રષ્ટિનો સાક્ષાત અનુભવ કરાવે છે.

તા.21થી23 જીયોનો આઈપીઓ : રૂા.30000 કરોડ મેળવાશે : શેર પ્રાઈઝ બેન્ડ રૂા.1065 થી 1119



ભારતીય શેરબજાર ભલે તોફાનમાં ફસાયું હોય પણ આઈપીઓ માર્કેટ ધમધમી રહ્યું છે. જેમાં રિલાયન્સ જીયોનો આઈપીઓ તા.21થી23 ઓકટોબરના ખુલ્લો રહેશે તેવા સંકેત છે. રૂા.30000 કરોડના આ આઈપીઓમાં જબ્બર ભરણુ થવાની ધારણા છે. જેમાં પ્રાઈઝ બેન્ડ રૂા.1065 થી રૂા.1119 હશે. કંપનીનું વેલ્યુએશન રૂા.10 લાખ કરોડથી વધુ હશે. આ પુરા નવા શેર ઈસ્યુ થશે. એટલે કે કોઈ રોકાણકાર પોતાના શેર વેચતા નથી. દેશની આ નંબર વન ટેલીકોમ કંપનીનું દિવાળી પુર્વે લિસ્ટીંગ જેઓને શેર એલોટ્ટ થાય તેઓ માટે હેપ્પી દિપાવલી જેવો હશે. ગ્રે માર્કેટમાં પ્રિમીયમ રૂા.1337 હાલ બોલાઈ રહ્યું છે. તા.28ના લીસ્ટીંગ થવાની ધારણા છે.

SME IPO ના નિયમોમાં બદલાવની તૈયારી : 1 લાખનું રોકાણ થઇ શકશે

મુંબઈ : માર્કેટ રેગ્યુલેટર સેબીએ નાના અને મધ્યમ ઉદ્યોગો (SMEs) માટે આઈપીઓના નિયમોમાં મોટા ફેરફારનો પ્રસ્તાવ મૂક્યો છે. આ હેઠળ એસએમઈ આઈપીઓમાં રોકાણ માટે ન્યૂનતમ અરજી મૂલ્ય ઘટાડીને 1 લાખ રૂપિયા કરવા, અલોટીઝ (શેર મેળવનારાઓ)ની ન્યૂનતમ સંખ્યા 200 થી વધારીને 500 કરવા અને ઓપરેટિંગ પ્રોફિટની શરતમાં ફેરફાર કરવાનો પ્રસ્તાવ આપવામાં આવ્યો છે. આ પ્રસ્તાવોનો હેતુ એસએમઈ આઈપીઓના ફ્રેમવર્કને વધુ મજબૂત કરવાનો, રોકાણકારોની સુરક્ષા વધારવાનો અને મેન બોર્ડના નિયમો સાથે તેનાં તાલમેલને વધુ સારો કરવાનો છે.

ભૂપેન્દ્રભાઈ પટેલે અમદાવાદમાં શ્રમિકોને પિરસ્યુ ભોજન: દૈનિક 45 હજાર શ્રમિકોનાં પેટ ભરાશે

28 જિલ્લામાં શ્રમિક અન્નપૂર્ણા યોજનાનાં નવા 101 કેન્દ્રોનું ઈ-લોકાર્પણ કરતા CM

ગાંધીનગર : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત રાજ્યના 28 જિલ્લાઓમાં શ્રમિક અન્નપૂર્ણા યોજનાનાં નવાં 101 કેન્દ્રોનું ઈ-લોકાર્પણ કર્યું હતું. આ પ્રસંગે મુખ્યમંત્રીએ અમદાવાદના ચાણક્યપૂરી બ્રિજના અન્નપૂર્ણા કેન્દ્ર ખાતે શ્રમિકોને ભોજન પીરસીને સેવાદાનમાં સહભાગી થવાની સાથે તેમની સાથે સહજ સંવાદ પણ કર્યો હતો.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જનસેવા, સાધના અને સુશાસનનાં 25 વર્ષ નિમિત્તે વિવિધ જનહિતલક્ષી કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. બાંધકામ ક્ષેત્રના શ્રમિકો અને તેમના પરિવારજનોને નજીવા દરે પૌષ્ટિક ભોજન ઉપલબ્ધ કરાવવાના ઉદ્દેશ્ય સાથે કાર્યરત થયેલી 'શ્રમિક અન્નપૂર્ણા યોજના' અંતર્ગત સેવા હી સાધના અન્વયે આ નવાં 101 કેન્દ્રો શરૂ કરવામાં આવ્યાં છે. હવે રાજ્યના બધા જ 34 જિલ્લાઓમાં કુલ 394 કેન્દ્રો પરથી શ્રમિકોને પૌષ્ટિક ભોજનનો લાભ મળતો થશે.

વિવિધ જિલ્લાઓમાં રાજ્ય સરકારના મંત્રીઓ, સાંસદો અને ધારાસભ્યોની પ્રત્યક્ષ ઉપસ્થિતિમાં ભોજન વિતરણ કેન્દ્રોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, વિકાસમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપનારા શ્રમિકોના કલ્યાણ માટે શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ હેઠળ ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ દ્વારા વર્ષ 2017થી 'શ્રમિક અન્નપૂર્ણા યોજના' અમલમાં મૂકવામાં આવી



છે. આ યોજના અંતર્ગત બાંધકામ શ્રમિકો અને તેમના પરિવારજનોને પ્રતિ વ્યક્તિ માત્ર રૂ. 5/-ના નજીવા દરે પૌષ્ટિક ભોજન આપવામાં આવે છે.

નવાં કેન્દ્રોનો ઉમેરો સાથે દૈનિક ભોજન વિતરણમાં અંદાજે 10 હજાર ભોજનનો વધારો થશે, તેથી હવે દરરોજ અંદાજે 45 હજાર ભોજનનું વિતરણ કરી શકાશે.શ્રમિક અન્નપૂર્ણા યોજના હેઠળ આપવામાં આવતા ભોજનમાં રોટલી, શાક, કઠોળ, ભાત, અથાણું, મરચાં અને ગોળનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, અઠવાડિયામાં એક વાર સુખડી અને શીરા જેવાં મિષ્ટાન પણ આપવામાં આવે છે. આ યોજનાથી શ્રમિકોને સરળતાથી પોષણયુક્ત ભોજન ઉપલબ્ધ થવાની સાથે તેમના દૈનિક ભોજનના ખર્ચમાં પણ રાહત મળે છે.

શ્રમિક અન્નપૂર્ણા યોજના હેઠળના ભોજન વિતરણ કેન્દ્રોના સંચાલનની નવી જવાબદારી સોંપાતા રોષ

રાજ્યમાં પ્રાથમિક શિક્ષકો હવે બાળકોના શિક્ષણને બાજુ પર મુકી શ્રમિકોના ભોજન કેન્દ્રો સંભાળશે

અમદાવાદ : રાજ્યમાં ડિજિટાઈઝેશન અને ગુણવત્તાસભર પ્રાથમિક શિક્ષણના મોટા દાવાઓ વચ્ચે સરકારી શાળાઓની વાસ્તવિકતા વરવી બની રહી છે. બાળકોના હાથમાં પુસ્તકો પકડાવી તેમનું ભવિષ્ય ઘડવાની જેમના શિરે મુખ્ય જવાબદારી છે, તેવા શિક્ષકો ધીમે-ધીમે શિક્ષણકાર્યથી વિમુખ થઈને વહીવટી કારકુન બનવા મજબૂર થઈ રહ્યા છે. રાજ્ય સરકાર દ્વારા પ્રાથમિક શાળાઓના શિક્ષકો અને આચાર્યો પર બિન-શૈક્ષણિક કામગીરીનો બોજ સતત વધારવામાં આવી રહ્યો છે. હવે તેમાં વધુ એક નવી કડી ઉમેરાતા સમગ્ર શિક્ષણ જગતમાં ભારે નારાજગી અને આક્રોશનો માહોલ સર્જાયો છે.

રાજ્ય શ્રમયોગી કલ્યાણ બોર્ડ દ્વારા ચલાવવામાં આવતી 'શ્રમિક અન્નપૂર્ણા યોજના' હેઠળના ભોજન વિતરણ કેન્દ્રોના સંચાલનની નવી જવાબદારી હવે પ્રાથમિક શિક્ષકોના માથે થોપી દેવામાં આવી છે. આ વ્યવસ્થા હેઠળ શિક્ષકોને કેન્દ્રોના નોડલ ઓફિસર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. વર્ગખંડમાં વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવવાને બદલે શિક્ષકોએ હવે શ્રમિકોને નિયમિત ભોજન મળે છે કે નહીં તેની દેખરેખ અને વ્યવસ્થા સંભાળવી પડશે.

શિક્ષકો લાંબા સમયથી શિક્ષણ સિવાયની વિવિધ કામગીરીઓમાં અટવાયેલા છે. શિક્ષણ વિભાગ અને અન્ય સરકારી વિભાગો દ્વારા સતત ઓનલાઈન પોર્ટલ



અને ડેટા એન્ટ્રીના કામો સોંપવામાં આવે છે, જેના કારણે તેમનો મોટાભાગનો સમય વહીવટી કાગળો તૈયાર કરવામાં જ ખર્ચાય છે.એક તરફ સરકારી શાળાઓમાં પહેલેથી જ શિક્ષકોની ઘટ પ્રવર્તી રહી છે, ત્યારે બીજી તરફ ઉપલબ્ધ શિક્ષકોને આવા બિન-શૈક્ષણિક કામોમાં જોતરી દેવાતા શિક્ષણનું સ્તર સતત કથળી રહ્યું છે.

સરકારી પ્રાથમિક શાળાઓમાં મોટાભાગે ગરીબ અને સામાન્ય પરિવારોમાંથી આવતા બાળકો અભ્યાસ કરે છે. જો શિક્ષકો જ કાગળો, સર્વે અને ભોજન વિતરણના સંચાલનમાં વ્યસ્ત રહેશે, તો આ બાળકોને ગુણવત્તાસભર શિક્ષણ કોણ આપશે તેવો ગંભીર પ્રશ્ન શિક્ષણવિદો અને વાલીઓમાં ઉઠી રહ્યો છે. શિક્ષકનું પ્રાથમિક અને નૈતિક કર્તવ્ય વર્ગખંડમાં બાળકોને ઉત્તમ જ્ઞાન પૂરું પાડી દેશનું ભાવી ઘડવાનું છે. પરંતુ વારંવાર લાદવામાં આવતા બિન-શૈક્ષણિક ભારણને લીધે શિક્ષકો શિક્ષણકાર્યથી દૂર ધકેલાઈ રહ્યા છે.

ચોરે છોકરીના ગળામાંથી ચેઇન ઝપટી લીધી, પણ તેનું પોપટ થઈ ગયું



રસ્તામાં જતી વખતે કોઈ અચાનક તમારા ગળામાં હાથ નાખીને ચેઇન છીનવી લે તો સ્વાભાવિકપણે વ્યક્તિ જોરથી ચિલ્લાય કે તેની પાછળ દોડીને તેને રોકવાની કોશિશ કરે. જોકે સોશ્યલ મીડિયા પર એક ચોરનું પોપટ થતું જોવા મળ્યું હતું. એક છોકરી કોઈ કાઉન્ટર પરથી કશુંક ખરીદી રહી છે ત્યારે એક માણસ શાંતિથી તેની પાછળ આવીને ઊભો રહે છે અને પછી સિફતપૂર્વક પાછળથી ચેઇન ખેંચીને ભાગી જાય છે. સ્વાભાવિક પ્રતિક્રિયા તરીકે પેલી છોકરી પાછળ ફરીને જુએ છે અને તેને અહેસાસ થાય છે કે તેના ગળામાંથી કંઈક ચોરાયું. જોકે બીજી જ મિનિટે તે જોરજોરથી હસવા લાગે છે કેમ કે પેલો ચોર લઈ ગયો એ અસલી સોનાની ચેઈન નહોતી.

ગાયને બચાવવા જતાં સરસવનું તેલ ભરેલું ટૅન્કર પલટાયું, લોકોને લૂંટવામાં મજા પડી ગઈ



રાજસ્થાનના અલવર-જયપુર રોડ પર એક ટર્નિંગ પૉઇન્ટ પાસે અચાનક ગાય આવેલી જોઈને વેગમાં જતા તેલના ટૅન્કરે પલટી ખાઈ લીધી હતી. ટૅન્કર નમી પડતાં એમાંથી તેલ વહેવા લાગ્યું હતું. આ રોડ ગામની નજીક હતો અને તેલની નદી વહેતી જોઈને ગામલોકોને મજા પડી ગઈ. બાલદી, ડબ્બો, કૅન અને હાથમાં જે વાસણ આવ્યું એ લઈને લોકો તેલ લૂંટવા પહોંચી ગયા. પોલીસે ટૅન્કરને ક્રેનની મદદથી સીધું કરાવ્યું ત્યાં સુધીમાં અડધોઅડધ તેલ બરબાદ થઈ ચૂક્યું હતું.

75 વર્ષના વડીલ સાથે 30 વર્ષની છોકરી પડી પ્રેમમાં, પીઠી ચોળીને અને મેંદીની રસમ સાથે લગ્ન થયાં



ઉત્તર પ્રદેશના ઓરૈયા જિલ્લામાં ૭૫ વર્ષના રામસુગુર અને ૩૦ વર્ષની ઇન્સ્ટાગ્રામ ઇન્ફ્લુઅન્સર રાની રાજપૂતની પ્રેમકહાણી અનોખી છે. રાની ઘણાં વર્ષોથી રામસુગુરની દીકરીની દોસ્ત હોવાથી તેમના ઘરમાં આવ-જા કરતી રહેતી હતી. બન્ને વચ્ચે ઉંમરમાં ૪૫ વર્ષનો તફાવત હોવા છતાં રાનીનું દિલ રામસુગુર પર આવી ગયું. રાનીનું કહેવું છે કે બહેનપણીના ઘરે આવતાં-જતાં મને રામસુગુર સાથે લગાવ થઈ ગયો અને તેમને પણ મારા માટે પ્રેમ હતો એવી મને ખબર પડી એટલે અમે સગાઈ કરવાનું નક્કી કર્યું. છેલ્લાં બે વર્ષથી તેમની વચ્ચે પ્રેમ હતો અને સગાઈ કરીને તેમણે એકબીજાનું મન ચકાસવા માટે ખાસ્સો સમય પણ જવા દીધો. હવે બન્નેનું મન પાકું થઈ જતાં લગ્ન લેવાયાં છે. આ લગ્ન પણ કંઈ માત્ર હારતોરા પહેરાવીને પૂરાં કરી દેવાય એવાં નથી. કન્યાએ તો ઠીક વરીલે પણ પીઠી ચોળી હતી અને મેંદીની રસમ ધામધૂમથી કરવામાં આવી હતી. રાની ઇન્સ્ટાગ્રામ પર રીલ્સ બનાવે છે અને લગ્નની તમામ વિધિઓ પણ સોશ્યલ મીડિયા પર મૂકી રહી છે.

ટ્રમ્પે પ્રતિબંધ ઉઠાવ્યા તો ભારતે ડિઝલ નિકાસનો વિન્ડફોલ ટેક્ષ ઘટાડયો

અમેરિકી વિદેશ મંત્રી માર્કો રૂબિયો ડિઝલ ખરીદવા ભારત આવે છે!

દિલ્હીને બદલે મુંબઈની સાથે જામનગરની મુલાકાત સૂચક : અગાઉ રિલાયન્સ પણ અમેરિકામાં રિફાઈનરી સ્થાપશે તેવી ટ્રમ્પે જાહેરાત કરી હતી, વેનેઝુએલા સહિતના અનેક ગ્રેડના ક્રુડતેલનું પ્રોસેસીંગ કરવા જામનગર રિફાઈનરી સક્ષમ : અમેરિકા માટે મોટા પાયે ડિઝલ નિકાસ કરી શકે



નવી દિલ્હી : અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અચાનક જ ભારત પર મહેરબાન થવા લાગ્યા છે તેની પાછળનું રહસ્ય બહાર આવ્યું છે અને અમેરિકાના વિદેશમંત્રી માર્કો રૂબીયો ભારતની મુલાકાતે આવી રહ્યા છે. ત્યારે તેઓ દિલ્હી પહોંચવાના બદલે મુંબઈ અને જામનગરની મુલાકાત લેશે પણ તેમની મુલાકાત પાછળ હવે અમેરિકાની ડિઝલની જરૂરિયાત ખુલી થઈ ગઈ છે. રશિયા પર પ્રતિબંધ હટાવીને પ્રમુખ ટ્રમ્પે દુનિયામાં ક્રુડ ઓઈલ પરનું દબાણ ઘટે તે જોયુ છે.

સાથોસાથ તેઓ રશિયા પાસેથી પણ ડિઝલ ખરીદવાનો કરાર કરી રહ્યા છે તો અમેરિકાના વિદેશમંત્રી માર્કો રૂબીયો દીલ્હીને બદલે મુંબઈ અને જામનગર આવીને ભારત હવે અમેરિકાને પણ ડિઝલ પુરુ પાડે તે નિશ્ચિત કરવા જઈ રહ્યા છે.

તેઓ મુંબઈમાં વિદેશ મંત્રી એસ.જયશંકર સાથે વાતચીત કરશે અને આ મુલાકાત એ કોઈ ડિપ્લોમેટીક નહી પણ બિઝનેસ ડિપ્લોમસી હોવાનું માનવામાં આવે છે. મુંબઈમાં તેઓએ અનેક મુલાકાતો ગોઠવી છે તેમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના વડા મુકેશ અંબાણીને પણ મળશે તેવા સંકેત છે ત્યારબાદ તેઓ જામનગર આવશે. અહી રિલાયન્સ રિફાઈનરીની પણ મુલાકાત લેશે અને અહી મહત્વની ચર્ચા થઈ રહી છે.

એટલું જ નહી થોડા સમય પહેલા ડોનાલ્ડ ટ્રમ્પે જાહેર કર્યુ હતું કે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ અમેરિકામાં રિફાઈનરી ખોલવા જઈ રહી છે. આમ રિલાયન્સની મુલાકાત એ માર્કો રૂબિયોની ભારત મુલાકાતના કેન્દ્રમાં છે અને ભારત જે રીતે ક્રુડતેલનું રિફાઈનીંગ કરે છે અને ખાસ કરીને જામનગરની રિફાઈનરી એ દુનિયામાં સૌથી મોટી રિફાઈનરી છે જે રશિયા અને વેનેઝુએલા બંનેના ક્રુડતેલને રિફાઈન્ડ કરવાની ક્ષમતા ધરાવે છે.

અમેરિકાએ જે રીતે વેનેઝુએલાના ક્રુડતેલ પર કબ્જો કર્યો છે તે ભારતમાં નિકાસ કરીને ડિઝલ અને અન્ય પેટ્રો ઉત્પાદનો મેળવે તેવા સંકેત છે જેમાં રિલાયન્સ મહત્વની ભૂમિકા ભજવશે. અમેરિકામાં ડિઝલના ભાવ અત્યાર સુધીમાં સૌથી ઉંચા 6.529 ડોલર પ્રતિ ગેલન થયા છે અને અમેરિકામાં ટ્રમ્પની ગેસ અને ડિઝલ નીતિ સામે જબરો આક્રોશ છે. ટ્રમ્પે હાલમાં જ રશિયા અને યુક્રેન વચ્ચે એનર્જી યુદ્ધ વિરામ થયાની જાહેરાત કરી હતી..

તેનો હેતુ પણ રશિયા કે જે દુનિયાનું સૌથી મોટુ ક્રુડ ઓઈલ ઉત્પાદક છે અને પેટ્રોલિયમ પેદાશોની નિકાસમાં પણ પ્રથમ ક્રમે છે તેની રિફાઈનરીઓને કોઈ વધુ હાની ન પહોંચે તે ટ્રમ્પ જોવા માંગે છે અને તેથી જ તેઓએ ભારત પરના પ્રતિબંધ પણ ઉઠાવી લીધા છે.

રિલાયન્સ રિફાઈનરી રોજના 14 લાખ બેરલ ક્રુડતેલ પ્રોસેસીંગની ક્ષમતા ધરાવે છે અને અનેક ગ્રેડના ક્રુડતેલ પ્રોસેસ કરી શકે છે. તેના કારણે અમેરિકા માટે સરળ થઈ શકે તેમ છે. રિલાયન્સે હાલમાં જ યુરોપ અને બ્રાઝીલમાં મોટાપાયે ક્રુડતેલ નિકાસ કર્યુ છે. આમ ભારત માટે સરળતા બની રહી છે. બીજી તરફ હાલમાં જ સરકારે ડિઝલની નિકાસ પરના વિન્ડફોલ ટેકસમાં પણ ઘટાડો કર્યો તે સૂચક છે. જેથી અમેરિકામાં ડિઝલની નિકાસ એ વધુ ઓછા ભાવે થઈ શકશે. આમ અમેરિકા સાહસ માટે સમાધાન કરવા તૈયાર થઈ ગયું છે.

હુથીના સાઉદી પર હુમલા, યુક્રેનના રશિયાની રિફાઈનરી પર હુમલા ચાલુ

ક્રુડતેલનો પુરવઠો ખોરવાવાની ધારણા : બ્રેન્ટ ક્રુડ 110 ડોલરની સપાટીએ


મે માસ બાદના સૌથી ઉંચા ભાવ : તા.3ના અમેરિકાની સંસદની ચુંટણી બાદ ગલ્ફમાં પણ યુદ્ધ ફરી ભડકે તેવો ભય : અમેરિકા સહિતના દેશો ડિઝલના ખરીદદાર બનતા સ્થિતિ તંગ



લંડન : ઈરાન તથા યુક્રેન યુદ્ધના કારણે દુનિયામાં ઉર્જા કટોકટી વધી રહી છે અને અમેરિકા-યુરોપ સહિતના દેશો ડિઝલની મોટી તંગી સહન કરી રહ્યા છે તે વચ્ચે પુરવઠાની સ્થિતિ અનિશ્ચિત હોવાથી ક્રુડતેલનો ભાવ મે મહિના બાદ પ્રથમ વખત 110 ડોલર પ્રતિ બેરલ સુધી પહોંચી ગયો છે. હવે અમેરિકા પણ ડિઝલ ખરીદાર તરીકે બહાર આવ્યું છે

યુરોપ તથા બ્રાઝીલ સહિતના દેશો પણ ડિઝલની માંગ કરી રહ્યા છે. ખુદ રશિયાએ હમણા સુધી ભારતમાંથી ડિઝલ ખરીદ્યુ હતું. આમ રિફાઈનરીની ઘટેલી ક્ષમતા અને ક્રુડતેલની સપ્લાય જાળવી શકાશે કે કેમ તે અનિશ્ચિતતાએ બ્રેન્ટ ક્રુડનો ભાવ 110 ડોલર સુધી પહોંચાડી દીધો છે. ખાસ કરીને હુથી સંગઠન જે રીતે સાઉદી અરેબીયા પર હુમલા કરી રહ્યું છે અને તેની રિફાઈનરીઓને નુકશાન પહોંચાડી રહ્યું છે. બીજી તરફ ટ્રમ્પે એનર્જી યુદ્ધ વિરામ જાહેર કર્યુ તે યુક્રેનને સ્વીકાર્ય નથી અને ખાસ કરીને અમેરિકાએ રશિયા પાસેથી ડિઝલ ખરીદવાની જે જાહેરાત કરી છે તેનાથી પણ યુક્રેન નારાજ છે અને તેને રશિયાની રિફાઈનરીઓ પર હુમલા ચાલુ રાખ્યા છે. આમ પર્સીયન ગલ્ફથી લઈ અન્ય તમામ જહાજી માર્ગો પર જોખમભર્યા બન્યા છે. અમેરિકામાં તા.3 નવેમ્બરે સંસદની ચુંટણી પુરી થયા બાદ ટ્રમ્પ ફરી એક વખત ઈરાન પર મોટા હુમલા કરશે અને ગલ્ફ કટોકટી વધુ વકરે તેવી શકયતા છે તે વચ્ચે ક્રુડતેલના ભાવમાં નવી ઉંચી સપાટી જોવા મળી છે.

રામલીલા મેદાનમાં તૈયાર થયો બાવીસ માળ ઊંચો 221 ફુટનો રાવણ, રિમોટ દ્વારા થશે રાવણદહન




વિજયાદશમીની તૈયારીઓ દિલ્હીમાં પુરજોશમાં ચાલી રહી છે. આ વખતે દિલ્હીના રામલીલા મેદાનમાં રાવણદહન કરવા માટે ૨૨૧ ફુટ ઊંચા દશાનનનું પૂતળું તૈયાર કરવામાં આવ્યું છે. એની ઊંચાઈ ૨૨૧ ફુટ છે જે લગભગ બાવીસ માળ બરાબર ઊંચાઈ ગણાય. રાવણની સાથે અહીં મેઘનાદ અને કુંભકર્ણનાં પણ વિશાળ પૂતળાં બનાવવામાં આવ્યાં છે. એની ઊંચાઈ ૯૦-૯૦ ફુટની છે. છેલ્લા ત્રણ મહિનાથી આ પૂતળાં બનાવવાની તૈયારી ચાલી રહી હતી. આયોજકોનો દાવો છે કે આ વર્ષનો રાવણ દુનિયાનો સૌથી ઊંચો રાવણ હશે. ચંડીગઢથી આવેલા ખાસ ૧૨૦ નિષ્ણાત કારીગરોએ પૂતળું બનાવવા માટે રાતદિવસ એક કર્યાં હતાં. આ ત્રણેય પૂતળાં સ્થિર રહી શકે એ માટે એમાં ૭ ટન લોખંડ વાપરવામાં આવ્યું છે અને એનો પાયો દસ ફુટ ઊંડો ખોદવામાં આવ્યો છે. રાવણના માથે પહેરાવવાનો મુગટ પણ ખાસ છે. પૂતળાં પર પહેરાવવાનાં કપડાં વૉટરપ્રૂફ વેલ્વેટથી બન્યાં છે. માત્ર મુગટની જ હાઇટ પચીસ ફુટની છે. આ જાયન્ટ રાવણ બનાવવામાં લગભગ ૪૦ લાખ રૂપિયાનો ખર્ચ થયો છે. જાયન્ટ રાવણનું દહન કરવા માટે પણ વિશેષ સેફ્ટી સાથેની વ્યવસ્થા કરવામાં આવી છે. એમાં ગ્રીન ફટાકડા ગોઠવવામાં આવ્યા છે. એનું દહન રિમોટ કન્ટ્રોલથી કરવામાં આવશે.

11 મહિનાથી રોજ લાત ખાતા આ પથ્થરના પણ છે 80,000 ફૉલોઅર્સ



ઈન્સ્ટાગ્રામ પર મૂલચંદજી નામનો એક પથ્થર સોશ્યલ મીડિયાનો સ્ટાર બની ગયો છે. કોઈ પથ્થર કઈ રીતે ફેમસ બને? ઇન્ટરનેટના જમાનામાં બધું જ થાય. જો પોતાના પેટ ડૉગ કે પેટ કૅટનું ઈન્સ્ટાગ્રામ અકાઉન્ટ બનાવી શકાય તો પોતાને ગમતા પથ્થરનું કેમ નહીં? બસ, એક ભાઈએ ૧૧ મહિના પહેલાં એક પથ્થરનું ઈન્સ્ટાગ્રામ અકાઉન્ટ બનાવ્યું હતું અને રોજ એ પથ્થરની જર્ની રેકૉર્ડ કરી હતી. આ ભાઈ રોજ આ પથ્થર લઈને ચાલવા જતા અને તેને ઠોકર મારીને આગળ ધકેલતા રહેતા. ઠોકરો ખાઈ-ખાઈને પથ્થરની સિકલ પણ બદલાઈ ગઈ હતી. આ અકાઉન્ટ બનાવનાર ભાઈનો ટાર્ગેટ છે કે પથ્થરને ઠેબે ચડાવીને એને ગોળ આકાર આપવો. જ્યારે આ અકાઉન્ટ શરૂ થયું ત્યારે પથ્થરનું વજન હતું ૧૬૧૫ ગ્રામ, હવે એ રહ્યું છે માત્ર ૩૬૯ ગ્રામ. ૧૧ મહિનાથી એને રોજ ઠેબે ચડાવીને એનો શેપ બદલવાની કોશિશ કરવામાં કેટલી સફળતા મળી છે એ રીલમાં શૅર કરવામાં આવે છે. એ પથ્થરને એક અલગ ઓળખ આપવા માટે એનું નામ મૂલચંદજી પાડવામાં આવ્યું છે. stonejourney23 નામના અકાઉન્ટ પર મૂલચંદજીની સફર બતાવનાર ભાઈનું કહેવું છે કે ૧૧ મહિનામાં પથ્થરને ઠોકર મારવામાં તેનાં ૭ જોડી જૂતાં ખરાબ થઈ ગયાં છે. નવાઈની વાત એ છે કે ૧૧ મહિનામાં એક પણ વાર આ ભાઈએ રીલમાં પોતાનો ચહેરો નથી બતાવ્યો. માત્ર આ પથ્થરને જોવા માટે જ આ અકાઉન્ટનાં ૮૦,૦૦૦ ફૉલોઅર્સ બની ગયા છે.

UAEના રૉયલ પરિવારની પુત્રવધૂ લંડનના રસ્તા પર નશાની હાલતમાં મળી, બાળક રસ્તા પર રમતું રહ્યું



અબુ ધાબીના રાજવી પરિવાર સાથે સંબંધ ધરાવતી ૩૨ વર્ષીય મહિલા, મહરાહ અલ નાહયાનને લંડનમાં બાળકની સંભાળ લેવામાં બેદરકારી (child neglect) કરવા બદલ સજા સંભળાવવામાં આવી છે. ચાર મહિના પહેલાં, તે પશ્ચિમ લંડનના એક રસ્તા પર બેભાન અવસ્થામાં મળી આવી હતી, જ્યારે તેનું ત્રણ વર્ષનું બાળક નજીકમાં જ ખુલ્લા પગે સ્કૂટર પર રમી રહ્યું હતું. આ બાળક વ્યસ્ત રસ્તા પર દોડતા વાહનોની ખૂબ નજીક હતું. મહરાહે કોર્ટમાં બાળકની સંભાળ લેવામાં બેદરકારીકરવાના આરોપને સ્વીકારી લીધો હતો.

લોન પર નભતું પાકિસ્તાન હવે ધિરાણ આપતા આઇએમએફનું અધ્યક્ષ બનશે!

1953 પછી પહેલીવાર પાકિસ્તાનને મળવા જઈ રહી છે આ મહત્વપૂર્ણ જવાબદારી : બેંગકોકની IMF - વર્લ્ડ બેંકની વાર્ષિક બેઠકમાં નિર્ણય



નવી દિલ્હી : જે દેશને પોતાની રોજબરોજની આર્થિક જરૂરિયાતો અને નાણાકીય સંકટમાંથી બહાર નીકળવા માટે IMF (આંતરરાષ્ટ્રીય મુદ્રા ભંડોળ) પાસે હાથ લંબાવવો પડે છે અને મદદના આગામી હપ્તાની આતુરતાથી રાહ જોવી પડે છે, એ જ પાકિસ્તાન હવે આ વૈશ્વિક નાણાકીય સંસ્થાના બોર્ડ ઓફ ગવર્નર્સની અધ્યક્ષતા કરશે.

વિદેશી લોન, સઉદી અરેબિયાની મદદ અને અમેરિકી ડોલર પર નભતા પાકિસ્તાનને વર્ષ 2027 માટે IMF અને વિશ્વ બેંક સમૂહ (WBG) ના બોર્ડ ઓફ ગવર્નર્સના આગામી અધ્યક્ષ તરીકે નોમિનેટ કરવામાં આવ્યું છે. વર્ષ 1953 પછી પ્રથમ વખત પાકિસ્તાનને આંતરરાષ્ટ્રીય સ્તરે આટલી મોટી અને મહત્વપૂર્ણ જવાબદારી સોંપવામાં આવી રહી છે, જે વૈશ્વિક રાજનીતિમાં પણ ચર્ચાનો વિષય બની છે.

બેંગકોકમાં આયોજિત IMF-વર્લ્ડ બેંકની વાર્ષિક બેઠક દરમિયાન પાકિસ્તાનના આર્થિક બાબતોના મંત્રી અહદ ખાન ચીમાને સત્તાવાર રીતે આગામી અધ્યક્ષ તરીકે જાહેર કરવામાં આવ્યા હતા. આ ખાસ બેઠકમાં વિશ્વભરના 191 દેશોના 15,000થી વધુ પ્રતિનિધિઓ અને નાણાકીય નિષ્ણાતોએ ભાગ લીધો હતો. પાકિસ્તાન સરકારે આ ઘટનાક્રમને પોતાના દેશ માટે એક ઐતિહાસિક સિદ્ધિ ગણાવી છે.

આ અધ્યક્ષતાથી પાકિસ્તાનને વૈશ્વિક અર્થતંત્ર, નાણાકીય સ્થિરતા અને વિકાસ સંબંધિત મહત્વપૂર્ણ ચર્ચાઓમાં પોતાનું યોગદાન આપવાનો તેમજ સભ્ય દેશો વચ્ચે રચનાત્મક સંવાદ વધારવાનો મોટો મોકો મળશે.

જોકે, આંતરરાષ્ટ્રીય સ્તરે આ ઘટનાક્રમ ખૂબ જ રસપ્રદ અને આશ્ચર્યજનક છે, કારણ કે પાકિસ્તાન પોતે હાલમાં IMFના 7 અબજ ડોલરના 'એક્સ્ટેન્ડેડ ફંડ ફેસિલિટી' (EFF) પ્રોગ્રામ હેઠળ ભારે દેવું લઈ રહ્યું છે. દેશની કંગાળ આર્થિક સ્થિતિ અને વિદેશી મુદ્રા ભંડારની કટોકટીને પહોંચી વળવા માટે આ લોન ખૂબ જ જરૂરી બની ગઈ છે.

આ ઉપરાંત, વાતાવરણમાં આવી રહેલા ફેરફારો અને આબોહવાકીય જોખમો સામે લડવાના નામે 1.4 અબજ ડોલરના 'રેઝિલિયન્સ એન્ડ સસ્ટેનેબિલિટી ફેસિલિટી' (RSF) હેઠળ પણ નાણાકીય સહાય મેળવી રહ્યું છે, અને ટૂંક સમયમાં જ IMFના કારોબારી બોર્ડની મંજૂરી બાદ વધુ 1.2 અબજ ડોલરનો નવો હપ્તો મળે તેવી પણ શક્યતા છે. જોકે, આર્થિક નિષ્ણાતોનું સ્પષ્ટપણે માનવું છે કે IMF કે વર્લ્ડ બેંકના બોર્ડની અધ્યક્ષતા મળવાનો અર્થ એવો બિલકુલ નથી કે પાકિસ્તાનને આ સંસ્થાઓના ખજાનાની ચાવી કે મનસ્વી નિર્ણયો લેવાની સત્તા મળી ગઈ છે.

આ પદ મુખ્યત્વે એક ઔપચારિક અને સંચાલન સ્તરનું પદ છે, જેનાથી દેશ પોતાની છબી સુધારવાનો પ્રયાસ ચોક્કસપણે કરી શકે છે. પરંતુ આ પદ મળવાથી પાકિસ્તાનની પોતાની વાસ્તવિક આર્થિક સ્થિતિ બદલાઈ જવાની નથી. દેશ સામે ઊભા થયેલા આર્થિક પડકારો તો પહેલાની જેમ જ યથાવત રહેશે.

ચેરિટી માટે 70 લાખમાં કિડની સ્ટોનની હરાજી કરવામાં આવી




કેલિફોર્નિયા : હોલીવુડ અભિનેતા વિલિયમ શેટનરે પોતાની કિડનીની પથરીની હરાજી કરવાનો એક અનોખો કિસ્સો શેર કર્યો છે. તેમણે જણાવ્યું કે પથરીની સારવાર થયાં પછી એક કેનેડિયન કંપનીએ તેમનો સંપર્ક કર્યો હતો. કાનૂની પ્રતિબંધોના કારણે કંપની જાહેરાત કરી શકતી ન હતી, તેથી પ્રચાર માટે તેમણે શેટનર સમક્ષ તેમનો કિડની સ્ટોન ખરીદવાનો પ્રસ્તાવ મૂક્યો. ડોક્ટર પાસેથી પથરી પરત લઈને શેટનરે કંપનીને આપી દીધી, જેને કંપનીએ 75,000 ડોલર (લગભગ 70 લાખ રૂપિયા) માં હરાજી કરી દીધી.

ખુઝદાર નજીક હતું કેન્દ્ર ; ભારત સુધી અનુભવાયા હળવા આંચકા ; કોઈ જાનહાનિના નહિ

પાકિસ્તાનનાં બલૂચિસ્તાનમાં 5.8ની તીવ્રતાનો ભૂકંપ : લોકોમાં ફફડાટ

બલુચિસ્તાન : પાકિસ્તાનમાં આજે સવારે ધરતી ધ્રૂજી ઉઠતાં લોકો ભયભીત થઈ ગયા હતા. નેશનલ સેન્ટર ફોર સીસ્મોલોજી (NCS) મુજબ, રિક્ટર સ્કેલ પર આ ભૂકંપની તીવ્રતા 5.8 નોંધવામાં આવી હતી. આ ભૂકંપના કારણે પાકિસ્તાનની સાથે-સાથે ભારતનાં પણ કેટલાક સંવેદનશીલ શહેરોમાં ખૂબ જ હળવા આંચકા અનુભવાયા હતા. ધરતીના આ અચાનક ધ્રૂજારીથી સામાન્ય જનજીવન થોડીવાર માટે સ્તબ્ધ થઈ ગયું હતું. આ ભૂકંપનું કેન્દ્ર મધ્ય બલૂચિસ્તાનના ખુઝદાર શહેરથી પશ્ચિમ-ઉત્તર-પશ્ચિમ દિશામાં અંદાજે 48 કિલોમીટર દૂર જમીનથી 10 થી 15 કિલોમીટર નીચે ઊંડાણમાં સ્થિત હતું. સવારે 10 વાગીને 37 મિનિટે લોકોએ આ તીવ્ર આંચકા અનુભવ્યા હતા. અચાનક ધરતી હલી જવાથી ગભરાઈ ગયેલા લોકો પોતાના ઘરો અને ઓફિસોમાંથી બહાર નીકળીને સુરક્ષિત ખુલ્લા વિસ્તારો તરફ દોડી ગયા હતા. આપાતકાલીન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સ્થાનિક વહીવટી તંત્ર પણ તાત્કાલિક હરકતમાં આવી ગયું હતું. ભૂકંપના આ આંચકાને કારણે સમગ્ર વિસ્તારમાં દહેશત અને ડરનું વાતાવરણ છવાઈ ગયું હતું. સદભાગ્યે, હાલ સુધી આ કુદરતી આપત્તિમાં કોઈપણ પ્રકારના મોટા નુકસાન કે



જાનહાનિના સમાચાર સામે આવ્યા નથી. ઉલ્લેખનીય છે કે પાકિસ્તાન અને તેની આસપાસના ક્ષેત્રોમાં છેલ્લા કેટલાક સમયથી અવારનવાર ભૂકંપના આંચકા નોંધાઈ રહ્યાં છે, જેના કારણે વૈજ્ઞાનિકો પણ સતત મોનિટરિંગ કરી રહ્યાં છે.

મોહમ્મદ શમી, રવીન્દ્ર જાડેજા, યુઝવેન્દ્ર ચહલ અને ભુવનેશ્વર કુમારના વર્લ્ડ કપ રમવાના સપના પર પ્રશ્નાર્થ

વર્લ્ડ કપ 2027 પહેલાં ભારતના 4 દિગ્ગજ ખેલાડીઓની કારકિર્દી પર સવાલ! ન્યૂઝીલેન્ડ પ્રવાસ માટે પસંદગી ન થતાં ભવિષ્ય અનિશ્ચિત



BCCIની ટીમ પસંદગીએ અનુભવી ખેલાડીઓના ભવિષ્ય અંગે ચર્ચા જગાવી; 2027ના વન-ડે વર્લ્ડ કપ માટે સ્થાન મેળવવાનો પડકાર વધ્યો

નવી દિલ્હી: ભારતીય ક્રિકેટ ટીમના આગામી ન્યૂઝીલેન્ડ પ્રવાસ માટેની ટીમની જાહેરાત બાદ ચાર અનુભવી ખેલાડીઓના ભવિષ્ય અંગે ચર્ચા શરૂ થઈ છે. 2027માં યોજાનારા વન-ડે વર્લ્ડ કપને હવે વધુ સમય બાકી નથી ત્યારે મોહમ્મદ શમી, રવીન્દ્ર જાડેજા, યુઝવેન્દ્ર ચહલ અને ભુવનેશ્વર કુમાર જેવા ખેલાડીઓની ટીમમાં પસંદગી અંગે સવાલો ઊભા થયા છે. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) દ્વારા તાજેતરમાં જાહેર કરાયેલી ટેસ્ટ અને વન-ડે ટીમમાં આ ખેલાડીઓને સ્થાન મળ્યું નથી અથવા તેમની પસંદગી અંગે અનિશ્ચિતતા છે.

1. મોહમ્મદ શમી: ટીમમાં વાપસીની રાહ

મોહમ્મદ શમી વન-ડે વર્લ્ડ કપના ઇતિહાસમાં ભારત તરફથી સૌથી વધુ વિકેટ લેનારા બોલર છે. તેમણે વર્લ્ડ કપમાં કુલ 55 વિકેટ ઝડપી છે. જોકે, ન્યૂઝીલેન્ડ પ્રવાસ માટેની ટીમમાં તેમનો સમાવેશ ન થતાં તેમની 2027ના વર્લ્ડ કપમાં રમવાની શક્યતાઓ અંગે ચર્ચા શરૂ થઈ છે.

શમીએ રણજી ટ્રોફીની શરૂઆતની મેચમાં પાંચ વિકેટ ઝડપી હોવા છતાં તેમને ભારતીય ટીમમાં સ્થાન મળ્યું નથી. તેમણે છેલ્લે 2025માં ચેમ્પિયન્સ ટ્રોફીની ફાઇનલમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું. હવે રાષ્ટ્રીય ટીમમાં વાપસી કરવા માટે તેમણે પોતાની ક્ષમતા ફરી સાબિત કરવી પડશે.

2. રવીન્દ્ર જાડેજા: ઓલરાઉન્ડરની જગ્યા માટે સ્પર્ધા વધી

રવીન્દ્ર જાડેજાને વેસ્ટ ઇન્ડિઝ સામેની વન-ડે શ્રેણી માટે ભારતીય ટીમમાં સ્થાન મળ્યું હતું. તેનાથી 2027ના વન-ડે વર્લ્ડ કપમાં રમવાની તેમની આશા જીવંત હોવાનું માનવામાં આવતું હતું. જોકે, ન્યૂઝીલેન્ડ પ્રવાસ માટેની વન-ડે ટીમમાં તેમનો સમાવેશ ન થતાં ચર્ચા શરૂ થઈ છે.

બીજી તરફ, નમન ધીર જેવા સ્પિન બોલિંગ કરી શકતા ઓલરાઉન્ડરના ઉદયથી ટીમમાં સ્થાન મેળવવાની સ્પર્ધા વધી છે. જાડેજાના અનુભવ અને ઓલરાઉન્ડર તરીકેની ક્ષમતાને ધ્યાનમાં રાખીને તેમની પસંદગીની શક્યતા સંપૂર્ણપણે નકારી શકાય નહીં, પરંતુ આગામી સમયમાં તેમનું પ્રદર્શન મહત્ત્વપૂર્ણ રહેશે.

3. યુઝવેન્દ્ર ચહલ: વ્હાઇટ બોલ ક્રિકેટમાં વાપસી મુશ્કેલ?

યુઝવેન્દ્ર ચહલે તાજેતરમાં ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરી હતી. જોકે, તેમણે ભારતની વન-ડે અને ટી-20 ટીમમાં વાપસીની શક્યતા ખુલ્લી રાખી છે.ચહલે ભારત તરફથી છેલ્લી આંતરરાષ્ટ્રીય મેચ 2023માં રમી હતી. લાંબા સમયથી ભારતીય ટીમની બહાર હોવાને કારણે 2027ના વન-ડે વર્લ્ડ કપ અથવા 2028ના ટી-20 વર્લ્ડ કપમાં સ્થાન મેળવવું તેમના માટે પડકારજનક બની શકે છે.

4. ભુવનેશ્વર કુમાર: ટી-20માં તક, વન-ડે વર્લ્ડ કપ અંગે અનિશ્ચિતતા

36 વર્ષીય ભુવનેશ્વર કુમારને ભારતના ટી-20 સેટઅપમાં ફરી સ્થાન મળ્યું છે. વેસ્ટ ઇન્ડિઝ સામેની પાંચમી ટી-20 મેચ માટેની ટીમમાં પણ તેમનો સમાવેશ થયો હતો. જો તેઓ સતત સારું પ્રદર્શન કરે તો 2028ના ટી-20 વર્લ્ડ કપમાં રમવાની તક મળી શકે છે.

જોકે, વન-ડે ટીમમાં સ્થાન ન મળતાં 50 ઓવરના વર્લ્ડ કપમાં ફરી રમવાની તેમની આશા અનિશ્ચિત બની છે. તેમની બોલિંગમાં સતત પ્રદર્શન અને ફિટનેસ આગામી પસંદગીમાં નિર્ણાયક સાબિત થઈ શકે છે.

કોફિનમાંથી 8 કલાક પછી જીવતી નીકળી ટીનેજર



ગ્વાટેમાલા : મધ્ય અમેરિકાના દેશ ગ્વાટેમાલામાં યુલિડી નામની એક ટીનેજરના અંતિમ સંસ્કાર થવા જઈ રહ્યા હતા ત્યારે અચાનક તે કોફિનમાંથી બેઠી થઈ ગઈ હતી. પરિવારજનો તેને મૃત સમજી બેઠા હતા અને તેને કોફિનમાં સુવાડી દીધી હતી.

વાત એમ છે કે યુલિડી તેના પપ્પા અબ્રાહમ સાથે હોસ્પિટલ જઈ રહી હતી, પરંતુ રસ્તામાં તેની તબિયત એટલી ખરાબ થઈ ગઈ કે તે બેહોશ થઈ ગઈ. હોસ્પિટલ પહોંચ્યા પછી નર્સે તેની નાડી અને શ્વાસ તપાસીને કહ્યું કે દીકરી મરી ગઈ છે.

પિતા તેને ઘરે લઈને આવ્યા અને મૃત દીકરીને કોફિનમાં સુવાડીને પ્રાર્થનાસભા યોજી. સગાંસંબંધીઓ આવ્યા અને પ્રાર્થનાસભા શરૂ થઈ ત્યારે ટીનેજર દીકરીના મૃત્યુ પર લોકો રોકકળ કરી રહ્યા હતા. એ જ વખતે કોફિન હલતું હોય એવું લાગતાં માએ કોફિન ખોલ્યું તો દીકરી આળસ મરડીને ઊભી થઈ હતી. છોકરીનું કહેવું હતું કે તેને છાતીમાં તીવ્ર દુખાવો થતાં તે બેહોશ થઈ ગઈ હતી અને પછી કેવી રીતે ભાનમાં આવી એ વિશે કંઈ જ યાદ નથી.

ઘુસણખોરોને ભરી પીવા ભારતીય સુરક્ષા દળો એલર્ટ : આતંકીઓ પાસે હાઈટેક ગિયર - ડ્રોન હોવાનો ખુલાસો

ભારતમાં ઘુસવા 500 આતંકીઓ તૈયાર : પીઓકેમાં ડ્રોન-મેપ લઈને છુપાયા : ગુપ્તચર ઈનપુટમાં ખુલાસો

શ્રીનગર : પાકિસ્તાનમાં પોતાના ઘરમાં આગ લાગી છે પરંતુ તે ભારતમાં આતંકીઓ ઘુસાડવાની તૈયારીમાં લાગ્યુ છે. તેણે 500 જેટલા આતંકી ટ્રેઈન્ડ કરીને પીઓકે લોન્ચપેડ પર તૈનાત કરી દીધા છે. તેમને ડ્રોન, નકશા અને સિયાચીનવાળા ગીયરથી મદદ મળી રહી છે.

આ આતંકી કોઈપણ સમયે ભારતની સીમામાં ઘુસણખોરી કરવાની રાહ જોઈ રહ્યા છે. જોકે ગુપ્તચર ઈનપુટ બાદ ભારતીય સેના પુરી રીતે એલર્ટ મોડમાં છે.લોન્ચ પેડની આસપાસ ઘણી ગતિવિધી જોવા મળી રહી છે. એટલે સેનાએ ઘુસણખોરી રોકવા માટે સખ્ત પગલા ઉઠાવ્યા છે.

ભારતીય સુરક્ષા દળોને મળેલી ગુપ્તચર જાણકારી મુજબ પાકિસ્તાનનો નાપાક પ્લાન આ આતંકીઓને શિયાળો શરૂ થાય તે પહેલા ભારતમાં ઘુસાડવાનો છે.જેથી આતંકીઓને બરફવર્ષા દરમ્યાન વધુ મુશ્કેલી ન પડે અને તે સરળતાથી પોતાના મનસુબાને અંજામ આપી શકે.

જોકે હાલમાં આતંકવાદી સમુહોને ઘુસણખોરી કરવી મુશ્કેલ થઈ રહી છે. કારણ કે ભારતીય સુરક્ષા દળ સીમા પર કડક વોચ રાખી રહી છે. ભારતીય ગુપ્તચર એજન્સીઓનાં અનુસાર પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (પીઓકે)માં લગભગ 500 આતંકવાદીઓ લોન્ચ પેડસ પર ઘુસવાની રાહ જોઈ રહ્યા છે.



ગુપ્તચર ઈનપુટ મુજબ આ આતંકવાદીઓને 3-4 નાના નાના સમુહમાં વહેંચી દેવામાં આવ્યા છે.જેથી ભારતીય સુરક્ષા દળોને તેમનો પતો લગાવવાનો ખતરો ઓછો રહે ભારતીય સુરક્ષા એજન્સીઓને જાણકારી મળી છે કે પાકિસ્તાની સેના આ આતંકવાદીઓને ઉંચાઈવાળા વિસ્તાર માટે ખાસ ગીયર આપ્યા છે. જેથી તેઓ બરફમાં પણ ઘુસણખોરી કરી શકે બીજી બાજુ કોઈપણ આતંકી ગતિવિધી રોકવા ભારતીય સેના પુરેપુરી એલર્ટ છે.

આખરે એલન મસ્કને જવાબ મળ્યો, ભારતીય કે વિદેશી દરેક ઓપરેટર માટે નિયમો સરખા છે : ગ્રાહકોને કોણ શ્રેષ્ઠ સેવા આપે તે જ કસોટી છે

સ્ટારલીંકનું સ્વાગત છે : અમો કદી સ્પર્ધાથી ડરતા નથી : રિલાયન્સ - જીઓનો ટંકાર



મુંબઈ: દેશમાં ટેલિકોમ ક્ષેત્રના બહારથી રિલાયન્સના ચેરમેન મુકેશ અંબાણીએ સ્ટારલીંકનો ભારત પ્રવેશ અટકાવ્યો છે તથા તે સ્પર્ધાથી ડરે છે તથા ભારતમાં ટેલિકોમ ક્ષેત્રમાં મોનોપોલી રાખવા માંગે છે તેવા સ્ટારલીંકના વડા એલન મસ્કના સતત આરોપનો આખરે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીએ જવાબ આપ્યો છે.

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે એક નિવેદનમાં એલન મસ્ક-સ્ટારલીંકનું ભારતમાં સ્વાગત છે. અમો કદી સ્પર્ધાથી ડરતા નથી. અમો સ્ટારલીંક સહિત સૌથી સ્પર્ધાનું સ્વાગત કરીએ છીએ.

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે જણાવ્યું કે, ભારતમાં તમામ ઓપરેટરો માટે દેશના કાનૂન અને નિયમન નિયમો એક સમાન છે અને તેનુ પાલન કરીને કામ કરવાનું રહેશે. કંપનીએ તેના નિવેદનમાં કહ્યું કે, જીયોની સેટેલાઈટ કોમ્યુનીકેશન સેવા રેગ્યુલેટરીની મંજુરીની રાહમાં છે.

કંપનીએ જણાવ્યું કે, ભારતીય કે વિદેશી કોઈપણ ઓપરેટર માટે પ્રક્રિયા એક સમાન છે અને સ્પર્ધાએ ગ્રાહકની સેવા કરવાનો એક જરૂરી હિસ્સો છે અને 2016માં અમોએ એક સ્પર્ધક તરીકે ટેલીકોમ સેવામાં પ્રવેશ કર્યો હતો અને રિલાયન્સે કદી સ્પર્ધા કરવાથી ડરવાનું શિખ્યુ નથી. અમો એ જ સાચી કસોટી માનીએ છીએ કે ગ્રાહકોની સાચી સેવા કોણ કરી શકે છે.

ધ્રુવ રાઠી બ્રિટન પહોંચી ગયા : હવે આજે લંડનમાં ‘વોટ-ચોરી’ દેખાવો




આંતરરાષ્ટ્રીય ડંકો વગાડવો જરૂરી બની ગયા છે : મહાત્મા ગાંધીની પ્રતિમા પાસે ધરણા

નવી દિલ્હી: મુખ્ય ચુંટણી કમિશનર જ્ઞાનેશકુમાર સામેના આંદોલનમાં સામેલ સેલીબ્રીટી યુ-ટયુબર ધ્રુવ રાઠી હવે લંડન પહોંચી ગયા છે તથા તેમાં આજે લંડનમાં પાર્લીયામેન્ટ સ્કવેરમાં મહાત્મા ગાંધીની પ્રતિમા પાસે વોટ ચોરી મુદે દેખાવો યોજશે. તેણે જાહેર કર્યુ કે હવે આ મુદે આંતરરાષ્ટ્રીય ધ્યાન ખેચવાની જરૂર પડશે. તેણે રાત્રીના સોશ્યલ મિડીયા પર એક પોસ્ટમાં તેઓ લંડન પહોંચી ગયાનો દાવો કર્યો અને અહી ભારતીયોને શનિવારે મહાત્મા ગાંધીની પ્રતિમા પાસે એકત્ર થવા અપીલ કરી છે. આ માટે સ્થાનિક સમય મુજબ બપોરે 12 વાગ્યે દેખાવો યોજવાની જાહેરાત કરી છે. તેણે પોતાની પોસ્ટમાં અંતે ‘જયહિન્દ’ લખ્યુ હતું. તેણે લખ્યું કે હવે આંતરરાષ્ટ્રીય સ્તરે ડંકો વગાડવાનો સમય આવી ગયો છે. હાલમાં તેઓ ભારત હતા તે સમયે દેખાવોમાં ભાગ લેવા બદલ અટકાયત થઈ હતી. જો કે બાદમાં મુક્ત કરાયા હતા અને તેઓ હવે ભારત છોડી ગયા છે. ધ્રુવ રાઠી જર્મનીમાં વસે છે.

હવે રાત્રે પણ મળશે સૂર્યનો પ્રકાશ!

ભારતીય કંપની અંતરિક્ષમાં મોકલશે મોટા અરીસાવાળા સેટેલાઈટ



વોશીંગ્ટન : સ્પેસ ટેકનીક સાથે જોડાયેલી અમેરિકી કંપની `રિફલેકટ ઓર્બીટલ’ રાત્રે ધરતીનાં પસંદગીના સ્થળો પર સુરજનો પ્રકાશ વેચવાની તૈયારીમાં છે. તેના માટે અંતરીક્ષમાં મોટા મોટા અરીસાવાળા સેટેલાઈટ મોકલવામાં આવશે.

કંપનીનું કહેવુ છે કે, આ સેટેલાઈટથી આપતિ અસરગ્રસ્ત વિસ્તારોમાં શોધખોળ અને બચાવ અભિયાન માટે રોશની આપી શકાશે. સોલર ફાર્મમાં વીજળી બનાવવાનો સમય પણ વધારી શકાશે. કેલિફોર્નીયાની આ સ્ટાર્ટ-અપ કાચવાળા સેટેલાઈટના બે લોન્ચમાં ભારતના હૈદરાબાદ સ્થિત સ્કાયરૂટ એરોસ્પેસની મદદ લેશે. સ્કાયરૂટનો પ્રથમ લોન્ચ વિક્રમ-1 રોકેટથી કરશે. બીજા લોન્ચમાં વિક્રમ-1 યુ રોકેટનો ઉપયોગ થશે.


5 કિલોમીટરના ક્ષેત્રમાં પ્રકાશ:

રિફલેકટ ઓર્બીટલને અમેરીકી રેગ્યુલેટર ફેડરલ કોમ્યુનિકેશન્સ કમિશનથી જુલાઈમાં મંજુરી મળી હતી. કંપનીનું લક્ષ્ય એવો પ્રકાશ ઉપલબ્ધ કરાવવાનો છે. જેને જરૂરીયાતનાં હિસાબે બંધ કરાવી શકાય અને ચમક પણ વધ-ઘટ કરી શકાય. આ પ્રકાશ વધુમાં વધુ 5 કિલોમીટરના વિસ્તારમાં ફેલાશે. આ પ્રકાશથી ઉદ્યોગોમાં કામનો સમય વધારી શકાય છે.

રશિયા સાથે ડિઝલ ખરીદીના સોદા બાદ બીજો નિર્ણય

ભારતને રાહત : રશિયન ક્રુડતેલ ખરીદી પર પ્રતિબંધ - ટેરિફ રદ

હવે 100% ટેરિફનો ખતરો પણ ટળ્યો.. અમેરિકી ટ્રમ્પે યુ - ટર્ન લીધો : અમેરિકી સંસદે મંજુર કરેલા ગ્રેહામ એકટની સતાનો હાલ ઉપયોગ નહી કરે, અમેરિકામાં ગેસ-ડિઝલના ઉંચા ભાવથી ચુંટણી સમયે સર્જાયેલા દબાણથી નિર્ણય લીધાનો સંકેત છતાં રશિયન ક્રુડતેલ ખરીદનાર દેશો પર નજર રાખશે



નવી દિલ્હી: અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત-ચીન જેવા ખાસ દેશો જેવો રશિયન ક્રુડતેલ ખરીદે છે તેના પરના 100% ટેરિફનો નિર્ણય હાલ મુલત્વી રાખ્યો છે. એક તરફ ઉંચા પેટ્રોલિયમ ભાવના કારણે ખુદ ટ્રમ્પ તંત્ર અમેરિકામાં ગેસ-ડિઝલના ઉંચા ભાવના વિરોધનો સામનો કરી રહ્યું છે.

રશિયા પાસેથી જ ડિઝલ ખરીદવા માટે જાહેરાત કરી છે. તે સમયે અમેરિકી સંસદે જ લિંડર્સ ઓ ગ્રેહામ સેકશનિંગ રશિયા એન્ડ ઈરાન એકટ 2026 મંજુર કર્યો હતો અને ખુદ ટ્રમ્પે તેને કાયદો બતાવવા માટે સહી કરી હતી તેનો અમલ હાલ મુલત્વી રહ્યા છે.

ટ્રમ્પે તા.18 સપ્ટેમ્બરના આ બિલ પર સહી કરી 100% કે તે મર્યાદામાં કેટલા ટેરિફ રશિયા-ઈરાન પરના પ્રતિબંધાત્મક આદેશો મુજબ લાદવા તે સતા મેળવી લીધી હતી જેમાં હવે રશિયા પરના તમામ પ્રકારના પ્રતિબંધ હાલ હટાવી લીધા છે.

જો કે તે ફરી લાદવા માટેની સતા પોતાના પાસે રાખી છે. ટ્રમ્પે એક વહીવટી આદેશમાં આ પ્રકારના પ્રતિબંધો દુર કરવા એ અમેરિકાના રાષ્ટ્રીય હીતમાં હોવાનો દાવો કર્યો છે. જેના કારણે રશિયા પાસેથી ક્રુડતેલ-ગેસ ખરીદનાર ભારત સહિત પાંચ દેશો પર 100% ટેરિફ લાદવાની સતા છે.

રશિયાથી અમેરિકામાં ધંધાના ઉત્પાદનો પર 500% ટેરિફની પણ સતા પ્રમુખ ટ્રમ્પને મળી હતી. યુક્રેન યુદ્ધમાં ખાસ કરીને રશિયાની આર્થિક તાકાતને રૂંધવા તેના પર ક્રુડતેલ-ગેસ વિ. વેચવા પર પ્રતિબંધ અને ખરીદનાર રાષ્ટ્ર પર 100% ટેરિફની જોગવાઈ કરવામાં આવી હતી જે હવે ખતરો ટળી ગયો છે.

જો કે રશિયા પરના અન્ય પ્રતિબંધો યથાવત છે પણ ભારત હવે રશિયા પાસેથી ક્રુડતેલ-ગેસ આ ટેરિફની ચિંતા કર્યા વગર ખરીદી શકશે. જો કે ભારતે અગાઉ પણ અમેરિકી ટેરિફ કે તેની ધમકીની ચિંતા કરી ન હતી અને આંતરરાષ્ટ્રીય ભાવ મુજબ દેશ માટે જે લાભદાયી હોય તે રીતે ક્રુડતેલ-ગેસની ખરીદી કરી છે. જે હાલ પણ ચાલુ છે. ટ્રમ્પ પર ઘર આંગણે સંસદીય ચુંટણીનું દબાણ છે તથા આ રીતે આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રુડતેલ-ગેસના ભાવ પર દબાણ ઘટાડી અમેરિકાને પણ તેના લાભ મળે તે નિશ્ચિત કરવા માંગે છે. આગામી મહિને અમેરિકામાં સંસદીય ચુંટણી છે તેથી ટ્રમ્પ મતદારોને રિઝવવા માટે આ નિર્ણય લઈ રહ્યા હોવાનું માને છે.

વૃદ્ધો પોતાનું એકલાપણું દૂર કરવા બાળકો ભાડે લેવા લાગ્યા

બેજિંગ : ચીનમાં એકલાપણું મોટી સમસ્યા બનીને ઉભરી આવી છે. વૃદ્ધોથી લઈને યુવાનો સુધી, લાખો લોકો ઘરમાં એકલા રહીને કંટાળી ચૂક્યાં છે. આ એકાંતને દૂર કરવા માટે લોકો ભાડા પર બાળકોને પોતાની સાથે રાખી રહ્યાં છે. જેને ત્યાં ‘પેઈડ સાથી’ સેવા નામ આપવામાં આવ્યું છે. આ ટ્રેન્ડ હેઠળ એકલાપણું અનુભવી રહેલાં વૃદ્ધોથી એવા યુવાનોને પૈસા આપીને પાસે બોલાવે છે, જે તેમની સાથે બિલકુલ પોતાનાં બાળકો જેવું વર્તન કરે છે.

આ ભાડાનાં બાળકો દિવસમાં એક કે બે વાર તેમનાં ઘરે આવે છે, તેમને ગરમા-ગરમ ભોજન ખવડાવે છે, ઘરના નાના-મોટા કામ પતાવે છે અને સૌથી મહત્વનું એ છે કે વૃદ્ધોની સાથે બેસીને તેમનાં દિલની વાતો સાંભળે છે. વૃદ્ધોનું કહેવું છે કે ભલે તેઓ આના બદલે પૈસા ચૂકવી રહ્યાં છે, પરંતુ તેમને કેટલાક કલાકો માટે એવું અનુભવાય છે કે જાણે તેમનો પોતાનો પરિવાર તેમની પાસે છે.

હોંગકોંગના સામાજિક વિશેષજ્ઞોનું માનવું છે કે ચીનમાં આ ચલણ પાછળ ત્યાંની બદલાતી જીવનશૈલી સૌથી મોટું કારણ છે. કામ અને વધુ સારી નોકરીની શોધમાં યુવાનો મોટા-મોટા શહેરોમાં જઈને વસ્યાં છે. આના કારણે તેમનાં વૃદ્ધ માતા-પિતા પોતાનાં ગામમાં એકલા છે. જે યુવાનો શહેરોમાં છે, તેમના પર અભ્યાસ અને નોકરીનું એટલો તણાવ છે કે તેમની પાસે પરિવાર માટે સમય જ નથી હોતો. સાથે જ ત્યાં ‘લેન-દેનના વ્યવહાર’નું મહત્વ છે. જો કોઈ મિત્ર મદદ કરે છે કે સમય આપે છે તો બદલામાં તમારે પણ તેના બદલે કંઈક કરવું પડે છે. લોકો આ સંકોચથી બચવા માટે ભાડાનો સાથી રાખી રહ્યાં છે.

કેસ 1 : 23 વર્ષની લિયુ યાનયાન એક મેડિકલ એસ્કોર્ટ છે. તે એકલા રહેતા લોકો અને વૃદ્ધોને સરકારી હોસ્પિટલોમાં લઈ જાય છે, તેમની ડોક્ટરી તપાસ કરાવે છે, હોસ્પિટલથી તપાસ રિપોર્ટ અને દવાઓ લઈને આપે છે અને તેમની હિંમત વધારે છે.

શું છે ‘લોનલીનેસ ઈન્ડસ્ટ્રી’?

એકલાપણું દૂર કરનાર આ બજારનો આકાર અંદાજે 61 હજાર કરોડ રૂપિયા આંકવામાં આવ્યો છે. પૂર્વ મોબાઈલ સેલ્સમેન વાંગ યિંગવેઈ પોતાની ડિલિવરી ટીમ સાથે વૃદ્ધોને દિવસમાં બે વાર ગરમ ખાવાનું પહોંચાડે છે. આ ઉપરાંત તેઓ તેમના ઘરના નાના-મોટા કામ, જેમ કે નળનું ફિલ્ટર ઠીક કરવું, એસીનું રિમોટ સેટ કરવું કે શાવરનું રિપેરિંગ કરવાનું પણ કરે છે. વાંગ ઝાઓઓ જેવા ગાઈડ લોકોને પહાડોની ટ્રેકિંગ કરાવે છે. તેઓ ફક્ત રસ્તો બતાવતા નથી પરંતુ રસ્તા પર લોકોની હિંમત વધારે છે, તેમને જોક્સ સંભળાવે છે અને તેમના ભાવનાત્મક તણાવને ઓછો કરે છે.

માતા-પિતા પણ ભાડે લઈ રહ્યાં છે લોકો

જાપાન જેવા દેશોમાં સામાજિક જરૂરિયાતોને પૂરી કરવા માટે લોકો પૈસા દેઈને ‘ભાડાના માતા-પિતા’ લે છે. ફેમિલી રેંટલ એજન્સીઓ એકલાપણાથી ઝઝૂમી રહેલાં લોકો અથવા લગ્ન પ્રસંગમાં પરિવારની જરુરિયાત પૂરી કરવા માટે ભાડા પર માતા-પિતા ઉપલબ્ધ કરાવે છે. અમુક જગ્યાએ મિત્રો પણ ભાડાથી મળે છે.



ચીનના શહેરોમાં ઝડપથી વધી રહ્યો છે ‘પેઈડ સાથી’ સેવાઓનો ટ્રેન્ડ : વૃદ્ધો એવા લોકોને બોલાવે છે, જે તેમની સાથે બાળકોની જેમ વ્યવહાર કરે

5 વર્ષથી ભારતીય નિયમનકારી સંસ્થાઓ સાથે કામ કર્યું; દેશમાં જરૂરી માળખાગત સુવિધાઓ ઊભી કરી હોવાનો સ્ટારલિંકનો દાવો

ભારતમાં હાઈસ્પીડ ઇન્ટરનેટ આપવા તૈયાર છે સ્ટારલિંક : રિલાયન્સના નિવેદન બાદ એલન મસ્કની કંપનીનો જવાબ

નવી દિલ્હી: ભારતમાં સેટેલાઇટ ઈન્ટરનેટ સેવાઓ શરૂ કરવાને લઈને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ અને એલન મસ્કની કંપની સ્ટારલિંક વચ્ચે નિવેદનબાજી તેજ બની છે. સ્ટારલિંકે જણાવ્યું છે કે તે ભારતમાં હાઈસ્પીડ ઈન્ટરનેટ સેવા આપવા માટે તૈયાર છે. કંપનીએ દાવો કર્યો છે કે તેણે છેલ્લા પાંચ વર્ષથી વધુ સમય દરમિયાન ભારતીય નિયમનકારી સંસ્થાઓ, ઉદ્યોગજગત અને ટેલિકોમ ઓપરેટરો સાથે મળીને કામ કર્યું છે તથા ભારતમાં જરૂરી માળખાગત સુવિધાઓ ઊભી કરી છે. સ્ટારલિંકે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ડ પર આપેલા નિવેદનમાં જણાવ્યું હતું કે ભારતમાં ગ્રાહકોને સુરક્ષિત અને વિશ્વસનીય સેવા પૂરી પાડવા માટે તેણે વિશિષ્ટ સિસ્ટમ્સ, ગેટવે અને અન્ય જરૂરી માળખાગત સુવિધાઓ ઊભી કરી છે. કંપનીએ આ તમામ વ્યવસ્થાઓ માટે જરૂરી સરકારી મંજૂરીઓ મળી હોવાનો પણ દાવો કર્યો છે.

રિલાયન્સના નિવેદન બાદ સ્ટારલિંકનો જવાબ :

સ્ટારલિંકનું આ નિવેદન રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે સેટેલાઇટ કોમ્યુનિકેશન ક્ષેત્રે સ્પર્ધા અંગે આપેલા નિવેદન બાદ આવ્યું છે. રિલાયન્સે સ્પષ્ટ કર્યું હતું કે કંપની ભારતીય અને વિદેશી બંને કંપનીઓના રોકાણ તથા નવીનતાનું સ્વાગત કરે છે, પરંતુ દરેક કંપનીએ ભારતના કાયદા અને નીતિઓનું પાલન કરવું જરૂરી છે.

રિલાયન્સે વધુમાં જણાવ્યું હતું કે કેન્દ્ર સરકાર ભારતીય અને વિદેશી તમામ અરજદારો માટે સમાન પ્રક્રિયા અપનાવે છે. કંપનીએ એ પણ સ્પષ્ટ કર્યું હતું કે તેની પોતાની સેટેલાઇટ ઈન્ટરનેટ સેવા માટેની મંજૂરીઓ પણ હજુ બાકી છે.

રિલાયન્સે કહ્યું: અમને સ્પર્ધાનો ડર નથી

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે પોતાના નિવેદનમાં જણાવ્યું હતું કે કંપનીએ ક્યારેય સ્પર્ધાથી ડર અનુભવ્યો નથી.



રિલાયન્સે કહ્યું હતું કે સેટેલાઇટ કોમ્યુનિકેશન ક્ષેત્રે સ્પર્ધાનું સ્વાગત છે, પરંતુ તમામ કંપનીઓએ ભારતીય કાયદા અને નિયમોનું પાલન કરવું પડશે

સ્પર્ધા એ જ નક્કી કરે છે કે કઈ કંપની ગ્રાહકોને વધુ સારી સેવા પૂરી પાડે છે.

કંપનીએ જણાવ્યું હતું કે જિયોએ વર્ષ 2016માં ભારતીય ટેલિકોમ ક્ષેત્રમાં પ્રવેશ કર્યો ત્યારે તેની પાસે એક પણ ગ્રાહક નહોતો. પરંતુ છેલ્લા દસ વર્ષમાં જિયોએ 53 કરોડથી વધુ ગ્રાહકોનો વિશ્વાસ મેળવ્યો છે અને દેશને વિશ્વસ્તરીય ડિજિટલ માળખાગત સુવિધાઓ તથા પોસાય તેવા દરે ડેટા સેવાઓ પૂરી પાડી છે. રિલાયન્સે સ્પષ્ટ કર્યું હતું કે તે સ્ટારલિંક સહિત સેટેલાઇટ કોમ્યુનિકેશન ક્ષેત્રે તમામ કંપનીઓની સ્પર્ધાનું સ્વાગત કરે છે. જોકે, જિયો સહિત દરેક કંપનીએ ભારતીય જનતાના હિતમાં કામ કરવાની સાથે દેશના કાયદા અને નીતિઓનું પાલન કરવું પડશે.

એલન મસ્કે રિલાયન્સ પર લગાવ્યા હતા આક્ષેપ

આ સમગ્ર વિવાદની શરૂઆત એલન મસ્કે ભારતમાં સ્ટારલિંકની સેવાઓ શરૂ કરવામાં વિલંબ અંગે કરેલા આક્ષેપોથી થઈ હતી. મસ્કે આરોપ લગાવ્યો હતો કે કેટલાક શક્તિશાળી ઉદ્યોગજૂથો ભારતમાં સ્ટારલિંકના પ્રવેશમાં અવરોધ ઊભા કરી રહ્યા છે, જેથી હાલની કંપનીઓનું પ્રભુત્વ જળવાઈ રહે. મસ્કે દલીલ કરી હતી કે ભારતમાં સેટેલાઇટ ઈન્ટરનેટ ક્ષેત્રે સ્પર્ધા વધવાથી સામાન્ય ગ્રાહકોને વધુ વિકલ્પો મળશે. તેમણે એવો પણ દાવો કર્યો હતો કે સ્પર્ધાથી ગ્રાહકોને ફાયદો થશે, ભલે હાલની ટેલિકોમ કંપનીઓના નફામાં ઘટાડો થાય.

ભારતમાં સેટેલાઇટ ઈન્ટરનેટ સેવા શરૂ કરવા અંતિમ મંજૂરીઓ મહત્ત્વપૂર્ણ :

ભારતમાં સેટેલાઇટ ઈન્ટરનેટ સેવાઓ શરૂ કરવા માટે સ્ટારલિંક, રિલાયન્સ જિયો અને ભારતી જૂથ સાથે જોડાયેલી ઊીયિંહતફિં ઘક્ષયઠયબ સહિતની કંપનીઓ પ્રયાસ કરી રહી છે. જોકે, સેટેલાઇટ કોમ્યુનિકેશન માટેનું લાઇસન્સ મળી જવાથી વ્યાવસાયિક સેવા શરૂ કરવાની આપોઆપ મંજૂરી મળી જતી નથી. કંપનીઓએ જરૂરી સુરક્ષા મંજૂરીઓ, સ્પેક્ટ્રમની ફાળવણી અને અન્ય નિયમનકારી શરતો પૂર્ણ કરવી પડે છે. આથી ભારતમાં સેટેલાઇટ ઈન્ટરનેટ સેવાઓ ક્યારે શરૂ થશે અને ગ્રાહકોને કયા દરે ઉપલબ્ધ થશે તે અંગે હજુ વધુ સ્પષ્ટતાની જરૂર છે.

ભારતના દૂરના વિસ્તારો, પહાડી પ્રદેશો અને જ્યાં પરંપરાગત બ્રોડબેન્ડ સુવિધા મર્યાદિત છે તેવા વિસ્તારોમાં સેટેલાઇટ ઈન્ટરનેટ મહત્ત્વપૂર્ણ સાબિત થઈ શકે છે. સ્ટારલિંક અને જિયો વચ્ચેની સ્પર્ધાથી ભવિષ્યમાં ગ્રાહકોને વધુ વિકલ્પો મળી શકે છે.

અમેરિકામાં આવી રહ્યો છે નવો નિયમ

એક્સ્ટ્રા ફી આપીને પણ જલદી નહીં મળી શકે H-1B વીઝા, ગ્રીનકાર્ડ અને વર્ક પરમીટ



વોશિંગ્ટનઃ અમેરિકાના રાષ્ટ્રપતિ ટ્રમ્પની સરકાર 'પ્રીમીયમ પ્રોસેસીંગ'ની ટાઈમલાઈનમાં ફેરફાર કરવા પર વિચાર કરી રહી છે. સરકારના આ પગલાની સીધી અસર વિદેશી વર્કર્સ, વિદેશી સ્ટુડન્ટસ અને એ કંપનીઓ પર પડશે, જે ઈમીગ્રેશન ડિપાર્ટમેન્ટના માધ્યમથી પોતાના કેસનો નિકાલ લાવવા માટે એકસ્ટ્રા ફી આપે છે. જો નવો નિયમ લાગુ થયો તો પછી એકસ્ટ્રા ફી આપીને પણ ના તો જલદી એચ-વન-બી વિઝા મળશે અને ના તો ગ્રીનકાર્ડ કે વર્ક પરમીટ મળશે. ખરેખર તો અમેરિકામાં એક પ્રસ્તાવિત નિયમ હાલ ઓફીસ ઓફ મેનેજમેન્ટ એન્ડ બજેટ (ઓએમબી) પાસે રિવ્યુ માટે મોકલવામાં આવ્યો છે. આ પ્રસ્તાવથી હાલની 'પ્રીમીયમ પ્રોસેસીંગ'ના સમયમાં વધારો થઈ શકે છે. જો કે, ખાસ જોગવાઈઓને હજુ જાહેર નથી કરાઈ. પ્રસ્તાવિત ફેરફાર હજુ લાગુ નથી થયો. કોઈપણ ફેરફારને લાગુ કરતા પહેલા આ નિયમને ફેડરલ રિવ્યુમાંથી પસાર થવું પડશે અને પછી તેના પર કોમેન્ટ માટે તેને 'ફેડરલ રજીસ્ટર'માં પબ્લીશ કરવામાં આવશે. ત્યારબાદ સરકાર આ ફેરફારને લાગુ કરતા પહેલા નિયમને ફાઈનલ રૂપ આપશે. ઉલ્લેખનીય છે કે, અલગ-અલગ ઈમીગ્રેશન કેટેગરીના આધારે પ્રીમીયમ પ્રોસેસીંગ ફી 1780 ડોલરથી 2965 ડોલર સુધી હોઈ શકે છે. જો નવો નિયમ અમલમાં આવે તો ભારતીય સ્ટુડન્ટસ, વર્કર્સ પર અસર પડી શકે છે. તેમના માટે મુશ્કેલી વધી શકે છે.

હોર્મુઝની ખાડીમાં જહાજ ડુબ્યુ પણ મોબાઈલ અને મોંઘા પરફ્યુમની હજારો બોટલો તરતી જોવા મળી!



યુનાઈટેડ આરબ એમિરેટસની માલીકીનું જહાજ હુમલાનો શિકાર બન્યા બાદ તમામ 21 ક્રુ-મેમ્બર્સનો આબાદ બચાવ

દુબઈ: ઈરાન અને અમેરીકા વચ્ચે હોર્મુઝની ખાડીમાં એક ભયાનક ઘટના બની હતી. યુનાઈટેડ આરબ એરીરેટસ (યુએઈ) ની માલીકી ધરાવતું જીઈએસ નામનું એક વિશાળ કાર્ગો જહાજ અચાનક હુમલાનો શિકાર બનતા દરીયામાં ડુબી ગયુ હતું. આ જહાજ દુબઈથી લગભગ અઢી હાર કન્ટેનર ભરીને જઈ રહ્યું હતું. જહાજ ડુબ્યા બાદ દરીયાનાં પાણીમાં લાખો રૂપિયાની કિંમતના હજારો આઈફોન અને મોંઘા લકઝરી પરફયુમની બોટલો તરવા લાગી હતી. વાઈરલ વિડીયોમાં જોવા મળે છે કે નાની બોટમાં આવેલા કેટલાંક સ્થાનિક લોકો દરીયામાં તરી રહેલો આ કિંમતી સામાન લુંટી રહ્યા હતા ઈરાન દ્વારા એવો દાવો કરવામાં આવ્યો હતો કે આ જહાજ ગેરકાયદે માર્ગે જઈ રહ્યું હતું અને દરીયાઈ સુરંગ સાથે અથડાવાને કારણે એમા આગ લાગી હતી. જોકે રાહતની સૌથી મોટી વાત એ છે કે જહાજ સંપૂર્ણપણે ડુબી જાય એ પહેલા જ ક્રુના તમામ 21 મેમ્બર્સને સુરક્ષીત રીતે બહાર કાઢી લેવામાં આવ્યા હતા જેથી કોઈ જાનહાની થઈ નથી.

ટ્રમ્પે હવે વાઘ સાથે બાથ ભીડી! અલબત AI વાઘ સાથે! વિડીયો શેર કર્યો



વોશિંગ્ટન : ટ્રમ્પનું વધુ એક 'પરાક્રમ' બહાર આવ્યું છે. ઈરાન સામે બાથ ભીડનાર ટ્રમ્પનો વાઘને બાથમાં લેતો વિડીયો બહાર આવ્યો છે, અલબત આ વિડીયો રિયલ વાઘ સાથેનો નથી પરંતુ એઆઈથી બનાવેલો છે, જેનો ટ્રમ્પ વાઘ સાથે બાથ ભીડતા નજરે ચડે છે.

આ વિડીયો કથિત રીતે ઈંગ્લેન્ડમાં એક વાઘના હુમલામાં માર્યા ગયેલા વ્યક્તિની ઘટનાને લઈને જાહેર કરાયો હતો. તેની પોસ્ટ બાદ તેની નિંદા કરવામાં આવી રહી છે. પોતાની પોસ્ટની સાથે ટ્રમ્પે ઈંગ્લેન્ડમાં એક વાઘના હુમલામાં માર્યા ગયેલા વ્યક્તિનો વિડીયો પણ શેર કર્યો હતો. અસલી વિડીયોમાં દેખાઈ રહેલ વ્યક્તિની ઓળખ વિલિયમ ચેપમેન તરીકે થઈ છે અને શનિવારની ઘટના બાદ લાગેલી ઈજાના કારણે તેમનું મોત બન્યું. આ યોર્ક શાયર વાઈલ્ડ લાઈફ પાર્કમાં વાઘના વાડામાં ઘુસી ગયો હતો અને વાઘના હુમલામાં તેનું મોત થઈ ગયું હતું. ટ્રમ્પે વિડીયોની સાથે સંદેશ લખ્યો. પ્રકૃતિની સાથે ચેડા ન કરવા જોઈએ. ટ્રમ્પ તેના વિડીયોમાં વાઘ સાથે ઘેરાયેલા અને હસતા હસતા તેનો મુકાબલો કરતા જોવા મળે છે. એક યુઝરે ટ્રમ્પની ટિકા કરતા કહ્યું હતું કે, તે બીમાર માનસીકતા વાળા વ્યક્તિ છે. અન્યે લખ્યું- હું તેમનો સમર્થક છું પરંતુ તેમની પોસ્ટનો પ્રશંસક નથી.

ફ્લાઈ દુબઈ વિમાન ઘટના : ફ્લાઈટ ક્રેશના ષડયંત્ર મામલે માલદીવના બે પાયલોટોની ધરપકડ



દુબઈ : દુબઈ-તેલઅવીવના અપહરણ અને તેને દુર્ઘટનાગ્રસ્ત કરાવવાના કાવતરાના સંબંધમાં યુએઈની પોલીસે ફ્લાય દુબઈમાં કાર્યરત માલદીવના બે પાયલોટની ધરપકડ કરી છે. ઓમાનના એક સહ પાયલોટના ષડયંત્રને નિષ્ફળ કરવાની કોશિશ દરમિયાન ભારતીય કેપ્ટન સ્મીત મચ્છર ઘાયલ થયા હતા. માલદીવની સમાચાર પોર્ટલ 'અધાધુ'ની ખબર મુજબ બન્ને સહ પાયલોટને ત્રણ ઓકટોબરે કસ્ટડીમાં લેવાયા હતા અને સંયુક્ત આરબ અમીરાત (યુએઈ)માં માલદીવના દૂતાવાસે તેમના પરિવારોને કસ્ટડીમાં લઈ લેવાની ઔપચારીક સૂચના આપી છે. યુએઈના અધિકારીઓએ અત્યાર સુધી કસ્ટડીમાં લેવામાં આવેલ માલદીવના બન્ને નાગરિકો સામે આરોપો કે તપાસની સ્થિતિના બારામાં કોઈ જાણકારી નથી આપી. આ ધરપકડ 30 સપ્ટેમ્બરે ફ્લાય દુબઈની ઉડાનમાં થયેલી ઘટનાની તપાસના ક્ષેત્રને વધારવા દરમિયાન થઈ હતી. માલેના સમાચાર પત્ર મિહારુના અનુસાર બન્ને માલદીવિયન પાયલોટોના હુમલાખોર પાયલોટ અલ હમામી સાથે કાર્યસ્થળ પર સંપર્કમાં રહેવા અને તે ઈમારતમાં રહેવાની વાત બહાર આવી છે. જો કે અધિકારીઓએ અત્યાર સુધીની ઘટનામાં તેમની કથિત ભૂમિકા કે તેમની વિરુદ્ધ મોજૂદ પુરાવાઓનું અધિકૃત વિવરણ નથી આપ્યું. ફ્લાયદુબઈમાં કામ કરનાર માલદીવના 6 પાયલોટોમાં આ બન્ને પણ સામેલ છે. તેઓ હાલમાં ભરતી થયા હતા.

ટેસ્લા રોડસ્ટરનું નવું મોડેલ લોન્ચ ; સિંગલ - સીટર રોકેટ વર્ઝનના થ્રસ્ટર્સ કારને હવામાં ઉછાળવા અને રોલ કરવામાં સક્ષમ

ટેસ્લાએ રજૂ કરી હવામાં ઊડતી કાર

0.59 સેકન્ડમાં પકડે છે રોકેટ જેવી સ્પી



ન્યુયોર્ક : ઈલેક્ટ્રિક વાહન નિર્માતા કંપની ટેસ્લાએ પોતાની લોકપ્રિય કાર 'રોડસ્ટર'નું નવું અને સંપૂર્ણપણે નવો અવતાર ધરાવતું મોડેલ રજૂ કર્યું છે. વર્ષ 2017માં દર્શાવવામાં આવેલાં કન્સેપ્ટ બાદ લાંબા સમયની આતુરતાનો અંત લાવતાં કંપનીએ પરફોર્મન્સ, થ્રસ્ટ અને રોકેટ એમ ત્રણ અલગ-અલગ વિકલ્પો (કન્ફિગરેશન) જાહેર કર્યા છે.

આ મોડેલ પોતાની અદભુત તકનીક અને ક્ષમતાઓને કારણે ઓટોમોબાઈલ જગતમાં ભારે આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. વૈશ્વિક ઓટો માર્કેટમાં આ વાહનને લઈને ચાહકોમાં અનોખો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

આ ત્રણેય કન્ફિગરેશનમાં સૌથી વધુ ચર્ચા સિંગલ-સીટર 'રોકેટ' વેરિઅન્ટની થઈ રહી છે, જેમાં ખાસ પ્રકારનાં કોલ્ડ-ગેસ થ્રસ્ટર્સ લગાડવામાં આવ્યા છે. આ વિશેષ થ્રસ્ટર્સ કારને હવામાં ઊંચે ઉછળવા, પલટી મારવા અને રોલ જેવા સાહસિક એરોબેટિક કરતબો કરવા માટે સક્ષમ બનાવે છે.

કંપનીનો દાવો છે કે, આ રોકેટ વેરિઅન્ટ માત્ર 0.59 સેકન્ડથી પણ ઓછા સમયમાં 0 થી 96.6 કિલોમીટર પ્રતિ કલાક (60 માઈલ પ્રતિ કલાક) ની ઝડપ પકડી લે છે. ભવિષ્યની ટેક્નોલોજીના આ પ્રયોગે વિજ્ઞાન કથા ફિલ્મોની યાદ તાજી કરી દીધી છે.

ટેસ્લાએ આ કારમાં સામાન્ય ટાયરો સિવાય પણ વધારાની પકડ અને ઝડપ મેળવવા માટે અદભુત પ્રણાલી વિકસાવી છે. કારમાં આપેલી સક્શન સિસ્ટમ તેને રોડ તરફ મજબૂતાઈથી જકડી રાખે છે, જ્યારે કોલ્ડ-ગેસ થ્રસ્ટર્સ દબાણયુક્ત વાયુ છોડીને જબરદસ્ત બળ ઉત્પન્ન કરે છે. આ સિસ્ટમ માટે ખાસ સ્પેસ-એક્સ (SpaceX) ની રોકેટ ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો છે અને કમ્બ્રેશ ગેસને કાર્બન-ફાઈબર પ્રેશર વેસલ્સમાં સંગ્રહિત કરવામાં આવે છે. આ એન્જિનિયરિંગ કૌશલ્ય વાહન વ્યવહાર ક્ષેત્રમાં ક્રાંતિ લાવવા માટે સજ્જ છે.

આ કારની ડિઝાઈન અમેરિકી ફાઈટર જેટ્સ (SR-71 અને F-35) થી પ્રેરિત થઈને તૈયાર કરવામાં આવી છે, જેમાં ધારદાર ખૂણા ધરાવતી બોડી અને છુપાયેલી હેડલાઈટ્સ આપવામાં આવી છે. કારનું વજન ઓછું અને મજબૂત રાખવા માટે મેગ્નેશિયમ, ટાઈટેનિયમ અને કાર્બન ફાઈબર જેવા કિંમતી મટીરિયલનો ઉપયોગ કરાયો છે. આ કારની ટોપ સ્પીડ 370 કિલોમીટર પ્રતિ કલાકથી વધુ છે અને એક વાર ચાર્જ કર્યા પછી તેની ડ્રાઈવિંગ રેન્જ 483 કિલોમીટરથી વધુ હોવાનું જણાવાયું છે. આ પ્રીમિયમ મટિરિયલ્સ વાહનને અત્યંત આધુનિક અને ડ્યુરેબલ બનાવે છે. કંપનીએ લાઈવ વેબકાસ્ટ દ્વારા કારનું શાનદાર પ્રદર્શન બતાવીને ઓટો ક્ષેત્રે મોટો ધડાકો કર્યો છે. હાલમાં આ એક કન્સેપ્ટ મોડેલ તરીકે રજૂ કરવામાં આવ્યું છે, પરંતુ કંપનીએ તેનું બુકિંગ (રિઝર્વેશન) શરૂ કરી દીધું છે. ટેસ્લાનું લક્ષ્ય વર્ષ 2028 સુધીમાં આ કારનું અધિકૃત ઉત્પાદન શરૂ કરી દેવાનું છે. આ અદભુત વાહનને રોડ પર દોડતા જોવા માટે ઓટો પ્રેમીઓ આતુરતાથી રાહ જોઈ રહ્યાં છે.

13 ડોલરના ડિવાઇસે હચમચાવ્યું અબજોનું AI સામ્રાજ્ય!

ઓપન AIના કોન્ફરન્સ રૂમમાં જાસૂસી ડિવાઇસ મળતાં ટેક દિગ્ગજોમાં ચિંતા

ટીવીના યુએસબી પોર્ટમાં લગાવવામાં આવ્યું હતું માઇક અને કેમેરાવાળું અંગૂઠાના કદનું જાસૂસી ડિવાઇસ



સેન ફ્રાન્સિસ્કો : આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ની દુનિયામાં જ્યાં દરરોજ અબજો ડોલરના રોકાણના સમાચાર આવે છે, ત્યાં સુરક્ષામાં એક મોટી ભૂલે આખી ઈન્ડસ્ટ્રીને મુશ્કેલીમાં મૂકી દીધી છે. AI કંપની ઓપનએઆઈના મુખ્ય મથકના કોન્ફરન્સ રૂમમાં ટીવીની પાછળ સંતાડવામાં આવેલું માત્ર 13 ડોલર (લગભગ 1,200 રૂપિયા) નું એક સામાન્ય જાસૂસી ઉપકરણ મોટી ચેતવણી સમાન બની ગયું છે. આ ઘટના બાદ ઓપનએઆઈ, ગૂગલ અને એન્થ્રોપિક જેવા AI દિગ્ગજોએ પોતાનાં કર્મચારીઓની સુરક્ષા કડક બનાવી દીધી છે.

હવે કર્મચારીઓને આપી રહ્યાં છે બચવાની ટ્રેનિંગ

- **અજાણ્યા લોકોથી બચવું :** શીખવવામાં આવી રહ્યું છે કે કેવી રીતે અજાણ્યો વ્યક્તિ મિત્રતા બનાવીને ગોપનીય માહિતી કઢાવી શકે છે.
- **હની ટ્રેપ :** વિદેશી જાસૂસો અથવા હરીફો દ્વારા પ્રેમ જાળમાં ફસાવીને માહિતી ચોરવા પ્રત્યે સતર્ક કરવામાં આવી રહ્યાં છે.
- **કડક સૂચનાઓ :** સાર્વજનિક પરિવહનમાં સ્ક્રીન પ્રોટેક્ટર લગાવવાની અને મીટિંગ પછી વ્હાઇટબોર્ડ ભૂંસી નાખવાની સૂચના આપવામાં આવી છે.

ટ્રિલિયન-ડોલર વેલ્યુએશન ખતરામાં

ઓપનએઆઈ અને એન્થ્રોપિક જેવી કંપનીઓ જ્યારે આઈપીઓ લાવશે ત્યારે તેમનું મૂલ્યાંકન 1 ટ્રિલિયન ડોલરને પાર જવાની અપેક્ષા છે. સુરક્ષા નિષ્ણાતોનું કહેવું છે કે AI ફાઉન્ડેશન મોડેલ્સને ટ્રેન કરવામાં અબજો ડોલરનો ખર્ચ થાય છે. જેથી તેમની બૌદ્ધિક સંપદા સૌથી મૂલ્યવાન સંપત્તિ બની ગઈ છે. વાસ્તવિક ચિંતા એ છે કે સિક્યોરિટી સ્વીપમાં અત્યાર સુધી આવા અન્ય કેટલા જાસૂસી ડિવાઇસ પકડાવાના બાકી રહી ગયા છે!

પકડાયો ઓફિસનો 'જાસૂસ'...

ઓપનએઆઈના 35 વર્ષીય પૂર્વ એન્જિનિયર અબ્દુલરહમાન અલફોઝાન પર આરોપ છે કે તેણે માઇક અને કેમેરાવાળું અંગૂઠાના કદનું જાસૂસી ડિવાઇસ ટોઇલેટ પેપરમાં વીંટીને કોન્ફરન્સ રૂમના ટીવીના યુએસબી પોર્ટમાં પ્લગ કરી દીધું હતું. સિક્યોરિટી સ્વીપ (સુરક્ષા તપાસ) દરમિયાન આ ડિવાઇસ પકડાઈ ગયું હતું. આરોપી કર્મચારીની ધરપકડ કરવામાં આવી છે.

અમેરિકામાં ટ્રમ્પને મળશે મોદી : બન્ને દેશો વચ્ચે વ્યાપાર સમજુતી પર સહી - સિક્કાની શકયતા

PM મોદી તા.11થી 17 ડિસેમ્બરે કેનેડા-અમેરિકા-બેલ્જીયમની મુલાકાતે

તા.11 અને 12 કેનેડામાં ટોરન્ટો અને ઓટાવોની મુલાકાત : અમેરિકામાં જી-20 દેશોની શિખર પરિષદ અને બેલ્જીયમમાં વિશ્વ વ્યાપાર સંગઠનની બેઠકમાં હાજરી આપશે

નવી દિલ્હી : ભારત અને કેનેડા વચ્ચેના ગાઢ બનતા જતા સંબંધોમાં હવે વડાપ્રધાન નરેન્દ્ર મોદી તા.11 અને 12 ડિસેમ્બરના કેનેડાની મુલાકાતે જવાના છે તે સાથોસાથ અમેરિકા અને બ્રસેલ્સની પણ મુલાકાત લે તેવા સંકેત છે.

શ્રી મોદીનો કેનેડા પ્રવાસ નિશ્ચિત થઈ ગયો છે અને તેઓ કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્નીના આમંત્રણથી કેનેડા જઈ રહ્યા છે અને આ અંગે માહિતી આપતા કેનેડાના વડાપ્રધાન કાર્નીએ કેલગરીમાં એક રેસ્ટોરામાં ભારતીયોને સંબોધન કરતા જણાવ્યું કે, મોદી મોટાભાગે ટોરન્ટોની મુલાકાત લેશે અને બાદમાં કેનેડાના પાટનગર ઓટાવો પણ જશે તથા ભારતીય સમુદાયને પણ ટોરન્ટોમાં સંબોધન કરશે. છેલ્લે 2015માં વડાપ્રધાન મોદી કેનેડા ગયા હતા. બાદમાં તા.13ના રોજ શ્રી વડાપ્રધાન મોદી અમેરિકા પહોંચશે અને ત્રણ દિવસ રોકાશે જે દરમ્યાન તેઓ જી-20 દેશોની બેઠકમાં હાજરી આપશે. મહત્વનું એ છે કે વડાપ્રધાન મોદીની આ મુલાકાત સમયે અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સહિત વિશ્વના નેતાઓ સાથે મુલાકાત થશે. ખાસ કરીને ભારત અને અમેરિકા વચ્ચે જે વ્યાપાર સમજુતી અટકી છે તેમાં નિર્ણય લેવાશે. શ્રી મોદી તા.16થી17 બ્રસેલ્સ પહોંચશે અને બેલ્જીયમના પાટનગરમાં વિશ્વ વ્યાપાર સંગઠનની બેઠકમાં હાજરી આપશે. તેમાં ખાસ કરીને યુરોપીયન સંઘ સાથેના ભારતના મુકત વ્યાપાર સમજુતી પર હસ્તાક્ષર થશે. વડાપ્રધાનની કેનેડા મુલાકાત દરમ્યાન ભારત અને કેનેડા વચ્ચે પણ વ્યાપાર સમજુતી થશે તેવા સંકેત છે.



વડાપ્રધાન નરેન્દ્ર મોદી જશે કેનેડાના પ્રવાસે

વ્યાપાર-સુરક્ષા જેવા મુદ્દાઓ પર થશે ચર્ચા



નવી દિલ્હી : વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી 11 અને 12 ડિસેમ્બર 2026ના રોજ કેનેડાના સત્તાવાર પ્રવાસે જશે. ઓટાવા સ્થિત ભારતીય હાઈકમિશન દ્વારા પોતાનાં અધિકૃત સોશિયલ મીડિયા હેન્ડલ પર આ ઉચ્ચસ્તરીય મુલાકાત અંગેની સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી છે.

તાજેતરમાં જ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્ની વચ્ચે અત્યંત સૌહાર્દપૂર્ણ ટેલિફોનિક વાર્તાલાપ થયો હતો, જેમાં બંને દેશો વચ્ચેના સંબંધોમાં જોવા મળી રહેલી સકારાત્મક ગતિને આગળ ધપાવવા પર ભાર મૂકવામાં આવ્યો હતો.

આ બે દિવસીય મહત્વપૂર્ણ પ્રવાસ દરમિયાન દ્વિપક્ષીય વેપાર, સ્વચ્છ ઉર્જા, આધુનિક ટેકનોલોજી, સુરક્ષા અને બે દેશોના લોકો વચ્ચેના પારસ્પરિક સંબંધો જેવા મુખ્ય ક્ષેત્રોમાં નક્કર પરિણામો મેળવવા પર વિસ્તૃત ચર્ચા થશે.

આ સાથે જ બંને દેશો વચ્ચે આર્થિક ભાગીદારીને નવો વેગ આપવા માટે વ્યાપક આર્થિક ભાગીદારી સમજૂતી (CEPA) પરની વાટાઘાટોને ઝડપથી પૂર્ણ કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરાઈ છે, જેથી વર્ષ 2030 સુધીમાં દ્વિપક્ષીય વેપારને બમણો કરવાનો લક્ષ્યાંક પ્રાપ્ત કરી શકાય. આ પ્રવાસની જાહેરાત પહેલાં જ કેનેડાના આંતરરાષ્ટ્રીય વ્યાપાર મંત્રી મનીન્દર સિંહ સિદ્ધુના નેતૃત્વ હેઠળ અંદાજે 300 વેપારી પ્રતિનિધિઓનું મોટું દળ 'ટીમ કેનેડા ટ્રેડ મિશન' ભારતના પ્રવાસે આવ્યું છે. આ ઉપરાંત, કેનેડાના વિદેશ મંત્રી અનિતા આનંદ પણ નવી દિલ્હીની મુલાકાતે આવ્યા હતા, જ્યાં તેમણે પીએમ મોદી અને વિદેશ મંત્રી એસ. જયશંકર સાથે બેઠક યોજીને સહિયારી પ્રાથમિકતાઓને આગળ ધપાવવા પર ચર્ચા કરી હતી. સોશિયલ મીડિયા પર આ વાર્તાલાપ અંગે માહિતી આપતાં પીએમ મોદીએ જણાવ્યું હતું કે ભારત અને કેનેડા સાથે મળીને વધુ સ્થિર અને સમૃદ્ધ વિશ્વના નિર્માણમાં યોગદાન આપી રહ્યાં છે. વાતચીત દરમિયાન બંને નેતાઓએ ઈન્ડો-પેસિફિક ક્ષેત્રની ભૂ-રાજકીય પરિસ્થિતિ અને ઉર્જા તથા કૃષિ ક્ષેત્રે ભરોસાપાત્ર ભાગીદારોની જરૂરિયાત પર પણ પોતાનાં વિચારો વ્યક્ત કર્યા હતાં.

રશિયાથી ક્રુડ ઓઈલ ખરીદવાના મામલે...

ભારત પર અમેરિકાનો વધારાના 100% ટેરિફનો ખતરો હજુ ટળ્યો નથી

જો કે અમેરિકાના રશિયાથી ડીઝલ ખરીદવાના ફેસલાને આધાર બનાવી ભારત ટેરિફમાં રાહત મેળવી શકે

નવી દિલ્હી : રશિયાથી ક્રુડ ઓઈલ ખરીદવાના કારણે ભારત પર અમેરિકા તરફથી ભારે વધારાનો ચાર્જ લગાવવાનો ખતરો ટળ્યો નથી. જો કે ટ્રમ્પનો રશિયા પાસેથી અમેરિકા માટે ડીઝલ ખરીદવાનો ફેસલો ભારતને આ મામલામાં રાહત અપાવવાનો આધાર બની શકે છે, જો કે એ સ્પષ્ટ નથી કે વોશિંગ્ટન આ તર્કનો સ્વીકાર કરશે કે નહીં, અમેરિકાના નવા કાયદામાં વધારાનો ચાર્જ લગાવવાનો અધિકાર આપવામાં આવ્યો છે.

શું કહે છે, અમેરિકાનો કાયદો?

રાષ્ટ્રપતિ એ દેશો પર 100 ટકા સુધી વધારાનો ચાર્જ લગાવી શકે છે, જે ગત 12 મહિનામાં રશિયન તેલ કે ગેસના પાંચ સૌથી મોટા ખરીદનારાઓમાં સામેલ હોય અને કાયદો લાગુ થવાના 30 દિવસ પછી પણ ચાલુ રાખે. જો કે આનો અર્થ એ નથી કે ભારત પર ઓટોમેટિક આટલા જ દરથી ચાર્જ લાગુ પડી જાય.

શું ભારતને મળી શકે છે રાહત?

ભારતના પક્ષમાં સૌથી મોટો તર્ક એ છે કે રશિયાથી તેલનો પુરવઠો અચાનક ઓછો કરવાથી વૈશ્વિક બજારમાં ઉપલબ્ધ ક્રુડ ઓઈલ પર દબાણ વધી શકે છે. આવી પરીસ્થિતિમાં ભારતનું રશિયાથી ઓઈલ ખરીદવું માત્ર દ્વિપક્ષીય વ્યાપારનો મામલો નથી, બલકે ઉર્જા સુરક્ષા સાથે પણ જોડાયેલો છે. બીજી બાજુ, અમેરિકા રશિયાની કમાણી સીમીત કરવાની પોતાની નીતિ પર કાયમ રહી શકે છે, ટ્રમ્પ પ્રશાસન વ્યાપાર સમજુતીને લઈને દબાણ બનાવવા પર પણ કરી શકે છે.

ભારત માટે કયાં વિકલ્પ છે?



ભારત રશિયાથી તેલની ખરીદી ઘટાડી શકે છે. આથી અમેરિકી ચાર્જનો ખતરો ઓછો કરવામાં મદદ મળી શકે છે. પરંતુ બીજા દેશોથી તેલ ખરીદવાથી ખર્ચ વધવાનું જોખમ છે. રશિયા પાસેથી ખરીદી ચાલુ રાખી શકાય છે.

આથી ઉર્જા પુરવઠો જાળવી રાખવામાં મદદ મળશે, પરંતુ ભારતીય નિકાસ પર અમેરિકી ચાર્જ લાગવાનો ખતરો બની રહેશે. અમેરિકાથી છુટ માંગી શકાય. ભારત ઘરેલુ ઉર્જા જરૂરિયાતો અને અમેરિકી ડીઝલ ખરીદીના દાખલાના આધાર પર રાહતની માંગ કરી શકે છે.

અમેરિકામાં આવી રહ્યો છે નવો નિયમ, ભારતીય વર્કર્સ-સ્ટુડન્ટસની વધી શકે છે મુશ્કેલી

એકસ્ટ્રા ફી આપીને પણ જલદી નહીં મળી શકે : એચ વન બી વીઝા, ગ્રીનકાર્ડ અને વર્ક પરમીટ

વોશિંગ્ટન : અમેરિકાના રાષ્ટ્રપતિ ટ્રમ્પની સરકાર 'પ્રીમીયમ પ્રોસેસીંગ'ની ટાઈમલાઈનમાં ફેરફાર કરવા પર વિચાર કરી રહી છે. સરકારના આ પગલાની સીધી અસર વિદેશી વર્કર્સ, વિદેશી સ્ટુડન્ટસ અને એ કંપનીઓ પર પડશે, જે ઈમીગ્રેશન ડિપાર્ટમેન્ટના માધ્યમથી પોતાના કેસનો નિકાલ લાવવા માટે એકસ્ટ્રા ફી આપે છે. જો નવો નિયમ લાગુ થયો તો પછી એકસ્ટ્રા ફી આપીને પણ ના તો જલદી એચ-વન-બી વિઝા મળશે અને ના તો ગ્રીનકાર્ડ કે વર્ક પરમીટ મળશે. ખરેખર તો અમેરિકામાં એક પ્રસ્તાવિત નિયમ હાલ ઓફીસ ઓફ મેનેજમેન્ટ એન્ડ બજેટ (ઓએમબી) પાસે રિવ્યુ માટે મોકલવામાં આવ્યો છે. આ પ્રસ્તાવથી હાલની 'પ્રીમીયમ પ્રોસેસીંગ'ના સમયમાં વધારો થઈ શકે છે, જો કે, ખાસ જોગવાઈઓને હજુ જાહેર નથી કરાઈ. પ્રસ્તાવિત ફેરફાર હજુ લાગુ નથી થયો. કોઈપણ ફેરફારને લાગુ કરતા પહેલા આ નિયમને ફેડરલ રિવ્યુમાંથી પસાર થવું પડશે અને પછી તેના પર કોમેન્ટ માટે તેને 'ફેડરલ રજીસ્ટર'માં પબ્લીશ કરવામાં આવશે. ત્યારબાદ સરકાર આ ફેરફારને લાગુ કરતા પહેલા નિયમને ફાઈનલ રૂપ આપશે. ઉલ્લેખનીય છે કે અલગ-અલગ ઈમીગ્રેશન



કેટેગરીના આધારે પ્રીમીયમ પ્રોસેસીંગ ફી 1780 ડોલરથી 2965 ડોલર સુધી હોઈ શકે છે. જો નવો નિયમ અમલમાં આવે તો ભારતીય સ્ટુડન્ટસ, વર્કર્સ પર અસર પડી શકે છે. તેમના માટે મુશ્કેલી વધી શકે છે.

ઈરાનના ઉર્જા - પરમાણું ઠેકાણાને નિશાન બનાવી શકાય છે : આ બોમ્બથી અનેક નાગરિકોનાં મોતનો પણ ખતરો

યુદ્ધ ખતમ કરવા ટ્રમ્પ ઈરાન પર ફેંકી શકે છે 'મધર ઓફ ઓલ બોમ્બ'



નવી દિલ્હી : અમેરિકા પોતાના સૌથી તાકતવર બોમ્બથી ઈરાન પર હુમલાની યોજના બનાવી રહ્યું છે. રિપોર્ટ મુજબ રાષ્ટ્રપતિ ટ્રમ્પ સંઘર્ષને ખતમ કરવા માટે અનેક વિકલ્પો પર વિચાર કરી રહ્યા છે.

તેમાંથી એક છે દેશનો સૌથી મોટો બિન પરમાણુ બોમ્બ જીબીયુ 43/બી મેસીવ ઓર્ડિનેન્સ એર બ્લાસ્ટ (એમઓએબી) નો ઉપયોગ એને સામાન્ય રીતે મધર ઓફ ઓલ બોમ્બ પણ કહેવામાં આવે છે.

ઉર્જા પરમાણું ઠેકાણા નિશાનમાં

ટ્રમ્પે સેનાને ઈવાનનાં ઠેકાણા ખાસ કરીને ઉર્જા માળખાને નિશાન બનાવવા યોજનાઓ તૈયાર કરવાનો નિર્દેશ આપ્યો છે. એમઓએબી બોમ્બથી ઈરાનના પરમાણું ઠેકાણા પર હુમલા કરવાની યોજના છે. પિકેકસ માઉન્ટેનને પણ ઠેકાણુ બનાવી શકાય છે. અમેરિકા અને ઈઝરાયેલનું માનવુ છે કે ઈરાને અહીં પરમાણુ કાર્યક્રમ સાથે સંકળાયેલા ભાગો અથવા ઉપકરણો રાખ્યા છે.

ટ્રમ્પ પર યુદ્ધ ખતમ કરવાનું દબાણ

અમેરિકામાં ટુંક સમયમાં મધ્યાવધી ચૂંટણી થનાર છે. આ સ્થિતિમાં રાષ્ટ્રપતિ ટ્રમ્પ પર ઈરાન સાથે સંઘર્ષ ખતમ કરવાનું દબાણ છે. તેના રેટીંગમાં પણ ઘટાડો આવી રહ્યો છે. અહેવાલો મુજબ ટ્રમ્પ પ્રશાસનનાં અધિકારી એવો રસ્તો શોધી રહ્યા છે જેમાં ટ્રમ્પ સૈન્ય જીતનો દાવો કરી અમેરીકી સેનાને પાછી બોલાવી શકે.

કેટલો શકિતશાળી છે આ બોમ્બ?

આ બોમ્બનું 9800 કિલો વજન છે. જમીનતી લગભગ 6 ફૂટ ઉપર ફાટે છે. હિરોશીમા પર ફેંકવામાં આવેલા પરમાણુ બોમ્બનાં વજન કરતા ડબલ છે તે જમીનથી ઉપર વિસ્ફોટ કરે છે જેથી મોટા વિસ્તારમાં તબાહી મચી શકે છે. એ અમેરિકાનો સૌથી શકિતશાળી બિન પરમાણું બોમ્બ છે.

આ બોમ્બથી અનેક લોકોનાં જીવ જઈ શકે

આ બોમ્બના ઉપયોગને લઈને નાગરીક સુરક્ષા પર પણ ચિંતા છે. આ બોમ્બનું વિસ્ફોટ ક્ષેત્ર ખૂબ જ મોટુ હોય છે જો વસ્તીવાળા વિસ્તાર પાસે ઉર્જા કે અન્ય પાયાના માળખાને નિશાન બનાવાયું તો સામાન્ય નાગરીકોને નુકશાનનો ખતરો વધી જાય છે.

સાઉદી અરેબિયામાં સમુદ્રની વચ્ચે ઓર્બ વિલા



સાઉદી અરેબિયાના શીબારા રિસોર્ટના અનોખા ઓર્બ વિલા ઈમારત અને પ્રકૃતિ વચ્ચે આધુનિક સ્થાપત્ય (વાસ્તુશિલ્પ)નો અદ્ભુત સંગમ રજૂ કરે છે. સમુદ્રનાં પાણીની વચ્ચે ચમકતાં ધાતુનાં ગોળાકાર માળખાં દૂરથી પાણી પર તરતાં કોઈ અંતરિક્ષ યાન જેવા દેખાય છે. આ વિલાઓની પરાવર્તક (રીફ્લેક્ટિવ) બહારની સપાટી આસપાસનાં સમુદ્ર, આકાશ અને બદલાતાં પ્રકાશને પોતાનામાં સમાવી લે છે. સાઉદી અરેબિયાના લાલ સાગર (રેડ સી) કિનારે વિકસિત આ રિસોર્ટ ભવ્ય પ્રવાસનને નવો સ્થાપત્યકીય આયામ આપે છે.

હિમવર્ષા : ગુલમર્ગમાં બરફની સફેદ ચાદર



બારામુલ્લા જિલ્લામાં આવેલાં ગુલમર્ગની પ્રખ્યાત અફરવાત પહાડની ટોચ પર તાજી હિમવર્ષા થતાં ચારેય તરફ બરફની સફેદ ચાદર પથરાઈ ગઈ છે. આ મનોરમ દ્રશ્યો વચ્ચે પ્રવાસીઓ અને સ્કીઅર્સ ઉત્સાહભેર સ્કીઈંગની મજા માણતાં નજરે પડ્યાં હતાં.

લીપ સેક્નડ વ્યવસ્થા ખત્મ કરવાની વિચારણા

તૈયારી...ભવિષ્યની ઘડિયાળોમાં વધારાની સેકન્ડ નહિ ઉમેરાય



ભારત સહિત 69 દેશો મતદાનના આધારે કરશે ફેંસલો : ઈન્ટરનેટ સર્વર, વિજ ગ્રીડ સહિત આધુનિક ટેકનોલોજીમાં ગરબડ રોકવાનો આશય

લંડન : દુનિયામાં સમય નકકી કરવાની પદ્ધતિમાં બદલાવ કરવાની વિચારણા શરૂ કરવામાં આવી છે. વૈજ્ઞાનિકો તથા સમય માપવાવાળા નિષ્ણાંતો ઘડીયાળમાં ઉમેરાતી વધારાની એક સેકન્ડ અર્થાત લીપ સેક્નડને ખત્મ કરવાનું વિચારી રહ્યા છે.

કોમ્પ્યુટર, ઈન્ટરનેટ સર્વર, વિજળી ગ્રીડ તથા નાણાકીય માર્કેટોની આધૂનિક ટેકનોલોજીમાં લીપ સેક્નડ આધારીત ગરબડ રોકવાના આશયથી આ વિચારણા શરૂ કરવામાં આવી છે.અત્યારે દુનિયાનો અધિકૃત સમય અણુ ઘડીયાળથી નકકી થાય છે. જે એકદમ સચોટ છે.

બીજી તરફ પૃથ્વી પોતાની ધરી પર ફરે છે છતા તેની ક્ષતિ એકસમાન નથી એટલે સમયમાં અંતર ઉભુ થાય છે.આ સ્થિતિ રોકવા માટે વખતોવખત ઘડીયાળોમાં એક સેક્નડ ઉમેરવામાં આવે છે.30 જુન અથવા 31 ડીસેમ્બરે રાત્રીની અંતિમ મીનીટોમાં ઘડીયાળોમાં એક સેક્નડનો ઉમેરો કરવામાં આવતો હોય છે.

લીપ સેક્નડથી ટેકનીકલ સંશાધનો માટે પરેશાની ઉભી થઈ શકે છે. ડેટા સર્વર નાણાંકીય, માર્કેટમાં કારોબાર તથા ડીજીટલ સેવાઓમાં સમયનો તાલમેલ અનિવાર્ય હોય છે. એક સેક્નડના ઉમેરાથી સોફ્ટવેરમાં મુશ્કેલી ઉભી થઈ શકે છે.

સમય સ્ટાર્ન્ડડ નકકી કરતી આંતર રાષ્ટ્રીય સંસ્થા ઈન્ટરનેશનલ બ્યુરો ઓફ વેટસ એન્ડ પ્રેજર્સનાં 69 સદસ્ય દેશો સેક્નડ ઉમેરો રદ કરવાની દરખાસ્ત પર મતદાન કરશે. ભારત પણ તેમાં સામેલ છે.

બહુમતીથી દરખાસ્ત પસાર થાય તો 2027 થી નિર્ણય લાગુ થશે જે મુજબ અણુ ઘડીયાળથી નકકી થતા સમયને પૃથ્વીના ચકકર સાથે જોડીને નિયત કરવાની આવશ્યકતા નહીં રહે. અર્થાત લીપ સેક્નડની વ્યવસ્થા જ ખત્મ થઈ જશે.

કયારે-કયારે મુશ્કેલી થઈ

- 2012 માં લીપ સેક્નડ ઉમેરાતા રેડીટ તથા લિંકડઈન જેવી વેબસાઈટોને મુશ્કેલી થઈ હતી.
- ઓસ્ટ્રેલીયન એરલાઈન્સ કવાંટસની ટીકીટ બુકીંગ પ્રણાલી પર પ્રભાવ પડયો હતો.
- ડીસેમ્બર 2016 માં પણ લીપ સેક્નડના ઉમેરા બાદ કલાઉડ કોમ્યુનીટી કંપની કલાઉડ લેયરના અમુક ગ્રાહકોની સેવામાં વિક્ષેપ સર્જાયો હતો.

બે પદ્ધતિથી સમય નકકી થાય છે

દુનિયામાં સમય નકકી કરવા માટે બે પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે પ્રથમ પદ્ધતિ પૃથ્વીના પરિભ્રમણ તથા આકાશમાં સુર્યની સ્થિતિ આધારીત છે. બીજી પદ્ધતિ અણુ ઘડીયાળ આધારીત છે જે સચોટ છે. કુદરતી કંપન માપીને તે નકકી કરાય છે અને તેના આધારે દુનિયાના સમયના સ્ટાર્ન્ડડ નકકી થાય છે તેને કો-ઓર્ડીનેટેડ યુનિવર્સલ ટાઈમ કહેવામાં આવે છે.

લીપ સેકન્ડ શું છે?

પૃથ્વીની ગતિમાં થોડો ઘણો ફેરફાર થતો રહે છે એટલે અણુ ઘડીયાળ તથા પૃથ્વીના ચકકરના સમયમાં અંતર ઉભુ થાય છે તેને મર્યાદિ કરવા માટે 1972 થી અત્યાર સુધીમાં 27 વખત દુનિયાની ઘડીયાળોમાં એક એક સેક્નડનો ઉમેરો કરવામાં આવ્યો છે. તેને લીપ સેક્નડ કહેવાય છે.

ટ્રમ્પ રેવડી વહેંચવાના માર્ગે! મિડ ટર્મ પોલ પહેલા 500 ડોલરના ચેક વહેંચવાનું શરૂ!

બાઇડન - ઓબામા સરકારે હેલ્થકેરના સંચાલન માટે લોકો પાસેથી વધારે લીધેલા પૈસા પાછા આપવાનો દાવો



વોશિંગ્ટન : મિડટર્મ ઈલેક્શન પહેલા ટ્રમ્પ એડમિનિસ્ટ્રેશને અમુક અમેરિકન્સને 500 ડોલરના રિફંડ ચેક મોકલવાનું શ કરી દીધું છે, આ ચેકની સાથે ટ્રમ્પની સહીવાળો એક લેટર પણ મોકલવામાં આવી રહ્યો છે જેમાં 500 ડોલર માટે પણ ટ્રમ્પ જશ ખાટી રહ્યા છે.

આ ચેક અફોર્ડેબલ કેર એક્ટ હેઠળ હેલ્થ ઈન્શ્યોરન્સ મેળવનારા અમેરિકન્સને મોકલવામાં આવી રહ્યો છે. ટ્રમ્પે રિસિવર્સને ચેકની સાથે મોકલાઈ રહેલા લેટરમં બાઈડન એડમિનિસ્ટ્રેશન અને ઓબામાકેરની આકરી ટીકા કરતા હેલ્થકેરનો ખર્ચો ઘટાડવા માટે પોતાની સરકાર દ્વારા કરવામાં આવેલા પ્રયાસોની પોતે જ સરાહના કરી છે. ન્યૂયોર્ક ટાઈમ્સના અંદાજ અનુસાર લગભગ એકાદ મિલિયન અમેરિકન્સને 500 ડોલર રિફંડ તરીકે ચૂકવવામાં આવશે.

ટ્રમ્પ સરકારનો દાવો છે કે, બાઈડન એડમિનિસ્ટ્રેશને વર્ષો સુધી .ના સંચાલન માટે લોકો પાસેથી વધારે પૈસા લીધા હતા. આ પૈસા મહેનતુ અમેરિકનોના છે, સરકારના નહીં અને હવે પોતાની સરકાર આ રકમને પાછી આપી રહી છે. ટ્રમ્પ એડમિનિસ્ટ્રેશન ઈલેક્શન પહેલા જે 500 મિલિયન ડોલરની લ્હાણી કરી રહ્યું છે તેના માટેની રકમ ઈન્શ્યોરન્સ માર્કેટપ્લેસિસના મેનેજમેન્ટ પર નજર રાખવા માટેના ફંડમાંથી આપવામાં આવી રહી છે. બાઈડનની સરકાર વખતે મોટી સંખ્યામાં લોકોએ કવરેજ માટે નામ નોંધાવતા આ ફંડ સરપ્લસ થઈ ગયું હતું તેમજ ટ્રમ્પ એડમિનિસ્ટ્રેશને તેના માટેના એડવર્ટાઈઝ તેમજ એનરોલમેન્ટ આસિસ્ટન્સ સહિતના ખર્ચા પર કાપ મૂકતા પૈસા વપરાયા વિનાના પડી રહ્યા હતા.


હાલ જે લોકોને 500 ડોલર રિફંડ મળી રહ્યું છે તે વન-ટાઈમ પેમેન્ટ છે, પરંતુ જેમને ચેક મળ્યો છે તેમણે આવતા વર્ષથી ફરી ઈન્શ્યોરન્સ માટે વધુ પૈસા ચૂકવવા પડશે. તેના માટે નવેમ્બર 01થી એનરોલમેન્ટ શ થઈ રહ્યું છે અને આ વખતે ઈન્શ્યોરન્સ કંપનીઓ 15 ટકા વધુ ચાર્જ વસૂલી રહી છે.

2026ની મિડટર્મ ચૂંટણીમાં રિપબ્લિકન્સ સેનેટ અને હાઉસ ઓફ રિપ્રેઝેન્ટેટિવ્ઝમાં બહુમતી ગુમાવી શકે છે તેવી શક્યતાઓ વચ્ચે ટ્રમ્પ એડમિનિસ્ટ્રેશન મતદારોને આકર્ષવા માટે પાણીની જેમ ડોલર્સ વહાવી રહ્યું છે. હજુ ગયા મહિને જ તેમણે જો રિપબ્લિકન્સની બહુમતી જળવાયેલી રહી તો દરેક એડલ્ટ અમેરિકનને પાંચ હજાર ડોલરનો ચેક આપવાનો વાયદો કર્યો હતો. એક્ટિવ મિલિટરી સર્વિસ મેમ્બર્સમાટે 1,776 ડોલરના ટેક્સ ફ્રી વૉરિયર ડિવિડન્જની પણ તેમણે જાહેરાત કરી હતી. તેમની પહેલી ટર્મની પૂર્ણાહુતી વખતે પણ 2020માં ટ્રમ્પે મેડિકેરના લાભાર્થીઓને ડ્રગ કોસ્ટ ઘટાડવા માટે 200 ડોલરના વાઉચર આપવાની દરખાસ્ત મૂકી હતી પરંતુ તેમાં આગળ કશુંય નહોતું થઈ શક્યું. શું આપને લાગે છે કે 2026માં આ પ્રકારની ખૈરાત કે પછી તેની જાહેરાતો કરી ટ્રમ્પ વોટર્સને આકર્ષિત કરી શકશે? આપના વિચાર અમને કમેન્ટમાં ચોક્કસ જણાવજો.

સ્વામી. મંદિર પર પથ્થરમારાની ઘટનાના બે સપ્તાહમાં જ વધુ ખોફનાક હુમલાની તૈયારી હતી

નવરાત્રી સમયે જ અમેરિકામાં હિન્દુ મંદિર પર હુમલાનું ષડયંત્ર નિષ્ફળ

19 વર્ષનો છોકરો ઈલીનોઈસના અરોરા મંદિર પર હુમલો કરવા ગયો જ હતો : રાઈફલ 'જામ' થતા પરત : પોલીસે બાતમી પરથી ઝડપ્યો, શક્તિશાળી રાઈફલ 10 વખત માસશુટીંગ કરી શકાય તેટલા મેગઝીન- ભારતીય વિરોધી સાહિત્ય મળી આવ્યા



ન્યુયોર્ક: અમેરિકામાં હિન્દુ મંદિરો પર હુમલાની ઘટનાઓની થઈ રહેલા વધારા વચ્ચે હવે અહીના ઈલીનોય રાજયમાં હિન્દુ મંદિર પર હુમલાનું મોટું ષડયંત્ર રચી રહેલા એક શ્વેત-કટ્ટરવાદી જે ખાસ કરીને દક્ષિણ એશિયાઈ અને ભારતીયોને ધિક્કારે તેવી વિચારધારાનો શિકાર બન્યા છે. તેના આવાસ પર દરોડામાં અમેરિકી ફેડરલ પોલીસે એક શક્તિશાળી રાઈફલ એક કારતૂસની મેગેઝીન તથા સેકડો વધારાના કારતૂસ અને હુમલા તથા સુરક્ષા માટેના અનેક સામાન હાથ ધર્યા છે.

નવરાત્રી સમયે જ વાસ્તવમાં તે તા.11ના રોજ તેના માતાના ઘર પાસે અરોરા મંદિર પર હુમલો કાર લઈને કરવા પણ ગયો હતો પણ અંતિમ ઘડીએ તેની રાઈફલ જામ થઈ જતા પરત આવ્યો હતો. આ પ્રકારે હુમલાની તૈયારીમાં લાગી જવાનો હતો પણ તે પુર્વે તેને એક સંદેશના આધારે તેના ઘરની બહાર જ ઝડપી લેવાયો હતો. 19 વર્ષના આ યુવકની ઓળખ એલેકસાન્ડ્રોસ પોપોરાકિસ તરીકે થઈ છે જે આ રાજયના પેલેટાઈનનો રહેવાસી છે. તેના આ સામાનમાં કટ્ટરવાદી દસ્તાવેજો પણ મળ્યા છે તથા તે વ્હાઈટ-શ્વેત-કટ્ટરવાદથી પિડાતો હોવાનું બહાર આવ્યું છે. વાસ્તવમાં તેણે 11 ઓકટોના ઓરારા સ્થિત હિન્દુ મંદિરને ટાર્ગેટ કરવાની તૈયારી હતી પણ પ્રથમ વખત નિષ્ફળ ગયા બાદ પરત આવતો હતો.

તે સમયે તેને ઝડપી લેવાયો હતો. બાદમાં તેના ઘરની તલાશીનું વોરન્ટ મેળવવામાં આવ્યું હતું. જેમાં આ હથિયાર તથા દસ્તાવેજો મળ્યા હતા. પાપારોકિસ પર આતંકવાદી ધમકી આપવા તથા મંજુરીથી વધુ રાખવાના આરોપ મુકયા છે તથા હવે તે કોઈ કટ્ટરવાદી સંસ્થા સાથે સંકળાયેલો છે કે કેમ તે તપાસ થઈ રહી છે.

તેની પાસેથી જે દસ્તાવેજો મળ્યા તેમાં વાય-આઈ ફોર એ.કે.એ. (અરોરા શુટર્સ એન્ટીફેરટો)માં એશિયાઈ મુળ નાવ કરીને ભારતીય મૂળના લોકો વિરોધી હિંસાનો ઉલ્લેખ છે.

આ 19 વર્ષનો છોકરો તા.1 ઓકટોબરથી હુમલાની તૈયારી કરી રહ્યો હતો તેને હવે તા.30 ઓકટોબરથી પોલીસ કસ્ટડીમાં મોકલી અપાયા છે. દિવસમાં અમેરિકામાં ઓહાયો સ્થિત રીચમંડ હાઈટસના સ્વામીનારાયણ મંદિર પર હુમલો થયો અને તેના બારીના કાચ તોડવામાં આવ્યા હતા. જેમાં હજુ કોઈની ધરપકડ થઈ નથી ત્યાં જ આ નવું ષડયંત્ર જારી થયું છે.

સહકર્મીને હથિયારોની તસ્વીર મોકલી અને પ્લાન અંગે પોલીસને જાણ થઈ ગઈ

રાઈફલ જામ થતા સ્થળ પર જ સર્ચ કરી કેમ યોગ્ય કરવી તે પણ જાણ્યું હતું

એનબીસી- શિકાગોના રિપોર્ટ મુજબ 19 વર્ષનો પોપોરોકિસે તેના એક મિત્રને એક દસ્તાવેજ શેર કર્યો તેના પરથી પોલીસ એલર્ટ થઈ ગઈ હતી તે એક સ્થાનિક કંપનીમાં કામ કરતો હતો. તેના એક સહકર્મીને જે દસ્તાવેજ શેર કર્યા તેમાં તેના હુમલાની તૈયારીની માહિતી હતી તથા તેની પાસેથી રાઈફલ અને શસ્ત્રોની તસ્વીરો પણ હતી.

આ સહકર્મચારીએ પોલીસને એલર્ટ કરી દીધી હતી તેથી તે અરોરા મંદિર પરના હુમલાનો નિષ્ફળ પ્રયાસ બાદ પરત આવી રહ્યો હતો તે સમયે જ તેને ઝડપી લેવાયો હતો. તેણે રાઈફલ જામ થયા બાદ તુર્તજ ઈન્ટરનેટ પર જામ થયેલી રાઈફલને ફરી કેમ યોગ્ય કરવી તે માહિતી પણ સર્ચ કરી હતી.

આમ તે ફરી હુમલો કરે તેવી તૈયારી હતી તેની પાસેથી બોર્ડ આર્મર પણ મળ્યા છે જેથી હુમલા સમયે તેના પર ગોળીબાર થાય તો પણ તે બચી શકે તે તૈયારી હતી. અમેરિકા પોલીસે આ ષડયંત્ર પકડાયા બાદ અરોરા મંદિર સુધી આસપાસના મંદિરોને એલર્ટ કરી દીધા હતા. હવે એફબીઆઈ પણ આ તપાસમાં જોડાઈ છે.

સ્કીલ્ડ વર્કર્સ સરળતાથી કંપની છોડી અન્યમાં જઈ શકશે : વર્કર્સના ઈમિગ્રેશન સ્ટેટસને પણ કોઈ ખતરો નહીં રહે

બ્રિટનમાં વર્ક વીઝાને લઈને મોટુ અપડેટ

ભારતીયોને ફાયદો : કંપની શોષણ નહી કરી શકે

લંડન : બ્રિટનમાં વર્ક વીઝાને લઈને નવું અપડેટ આવ્યુ છે, જેનાથી ભારતીય વર્કર્સને ફાયદો છે. બ્રિટનમાં હવે વર્ક વિઝાને લઈને નવા સુરક્ષા નિયમ લાગુ થઈ ચૂકયા છે જે અંતર્ગત 'સ્કીલ્ડ વર્કર વીઝા' પર કામ કરનાર અને આધુનિક ગુલામીનો શિકાર બનેલા લોકો, ખરાબ વર્તન કરનાર એમ્પ્લોયર એટલે કે નોકરીદાતા કંપનીને છોડીને અન્ય કોઈ કાનુની કામ કરી શકશે. આથી તેમના વીઝાના બચેલા સમયગાળા દરમિયાન તેમના ઈમીગ્રેશન સ્ટેટસ પર કોઈ ખતરો નહીં આવે હોમ ઓફીસે 9 ઓકટોબરે આ ફેરફારની જાહેરાત કરી હતી. બ્રિટીશ સરકારના આ મહત્વના ફેસલાથી બ્રિટનમાં રહેતા ભારતીય વર્કર્સને ફાયદો થશે. સામાન્ય રીતે વર્કર્સ કોઈ એવી કંપનીના ચુંગાલમાં ફસાઈ જતા હતા, જે તેમનું શોષણ કરતી હતી. કંપની તરફથી જરૂરતથી વધુ કામ કરાવાતું હતું. હવે આ પ્રકારની કંપનીઓમાં ફસાયેલા વર્કર્સ માટે તેને છોડવી સરળ થઈ જશે. આટલુ જ નહીં, તેના ઈમીગ્રેશન સ્ટેટસ પર પણ કોઈ પ્રકારનો ખતરો નહીં રહે. નવા નિયમો મુજબ હોમ ઓફિસથી આધુનિક ગુલામીના શિકાર તરીકે ઔપચારીક રીત ઓળખાયેલા વર્કર્સ હવે કોઈ ખાસ સ્પોન્સરથી બાંધેલો નહીં રહે. સરકારે કહ્યું હતું કે આ ફેરફારથી પીડિતોને શોષણથી બચવામાં મદદ મળશે અને કંગાળીનો ખતરો નહીં ઉઠાવવો પડે.



પુલ અને રોડ નિર્માણમાં AI નો ઉપયોગ અનિવાર્ય : કેન્દ્ર સરકારનો મોટો નિર્ણય

ઝારખંડ સહિત તમામ રાજ્યોને મોકલાયું સર્કયુલર ; ઓટોમેટેડ ટેકનિકથી સમયસર અને સચોટ કામ થશે



નવી દિલ્હી : ભારત સરકારનાં સડક પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય દ્વારા દેશભરમાં પુલ અને રોડ નિર્માણ માટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) નો ઉપયોગ અનિવાર્ય કરી દેવામાં આવ્યો છે. ખાસ કરીને કેન્દ્ર સરકારનાં આર્થિક સહયોગથી બનતી તમામ પરિયોજનાઓમાં આ નિયમ ફરજિયાત લાગું કરવામાં આવશે. આ સંદર્ભમાં મંત્રાલય દ્વારા ઝારખંડ સહિત તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને સત્તાવાર સર્કુલર મોકલી દેવામાં આવ્યો છે, જેનાથી માળખાકીય વિકાસના કાર્યોમાં પારદર્શિતા આવશે.

આ આધુનિક અને સ્વચાલિત ટેકનિકનું નામ 'ઓટોમેટેડ એન્ડ ઈન્ટેલિજન્સ મશીન એડેડ કન્સ્ટ્રક્શન' (z) છે, જેના દ્વારા માર્ગોનું નિર્માણ સંપૂર્ણપણે ચોકસાઈપૂર્વક થશે. આ પદ્ધતિમાં ગ્રેડર, પેવર અને રોલર કમ્પેક્ટર જેવી મશીનો પર સેન્સર, કમ્પ્યુટર અને થ્રી-ડી જીપીએસ (3D GPS) સિસ્ટમ ફિટ કરવામાં આવે છે. મશીનમાં રોડનું થ્રી-ડી ડિઝાઈન ફીટ કરી દેવામાં આવતું હોવાથી તે ડિઝાઈન મુજબ જ માટી ભરવાનું અને રસ્તાની સપાટી તૈયાર કરવાનું કામ જાતે જ કરે છે.

આ નવી વ્યવસ્થા હેઠળ રોડ નિર્માણની નિવિદામાં માત્ર તે જ કોન્ટ્રાક્ટરોને ભાગ લેવાની તક મળશે જેની પાસે એઆઈ-આધારિત સક્ષમ મશીનરી ઉપલબ્ધ હોય. નિર્માણ કાર્ય દરમિયાન દરેક પરતની ગુણવત્તા અને મજબૂતાઈ સ્વચાલિત રીતે કમ્પ્યુટરમાં રેકોર્ડ થતી જશે.

આ ડેટા સુરક્ષિત રહેવાથી સરકારી ઈજનેરો ગમે ત્યારે કમ્પ્યુટર પર તેની ચકાસણી કરી શકશે, જેથી કામમાં કોઈપણ પ્રકારની લોલભોલ કે માનવીય ત્રુટિને કોઈ અવકાશ રહેશે નહીં. પરંપરાગત પદ્ધતિઓની સરખામણીમાં આ ટેકનિકથી બનેલાં રસ્તાઓ વધુ મજબૂત, સપાટ અને લાંબા સમય સુધી ટકી રહેનારા હશે.

મશીનો દ્વારા ચોક્કસ માત્રામાં સામગ્રીનો ઉપયોગ થવાથી સમયસર પ્રોજેક્ટ પૂરા થવામાં પણ મોટી મદદ મળશે. રાષ્ટ્રીય ધોરીમાર્ગ પ્રાધિકરણ (NHAI) ના અધિકારીઓનાં જણાવ્યાં મુજબ, આ દૂરગામી પગલાથી દેશના ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેક્ટરમાં ક્રાંતિકારી ફેરફારો જોવા મળશે.

"હું પહેલેથી જ લાઈનમાં છું...": મસ્કના સ્ટારલિંક વિવાદ પર સુનીલ મિત્તલનો જડબાતોડ જવાબ

ભારતી એરટેલના ચેરમેને કર્યો ખુલાસો, કહ્યું - અમારી કંપનીએ 5 વર્ષ પહેલાં જ સેટેલાઈટ ઈન્ટરનેટ માટે અરજી કરી છે અને ગ્રાઉન્ડ નેટવર્ક પણ તૈયાર છે



નવી દિલ્હી : અમેરિકી ઉદ્યોગપતિ એલોન મસ્કે ભારતમાં સ્ટારલિંકની એન્ટ્રીમાં થઈ રહેલાં વિલંબને લઈને મુકેશ અંબાણી અને મોદી સરકાર પર સવાલો ઉઠાવ્યાં હતાં, જેનાં સમર્થનમાં લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી પણ આવ્યાં હતાં.

મસ્કે સોશિયલ મીડિયા પર એવો આક્ષેપ કર્યો હતો કે જિયો જેવી કંપનીઓનાં દબદબાને કારણે ભારત સરકાર તેમની સેટેલાઈટ ઈન્ટરનેટ સેવાને મંજૂરી નથી આપી રહી અને શું અંબાણી ભારતના અસલી બોસ છે? આ વિવાદ વચ્ચે હવે ભારતી એન્ટરપ્રાઈઝના ચેરમેન સુનીલ ભારતી મિત્તલે આગળ આવીને મસ્કનાં તમામ દાવાઓની પોલ ખોલી નાખી છે.

સુનીલ ભારતી મિત્તલે 'બલૂમબર્ગ ન્યૂ ઈકોનોમી ફોરમ ૨૦૨૬' ના મંચ પરથી સ્પષ્ટ કર્યું છે કે માત્ર મસ્ક જ નહીં, પરંતુ ભારતી એરટેલ પણ લાંબા સમયથી મંજૂરીની કતારમાં ઉભેલી છે. તેમણે જણાવ્યું કે એરટેલે સેટેલાઈટ આધારિત ઈન્ટરનેટ સેવા માટે ૫ વર્ષ પહેલાં જ અરજી કરી દીધી હતી.

તેમનું ગ્રાઉન્ડ નેટવર્ક છેલ્લાં ૩ વર્ષથી સંપૂર્ણપણે તૈયાર છે. મિત્તલે કટાક્ષ કરતાં કહ્યું કે તેઓ આ મંજૂરી મેળવવાની કતારમાં એલોન મસ્ક કરતાં ઘણાં આગળ છે અને જો તેમની કંપનીને થોડા દિવસ વહેલી પરવાનગી મળશે તો તેમને ખુશી થશે.

સરકાર અને ભાજપ તરફથી પણ આ મામલે સ્પષ્ટતા કરવામાં આવી છે કે ભારત સરકારની સ્પેક્ટ્રમ ફાળવણી અને લાયસન્સની પ્રક્રિયા સંપૂર્ણપણે પારદર્શક અને ભેદભાવ રહિત છે. ભાજપનાં નેતાઓએ રાહુલ ગાંધી અને એલોન મસ્ક પર પ્રહાર કરતાં કહ્યું કે ભારત અને તેના નેતૃત્વ પ્રત્યે સન્માન રાખવું જોઈએ, કારણ કે જિયો અને એરટેલ જેવી ભારતીય કંપનીઓ પણ આ લાઇસન્સ માટે નિયમ મુજબ રાહ જોઈ રહી છે. સરકારનાં મતે, સુરક્ષા તપાસ અને સ્પેક્ટ્રમ સાથે જોડાયેલી જરૂરી પ્રક્રિયાઓ તમામ કંપનીઓ માટે સમાન રીતે લાગું પડે છે. દૂરસંચાર ક્ષેત્રનાં આ વિવાદ પાછળનું મુખ્ય કારણ સેટેલાઈટ ઈન્ટરનેટનું ભવિષ્ય છે, જે એવા દુર્ગમ અને પહાડી વિસ્તારો માટે અત્યંત મહત્વપૂર્ણ છે જ્યાં મોબાઈલ ટાવર કે ફાઈબર ઓપ્ટિક્સ પહોંચાડવું મુશ્કેલ હોય છે. આ માર્કેટમાં સ્ટારલિંક ઉપરાંત ભારતી એરટેલ સમર્થિત યુટેલસેટ વનવેબ અને રિલાયન્સની જિયો સેટકોમ જેવી દિગ્ગજ કંપનીઓ પણ રેસમાં સામેલ છે. નિયમો અને સુરક્ષા મંજૂરીઓની આ પ્રક્રિયા તમામ કંપનીઓ માટે સમાન ધોરણે ચાલી રહી હોવાથી મસ્કનો આક્ષેપ પાયાવિહોણો સાબિત થાય છે.

ટેલિકોમ અને સેટેલાઈટ ઈન્ટરનેટ ઉપરાંત ભારતી એરટેલ ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ડેટા સેન્ટરના વ્યવસાયમાં પણ મોટું રોકાણ કરી રહી છે. કંપની પોતાની ડેટા સેન્ટર ક્ષમતાને વધારીને એક ગીગાવાટ સુધી લઈ જવાની યોજના ધરાવે છે.

જેથી ભારતીય એજન્સીઓ અને સુરક્ષા દળોને સુરક્ષિત સોવરિન ક્લાઉડ સર્વિસ મળી શકે. આ મંચ પરથી સુનીલ મિત્તલે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની સુરક્ષા માટે વૈશ્વિક સ્તરે કડક નિયમો બનાવવાની પણ વકાલત કરી હતી.

વેટિકનની પુષ્ટિ : રોમની હોસ્પિટલમાં 90 મિનિટ ચાલી સફળ સર્જરી : 20 ઓક્ટોબર સુધીનાં તમામ જાહેર કાર્યક્રમો રદ્દ

ફેફસાના કેન્સર સામે જંગ લડી રહ્યાં છે પોપ લિયો : સર્જરી પછી જમણા ફેફસાનો ભાગ કાઢી નાખવામાં આવ્યો



રોમ : કેથોલિક ચર્ચના વડા 71 વર્ષીય પોપ લિયોને ફેફસાનું કેન્સર હોવાની પુષ્ટિ કરવામાં આવી છે. વેટિકન દ્વારા જણાવવામાં આવ્યું છે કે રોમની જેમેલી હોસ્પિટલમાં 90 મિનિટ સુધી ચાલેલી સર્જરી દરમિયાન ડોક્ટરોએ તેમનાં જમણા ફેફસાનો નીચલો ભાગ સફળતાપૂર્વક કાઢી નાખ્યો છે. ઓપરેશન બાદ પોપ ભાનમાં આવી ગયા છે અને હાલ હોસ્પિટલમાં આરામ કરી રહ્યાં છે. પોપ લિયોની તબિયતને ધ્યાનમાં રાખીને આગામી 20 ઓક્ટોબર સુધીનાં તેમનાં તમામ જાહેર કાર્યક્રમો રદ્દ કરવામાં આવ્યાં છે. વેટિકનના જણાવ્યાં અનુસાર, તેમને હજુ લગભગ એક અઠવાડિયા સુધી હોસ્પિટલમાં રહેવું પડી શકે છે. હોસ્પિટલ જતાં પહેલાં તેમને એસયુવી કારમાં બેસીને લોકોનું અભિવાદન કરતાં પણ જોવામાં આવ્યાં હતાં. મે 2025માં કેથોલિક ચર્ચના વડા તરીકે ચૂંટાયેલા પોપ લિયોનો જન્મ અમેરિકાનાં શિકાગોમાં થયો હતો. પોપ બનતાં પહેલાં તેમણે પેરુમાં લાંબા સમય સુધી મિશનરી અને બિશપ તરીકે સેવાઓ આપી હતી. અગાઉ 1985માં તેઓ પેરુમાં ટાઈફોઈડ તાવ જેવી ગંભીર બીમારીનો ભોગ બની ચૂક્યાં છે, પરંતુ તાજેતરનાં સમયમાં તેમના સ્વાસ્થ્યને લઈને કોઈ મોટી ચિંતા સામે આવી નહોતી.

બ્રિટનમાં હિન્દુઓ વિરૂધ્ધ 'હેટ ક્રાઈમ'માં 15 ટકાનો વધારો : રિપોર્ટમાં ખુલાસો



લંડન : બ્રિટનમાં રહેતા હિન્દુ સમુદાય વિરુદ્ધના હેટ ક્રાઈમમાં રેકોર્ડ વધારો નોંધાયો છે. બ્રિટિશ સરકારના ગૃહ વિભાગ દ્વારાારી તાજેતરના આંકડા મુજબ, ઈંગ્લેન્ડ અને વેલ્સમાં હિન્દુઓને નિશાન બનાવીને કરવામાં આવતા ધાર્મિક હેટ ક્રાઈમના કેસોમાં છેલ્લા એક વર્ષમાં 15% નો ઉછાળો આવ્યો છે. માર્ચ 2025 થી આ વર્ષના માર્ચ મહિના વચ્ચે પોલીસે ઈંગ્લેન્ડ અને વેલ્સમાં કુલ 1,46,825 હેટ ક્રાઈમ નોંધ્યા છે. રિપોર્ટ અનુસાર, અહીં માત્ર હિન્દુઓ જ નહીં, પરંતુ ખ્રિસ્તી (24%), મુસ્લિમ (15%), યહૂદી (10%) અને શિખ (3%) સમુદાયો પણ સતત નફરતી હુમલાનો શિકાર બની રહ્યા છે. હિન્દુ કાઉન્સિલ યુકેના મેનેજિંગ ડિરેક્ટર અનિલ ભનોતના જણાવ્યા અનુસાર, હિન્દુઓના કિસ્સામાં વાસ્તવિક સ્થિતિ તદ્દન અલગ છે અને તેઓ ગંભીર શારીરિક હુમલાઓમાં વધારાનો સામનો કરી રહ્યા છે. તેમણે કહ્યું કે, આ સરકારી આંકડા વાસ્તવિક ચિત્ર રજૂ કરતા નથી, કારણ કે જો અપરાધ શારીરિક હુમલો ન હોય, તો ઘણા હિન્દુઓ હજુ પણ ચૂપચાપ સહન કરવાનું વધુ પસંદ કરે છે. તેઓ પોલીસમાં ફરિયાદ એટલા માટે નથી નોંધાવતા કારણ કે તેમને લાગે છે કે અધિકારીઓ આના પર કોઈ કાર્યવાહી નહીં કરે. તેમણે વધુમાં જણાવ્યું કે સુરક્ષા માટે હિન્દુ મંદિરો સરકારી ભંડોળ માટે અરજી તો કરી શકે છે, પરંતુ ઐતિહાસિક રીતે તેમને અત્યાર સુધી કોઈ રકમ ફાળવવામાં આવી નથી. બ્રિટિશ હિન્દુઓ માટે કામ કરનાર એડવોકેસી ગ્રૂપ 'ઈનસાઈટ યુકે' ના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, 'યહૂદીઓના પૂજા સ્થાનો (સિનાગોગ) અને મસ્જિદો માટે વિશેષ સુરક્ષા યોજનાઓ છે, જ્યારે હિન્દુ મંદિરો માટે આવી કોઈ અલગ વ્યવસ્થા નથી અને તેમને સામાન્ય ભંડોળના ખૂબ જ નાના હિસ્સા માટે પણ સ્પર્ધા કરવી પડે છે.'

ફક્ત દુષણોની ચિંતાથી બાળકોને આ અધિકારની વંચિત રાખી શકાય નહી

ઈન્ટરનેટ એ બાળકો સહિત તમામનો મુળભૂત અધિકાર : કેન્દ્ર



જીવન - અભિવ્યક્તિના બંધારણીય અધિકાર જેવો જ ઈન્ટરનેટ સુવિધાનો અધિકાર છે : બાળકોને રક્ષણ માટે ચાઈલ્ડ - મોડ - જેવી વ્યવસ્થા ઉભી કરવા સુપ્રીમનું સૂચન, ઈન્ટરનેટ એ તક - વિચારો - સર્જનાત્મકતાનું માર્કેટ પ્લેસ : અહી નવા આઈડીયા મળી રહે છે : ખંડપીઠનું તારણ

નવી દિલ્હીઃ દેશમાં સોશ્યલ મીડીયાના દૂષણોથી બાળકોને દુર કેમ રાખવા તે અંગે ચાલી રહેલી ચર્ચા તથા માંગણી વચ્ચે સુપ્રીમ કોર્ટે જાહેર કર્યુ કે બાળકો સહિત તમામ માટે ઈન્ટરનેટ એ મૂળભૂત અધિકાર છે અને ઓનલાઈન સલામતીના કારણે બાળકોને ઈન્ટરનેટથી વંચિત રાખી શકાય નહી.

સર્વોચ્ચ અદાલતે સાથોસાથ બાળકોના જાતીય શોષણ તથા જે બાળ અશ્લીતા અને બિભિત્સતાના મટીરીયલ ઓનલાઈન પ્લેટફોર્મ પરથી દુર કરવા આદેશ આપ્યા હતા તથા સોશ્યલ મીડીયામાં ચાઈલ્ડ મોડ માટે સલાહ આપી હતી.


સર્વોચ્ચ અદાલતના ન્યાયમૂર્તિ જે.બી. પારડીવાલા તથા ન્યાયમૂર્તિ ડો.વિનોદચંદ્રનની ખંડપીઠે જણાવ્યું કે બંધારણની કલમ 21 તથા 19(1) હેઠળ જે રીતે નાગરિકોને જીવન વ્યક્તિગત સ્વાતંત્રતા અને અભિવ્યક્તિની સ્વતંત્રતાના અધિકાર અપાયા છે તે જ રીતે ઈન્ટરનેટ સુવિધા મેળવવાનો અધિકાર છે અને તેનો ઈન્કાર થઈ શકે નહી. જેનો બાળકોને પણ ઈન્કાર થઈ શકે નહી.

બાળકો પછી કોઈ પણ ઉમરના હોય તેને આ અધિકાર છે પણ બાળકોને ઓનલાઈન કન્ટેન્ટના દુષણોથી બચાવવા માટેની સીસ્ટમ મજબૂત બનવી જોઈએ પણ તેના આધારે બાળકોને ઈન્ટરનેટ સેવાનો ઈન્કાર થઈ શકે નહી. સુપ્રીમકોર્ટે આ માટે સોશ્યલ મીડીયામાં ચાઈલ્ડ-મોડ જેવી વ્યવસ્થાની સલાહ આપી હતી. સુપ્રીમે કહ્યું કે બાળકોના સ્વાતંત્ર્ય અને ઓનલાઈન દુષણ એમ બે બાબતોનો ટકરાવ થવો જોઈએ નહી પણ તેના આધારે બાળકોને ઈન્ટરનેટની પુરી રીતે દુર રાખી શકાય નહી. કારણ કે આજના સમયમાં ઈન્ટરનેટના માધ્યમથી બાળકોને પણ મહત્વની માહિતી તથા નવું શીખવાની તક મળે છે. ઈન્ટરનેટ એ વિચારો, આઈડીયાનું એક મોટું બજાર છે તથા તે રચનાત્મકતાને પણ આગળ વધારે છે. ખાસ કરીને દુરના ક્ષેત્રના બાળકોને આ પ્રકારની તકોનો અભાવ છે ત્યાં ઈન્ટરનેટ તે પુરી પાડી શકે છે તથા તે મિત્રતાનો પણ માર્ગ છે જેમ અભિવ્યક્તિનો તથા કોઈપણ કાનુની વ્યાપારનો અધિકાર છે તેજ રીતે ઈન્ટરનેટ એ બંધારણના બક્ષેલા અધિકારમાં સામેલ છે. સુપ્રીમકોર્ટનું આ તારણ અત્યંત મહત્વનો છે. 2025માં પણ પ્રજ્ઞા પ્રસૂન વિ. ભારત સરકારના કેસમાં સર્વોચ્ચ અદાલતે આ પ્રમાણે વલણ લીધુ હતું.

સ્વામી. મંદિર પર પથ્થરમારાની ઘટનાના બે સપ્તાહમાં જ વધુ ખોફનાક હુમલાની તૈયારી હતી

હાર્વર્ડ, ઓક્સફર્ડ-યેલ : નેતાઓના સંતાનોની વિદેશી ડિગ્રીઓ વચ્ચે દેશ વાપસીની ચર્ચા

અમેરિકામાં H-1B વિઝા અને ગ્રીન કાર્ડ નિયમો કડક થતાં સ્વદેશ પાછા ફરવાની હાકલ ; નેતાઓનાં સંતાનોનાં ગ્લોબલ શિક્ષણ અને કરિયર પર મોટો ખુલાસો



નવી દિલ્હી : અમેરિકામાં H-1B વિઝા અને ગ્રીન કાર્ડ પરમિટ (PERM) ના નિયમો કડક થતાં તથા વર્ક પરમિટ અંગે અનિશ્ચિતતા ઊભી થતાં, વિદેશમાં વસતાં ભારતીયોને સ્વદેશ પાછા ફરીને દેશનાં આઈટી અને ટેકનોલોજી ક્ષેત્રને મજબૂત કરવા માટે હાકલ કરવામાં આવી રહી છે.

ઝોહોના સ્થાપક શ્રીધર વેમ્બુ અને પૂર્વ કેન્દ્રીય મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન સહિતનાં દિગ્ગજોએ ભારતીયોને દેશમાં પાછા આવીને નવી તકો ઝડપવા અપીલ કરી છે. આ ચર્ચાની વચ્ચે, ભારતીય રાજકીય નેતાઓનાં સંતાનોનાં વિદેશી શિક્ષણ અને તેમની વ્યાવસાયિક સફર પર દેશભરમાં મોટો રસ જાગ્યો છે.

મીડિયા અહેવાલો અને સાર્વજનિક માહિતી અનુસાર, ભાજપ અને કોંગ્રેસ સહિત દેશનાં વિવિધ રાજકીય પક્ષોના નેતાઓનાં સંતાનોએ વિશ્વની સૌથી પ્રતિષ્ઠિત યુનિવર્સિટીઓમાંથી ઉચ્ચ શિક્ષણ મેળવ્યું છે.

પીયૂષ ગોયલના પુત્ર ધ્રુવ ગોયલે હાર્વર્ડ બિઝનેસ સ્કૂલમાંથી શઓ કર્યું છે અને તેઓ મુંબઈ-ન્યૂયોર્કમાં ઈન્વેસ્ટમેન્ટ ફર્મ ચલાવે છે, જ્યારે તેમની પુત્રી રાધિકા ઓક્સફર્ડમાંથી ભણીને હાલ યુસી સેન ડિએગોમાં ઈકોનોમિક્સમાં પીએચડી કરી રહી છે.

વિદેશ મંત્રી એસ. જયશંકરના પુત્ર ધ્રુવ જયશંકરે જ્યોર્જટાઉન યુનિવર્સિટીમાંથી સિક્યોરિટી સ્ટડીઝમાં એમ.એ. કરી વોશિંગ્ટનમાં થિંક ટેન્ક 'ORF અમેરિકા'ના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર તરીકે કાર્યરત છે.

તેવી જ રીતે, નાણાં મંત્રી નિર્મલા સીતારામનની પુત્રી વાંગમયી પરાકલાએ નોર્થવેસ્ટર્ન યુનિવર્સિટીની મેડિલ સ્કૂલમાંથી જર્નાલિઝમમાં માસ્ટર્સ કર્યું છે અને તે અગ્રણી અખબારોમાં લેખક તથા પત્રકાર તરીકે કાર્યરત છે. કૃષિ મંત્રી શિવરાજસિંહ ચૌહાણના પુત્ર કાર્તિકેયે પેન્સિલવેનિયા યુનિવર્સિટીમાંથી કાયદામાં માસ્ટર્સ (LLM) કર્યું છે અને ડેરી બિઝનેસ ચલાવવાની સાથે રાજકારણમાં સક્રિય છે, જ્યારે તેમનાં બીજા પુત્ર કુણાલે ન્યૂયોર્ક યુનિવર્સિટીમાંથી અભ્યાસ કર્યો છે.

નાગરિક ઉડ્ડયન મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાના પુત્ર મહાઆર્યમન સિંધિયાએ યેલ યુનિવર્સિટીમાંથી રાજનીતિશાસ્ત્રમાં સ્નાતક કર્યું છે અને તેઓ એમપી ક્રિકેટ એસોસિએશનના પ્રમુખ છે, જ્યારે તેમની પુત્રી અનન્યા રાજે ગુગલ ડીપમાઈન્ડ (USA) માં ડિઝાઈનર છે. બીજી તરફ, રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવની પુત્રી તાન્યા વૈષ્ણવે યુકેની યુનિવર્સિટીમાંથી MBA કર્યું છે અને તે બ્યુટી તથા વેલનેસ ક્ષેત્રે ઉદ્યોગસાહસિક છે. વિપક્ષી નેતાઓની વાત કરીએ તો, કોંગ્રેસના સાંસદ પી. ચિદમ્બરમના પુત્ર કાર્તિ ચિદમ્બરમે કેમ્બ્રિજમાંથી કાયદાની પદવી મેળવી છે અને હાલ સાંસદ છે.

શશી થરૂરના પુત્ર ઈશાન થરૂરે યેલ યુનિવર્સિટીમાંથી શિક્ષણ મેળવી 'ધી ન્યૂયોર્કર'માં વૈશ્વિક બાબતોના કોલમનિસ્ટ તરીકે સ્થાન બનાવ્યું છે. જ્યારે સપા નેતા અખિલેશ યાદવની પુત્રી અદિતિ યાદવ લંડનની 'યુનિવર્સિટી કોલેજ લંડન' (UCL) માંથી ઈન્ટરનેશનલ રિલેશન્સનો અભ્યાસ કરી રહી છે.

વિદેશમાં મેળવેલી આ ઉચ્ચ પદવીઓ બાદ ઘણા નેતાઓનાં સંતાનો રિસર્ચ, પત્રકારત્વ, ડેરી-કૃષિ ઉદ્યોગ, સ્પોર્ટ્સ એડમિનિસ્ટ્રેશન અને આઈટી ક્ષેત્રે સફળ કરિયર બનાવી રહ્યાં છે.

એક તરફ વિદેશી વિઝાના કડક નિયમોને કારણે સામાન્ય ભારતીય વિદ્યાર્થીઓ અને ટેકનોક્રેટ્સ સામે અનિશ્ચિતતા ઊભી થઈ રહી છે, ત્યારે આ પરિસ્થિતિ વચ્ચે ભારતમાં જ ઉચ્ચ કક્ષાની નોકરીઓ, વૈશ્વિક સંશોધન અને ટેકનોલોજીકલ વાતાવરણ ઊભું કરવાનો મોટો પડકાર સામે આવ્યો છે.

સાયબર એટેક : હેકર્સે ફ્રાન્સનાં સુપરમાર્કેટ્સના ફ્રિજનો પારો 50 ડિગ્રીએ પહોંચાડ્યો : આગ લાગી

ડેનમાર્કની કંપનીનાં સોફ્ટવેરની ખામીના કારણે સાયબર હુમલો થયો હોવાનો ખુલાસો ; યુરોપનાં અન્ય દેશોમાં પણ ફ્રિજિંગ સિસ્ટમ પર અસર



પેરીસ : ફ્રાન્સનાં સુપરમાર્કેટ્સમાં એક અભૂતપૂર્વ અને ગંભીર સાયબર અટેકની ઘટના સામે આવી છે. હેકર્સે ફ્રાન્સનાં સેંકડો સુપરમાર્કેટ્સમાં ઈન્ટરનેટથી કનેક્ટેડ રેફ્રિજરેટર્સ અને ફ્રીઝર્સનું તાપમાન રાતોરાત વધારીને 50 ડિગ્રી સેલ્સિયસ (122 ડિગ્રી ફેરેનહીટ) સુધી પહોંચાડી દીધું હતું.

આ તાપમાન વધવાના કારણે ફ્રિજમાં રાખવામાં આવેલો અનેક ટન ખોરાક, આઈસ્ક્રીમ અને ગ્રોસરીનો સામાન ઓગળીને બગડી ગયો હતો, જ્યારે કેટલીક જગ્યાએ શોર્ટ સર્કિટના કારણે આગ લાગવાના બનાવો પણ બન્યાં હતાં. ફ્રાન્સનાં પેરિસ પ્રોસિક્યુટર ઓફિસે આ ઘટનાને મોટી સપ્લાય ચેઈન પરનો એક ગંભીર સાયબર હુમલો ગણાવ્યો છે. ફ્રાન્સનાં વડાપ્રધાન સેબેસ્ટિયન લેકોર્નુએ દેશની નેશનલ સાયબર સિક્યોરિટી એજન્સીને આ મામલે તાત્કાલિક અને ઊંડાણપૂર્વક તપાસનાં આદેશ આપ્યાં છે. સત્તાવાર સૂત્રોનાં જણાવ્યાં અનુસાર, ફ્રાન્સ સરકાર એ વાતની પણ આકારણી કરી રહી છે કે દેશની અન્ય કંપનીઓ પર પણ કોઈ જોખમ તો નથી ને.

જાણીતી સ્ટોર ચેઈન 'લેસ મુસ્કેટેયર્સ'ના જણાવ્યાં મુજબ, તેમનાં આશરે 150 જેટલા ઈન્ટરમાર્ચે સ્ટોર્સમાં છ કલાક સુધી ફ્રિજ અસાધારણ રીતે ગરમ રહ્યાં હતાં. જેનાં કારણે કરોડો યુરોનું મોટું આર્થિક નુકસાન થયું છે.

ગ્રાહકોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને તમામ બગડેલો ખોરાક તાત્કાલિક ધોરણે ફેંકી દેવો પડ્યો હતો. પેરિસના એક રહેવાસીએ સ્ટોરના કર્મચારીઓને કાર્ટ ભરીને ઓગળેલા ખાદ્ય પદાર્થો મોટી કચરાપેટીમાં ફેંકતા નજરે જોયા હતા. આ ભયાનક હુમલાની વ્યાપક અસર અન્ય મોટી રિટેલ કંપનીઓ પર પણ જોવા મળી છે. પ્રખ્યાત કંપની 'કારફૂર'ના 80 સુપરમાર્કેટ અને 'મોનોપ્રિક્સ'ના આશરે 5 ટકા જેટલા સ્ટોર્સ આ સાયબર હુમલાની ઝપેટમાં આવ્યાં હતાં. અસંખ્ય ફ્રિજ અને ફ્રીઝર ખરાબ થઈ જવાથી સ્ટોર સંચાલકોને વ્યાપારી સ્તરે ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો છે. પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે, ડેનિશ કંપની 'ડેનફ્રોસ' દ્વારા સપ્લાય કરવામાં આવેલા જૂના સોફ્ટવેર અને કંટ્રોલ પેનલની સિસ્ટમમાં રહેલી સુરક્ષા ખામીનો હેકર્સે ગેરલાભ ઉઠાવ્યો હતો. સામાન્ય રીતે સુપરમાર્કેટના આ ફ્રિજ ઈન્ટરનેટથી કનેક્ટેડ હોય છે જેથી મેન્ટેનન્સ એજન્સીઓ દૂર બેઠા પણ તાપમાન નિયંત્રિત કરી શકે, પરંતુ આ લૂપહોલના કારણે સુરક્ષા જોખમાઈ હતી. આ ગ્લોબલ સાયબર ઘટના માત્ર ફ્રાન્સ પૂરતી મર્યાદિત નથી રહી, પરંતુ તેની ગંભીર અસરો અન્ય યુરોપિયન દેશોમાં પણ ફેલાઈ છે. ટેકનિકલ ખામી અને હુમલાના કારણે સ્પેન, પોર્ટુગલ, પોલેન્ડ, જર્મની અને બેલ્જિયમ સહિતનાં દેશોનાં સ્ટોર્સની ફ્રિજિંગ સિસ્ટમ પણ પ્રભાવિત થઈ હોવાની સત્તાવાર માહિતી મળી છે, જેને લઈને આંતરરાષ્ટ્રીય સ્તરે પણ સાયબર એજન્સીઓ સતર્ક થઈ ગઈ છે.

પર્યાવરણ કે કાર્બન ઉત્સર્જન નહીં પણ હવે ક્રૂડની સપ્લાય પ્રાથમિકતા

ક્રૂડની ટાંકી ફુલ કરાવી લ્યો, મોટુ સંકટ સર્જાશે! જાપાનની ચેતવણી



મધ્યપૂર્વ સંકટ વચ્ચે જાપાને 'રેડ બટન' દબાવ્યું: પૂરા એશિયામાં આફત તોળાય રહ્યાનો દાવો

ટોક્યો : મધ્યપૂર્વમાં યુધ્ધ, દરિયાઇ પરિવહનમાં મોટો હિસ્સો ધરાવતા હોર્મુઝ સ્ટ્રેટમાં સંકટ સહિતના કારણોસર કેટલાંક વખતથી ક્રૂડતેલના ભાવોમાં જોરદાર તેજી છે જ્યારે હવે જાપાને 'રેડ બટન' દબાવ્યુ છે અને આવતા દિવસોમાં મોટુ સંકટ સર્જાવાની ચેતવણી આપી છે.

જાપાને એવી ચેતવણી ઉચ્ચારી છે કે, 'ક્રૂડની ટાંકી તથા ઈમરજન્સી ટાંકી તાત્કાલીક ફૂલ કરાવી લ્યો કારણ કે આવનારો સમય ઘણો ભયાનક હોઈ શકે છે' પશ્ચિમ એશિયાના જંગની આગ હવે આખી દુનિયાના રસોડાના ગેસથી માંડીને વાહનોની ટાંકીઓ પર ભારે પડવાની છે. એશિયન દેશો પર ભયાનક ઈંધણ સંકટ સર્જાઈ શકે છે જેને કલ્પના પણ થઇ નથી. ઈમરજન્સી સ્ટોક નહીં હોય તો પેટ્રોલ-ડિઝલ પુરા દેશને ડુબાડી દેશે.

હોર્મુઝ સ્ટ્રેટ બંધ હોવાના કારણોસર દુનિયાભરને પેટ્રોલ-ડિઝલના પરિવહનમાં મુશ્કેલી થઈ જ રહી છે અને તેને કારણે ભાવમાં પણ વધઘટ છે. એશિયન દેશો મોટાભાગે આયાત પર નિર્ભર છે. થોડા દિવસ માટે પણ સપ્લાય બંધ રહે તો પણ પુરવઠો ખોરવાઈ શકે છે. એટલે ઈમરજન્સી સ્ટોક કરવા ચેતવણી આપવામાં આવી છે.

આંતરરાષ્ટ્રીય ઉર્જા મંચની વર્ચ્યુઅલ બેઠકમાં જાપાનના વ્યાપાર મંત્રી અકાજાવાએ એશિયાના તમામ દેશોને ક્રૂડનો પર્યાપ્ત સ્ટોક ઉભો કરવાની સલાહ આપી હતી. મધ્ય પૂર્વના તેલ ઉત્પાદક દેશો તથા આયાતકાર દેશો વચ્ચે એક મજબુત કડી ઉભી કરવાનું સૂચન કર્યું હતું અને આ માટે જાપાન મધ્યસ્થી પૂલ તરીકે ભૂમિકા ભજવવા તૈયાર હોવાનો પ્રસ્તાવ રજુ કર્યો હતો.

તેઓએ એમ કહ્યું કે, વૈશ્વિક સ્તરે સૌ પ્રથમ પ્રાથમિકતા ઉર્જા સુરક્ષાને મજબુત કરવાની છે. પર્યાવરણ જાળવણી ગ્રીન એનર્જી, કાર્બન ઉત્સર્જન ઘટાડવા જેવા અભિયાન કરતા પણ આ વધુ મહત્વનું છે કારણ કે કારખાના ચલાવવા કે વાહનો દોડાવવા ઈંધણ જ નહીં હોય તો અન્ય તમામ અભિયાન બેકાર બની જશે.

ઈરાન-અમેરિકા યુધ્ધ તથા રાજકીય ઉથલપાથલને કારણે સમગ્ર દેશમાં સપ્લાય ચેઈન મોટાપ્રમાણમાં પ્રભાવિત છે. જાપાન જેવા દેશો પાસે ખાસ કુદરતી સ્ત્રોત નથી એટલે તેની હાલત વધુ ખરાબ છે. જાપાનની 90 ટકા ક્રૂડ આયાત મધ્યપૂર્વના દેશોમાંથી કરે છે. મધ્યપૂર્વ સંકટ દુર ન થાય તો સમગ્ર એશિયાની સપ્લાયને મોટો ફટકો પડી શકે છે.

જાપાન ઉપરાંત ભારત, ચીન, દક્ષિણ કોરિયાની હાલત પણ વધુ ખરાબ થઈ શકે કારણ કે આ દેશો પણ આયાત પર નિર્ભર છે અને આ જ કારણોસર જાપાન દ્વારા ચેતવણી ઉચ્ચારવામાં આવી છે.

ગ્લોબલ ડીપ્લોમસીમાં હાલ ઉર્જા સુરક્ષા મોટો મુદ્દો બન્યો છે. જાપાનના નેતૃત્વ હેઠળની એશિયા ઝીરો એમિશન કોમ્યુનીટીએ વ્યૂહાત્મક પ્રાથમિકતા પણ બદલી નાખી છે. સંગઠન અત્યાર સુધી ગ્રીન એનર્જી, કાર્બન ઉત્સર્જનનું અભિયાન ચલાવતું હતું પરંતુ હવે ફોક્સ ક્રૂડ સપ્લાય પર કેન્દ્રીત કરાયું છે.

ચીન પાસે સૌથી મોટો સ્ટોક

પુરી દુનિયા ક્રૂડનો આંચકો સહન કરી જ રહી છે ત્યારે એક રીપોર્ટ મુજબ ચીન પાસે ક્રૂડનો સૌથી મોટો અનામત ભંડાર છે. ચીને 1.39 અબજ બેરલ ક્રૂડનો સ્ટોક રાખ્યો છે. બીજાક્રમે રહેલા અમેરિકા પાસે 413 મીલીયન બેરલ ક્રૂડનો અનામત સ્ટોક છે. જાપાન 263 મીલીયન બેરલના ક્રૂડ સ્ટોક સાથે ત્રીજા સ્થાને છે.

ખાંડમાંથી ઇથેનોલ બનાવવા પર રોક



આગામી 1 નવેમ્બરથી લાગું થનાર નવા નિયમ હેઠળ સરકારી ઈંધણ કંપનીઓને અપાયાં કડક આદેશ

નવી દિલ્હી : અલ નીનો અને નબળા ચોમાસાના કારણે આ વર્ષે દેશમાં ખાંડનું ઉત્પાદન ઘટી ગયું છે. આથી, બજારમાં ખાંડના ભાવ ન વધે અને લોકોને પૂરતા પ્રમાણમાં ખાંડ મળતી રહે તે માટે સરકારે મોટો નિર્ણય લીધો છે. સરકારે ઈંધણ બનાવતી સરકારી કંપનીઓને આદેશ આપ્યો છે કે તેઓ ખાંડ કે શેરડીના રસમાંથી ઈથેનોલ બનાવવાનું સંપૂર્ણપણે બંધ કરી દે. આ નવો નિયમ આગામી 1 નવેમ્બરથી લાગું થઈ જશે. દેશની મોટી સરકારી રિફાઈનરીઓ જેવી કે ઈન્ડિયન ઓઈલ, ભારત પેટ્રોલિયમ અને હિન્દુસ્તાન પેટ્રોલિયમે આગામી વર્ષ માટે લગભગ 11 અબજ લિટર ઈથેનોલ મેળવવા માટે એક સાથે ટેન્ડર બહાર પાડ્યું છે. આ નવા ટેન્ડરમાં સરકારે સ્પષ્ટ નિયમ રાખ્યો છે કે શેરડીના રસ, ખાંડ, શુગર સીરપ કે બી-હેવી મોલાસીસમાંથી ઈથેનોલ બનાવી શકાશે નહીં. છેલ્લા કેટલાક વર્ષોથી ભારત વિદેશથી મંગાવાતા તેલ પરનો ખર્ચ ઘટાડવા અને ખેડૂતોની આવક વધારવા માટે શેરડી તથા અનાજમાંથી ઈથેનોલ બનાવતું હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સરકારે પેટ્રોલમાં 20 ટકા ઈથેનોલ ઉમેરવાનું લક્ષ્ય નક્કી કરેલાં સમય કરતાં પાંચ વર્ષ વહેલું એટલે કે વર્ષ 2025 સુધીમાં જ પૂરું કરી લીધું હતું, જે દેશ માટે એક મોટી સફળતા હતી. હવે નવા નિયમ મુજબ ઈથેનોલ બનાવતી કંપનીઓ માત્ર સી-હેવી મોલાસીસ, બગડેલું અનાજ, સરકારી ગોડાઉનનો વધારાના ચોખા, મકાઈ અને બાયોફ્યુઅલ નીતિ હેઠળ મંજૂર થયેલી અન્ય વસ્તુઓમાંથી જ ઈથેનોલ બનાવી શકશે. સરકારના આ કડક પગલાથી બજારમાં ખાંડની અછત નહીં સર્જાય અને તેના ભાવો નિયંત્રણમાં રહેશે.

રૂા.48 લાખનો ખાદ્ય જથ્થો જપ્ત, 10 અધિકારીઓ-સપ્લાયર્સ સામે એફઆઈઆર અને 5 સંસ્થાઓનાં લાયસન્સ રદ્ધ

એક્સપાયર્ડ અને રિજેક્ટેડ ફૂડનું ગેરકાયદે વેચાણ

રિલાયન્સ, ઝોમેટો અને બ્લિંકિટ પર FDAની મોટી કાર્યવાહી

મુંબઈ : મહારાષ્ટ્ર ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (FDA) એ એક્સપાયરી ડેટ પૂરી થઈ ગઈ હોય, ક્ષતિગ્રસ્ત હોય અથવા ગ્રાહકો દ્વારા રિજેક્ટ કરવામાં આવેલ ખાદ્ય પદાર્થોના ગેરકાયદેસર રી-સેલ (ફરી વેચાણ) વિરૂદ્ધ મોટું સર્ચ ઓપરેશન હાથ ધર્યું છે.

આ કાર્યવાહી દરમિયાન મુંબઈ પોલીસે શાંતિ નગર પોલીસ સ્ટેશન ખાતે રિલાયન્સ ક્ધઝ્યુમર પ્રોડક્ટ્સ, રિલાયન્સ રિટેલ, બ્લિંકિટ અને ઝોમેટો હાઈપરપ્યોરના વરિષ્ઠ અધિકારીઓ તેમજ નિકાલ કરનારી એજન્સીઓ અને સ્થાનિક સપ્લાયર્સ સહિત 10 લોકો સામે એફઆઈઆર નોંધાઈ છે. FDA ની ટીમોએ વિવિધ સ્થળોએ દરોડા પાડીને કુલ રૂા.48.09 લાખથી વધુની કિંમતનો ખાદ્ય સામગ્રીનો જથ્થો જપ્ત કર્યો છે.

આ સમગ્ર કૌભાંડનો ખુલાસો ત્યારે થયો જ્યારે FDAને જાણવા મળ્યું કે જે ખાદ્ય પદાર્થો એક્સપાયર થઈ ગયા હતા અને જેને નષ્ટ કરવાના હતા, તેને નષ્ટ કરવાને બદલે ડિસ્પોઝલ એજન્સીઓ, ગેરકાયદેસર સોર્ટિંગ યાર્ડ્સ અને દલાલો મારફતે ફરીથી બજારમાં વેચવા માટે મોકલી દેવાતા હતા. આ નિકાલ એજન્સીઓ માલ ખરેખર નષ્ટ કર્યા વગર જ તેના નિકાલના ખોટા સર્ટિફિકેટ્સ આપી દેતી હતી. વધુ તપાસમાં ડિસ્પોઝલ રેકોર્ડ્સ, માલના જથ્થા અને મોકલનાર-મેળવનારની વિગતોમાં મોટા પ્રમાણમાં વિસંગતતાઓ અને ગડબડ જોવા મળી હતી.

તપાસ દરમિયાન ભિવંડી સ્થિત યાર્ડ્સમાં આવા માલનું વર્ગીકરણ કરવામાં આવતું હતું. તેમાંથી જે પેકેટો સારી હાલતમાં દેખાતા હોય તેને અલગ કરીને દલાલો અને સપ્લાયરોને વેચી દેવાતા હતા. ભિવંડીના ગુલઝાર નગરમાં આવેલાં એક રિટેલ આઉટલેટ પરથી કોઈપણ લાયસન્સ કે ખરીદીના બિલ વગર જ એક્સપાયર્ડ અને લીક થતા પેકેટો ગ્રાહકોને વેચવા માટે મૂકેલા મળી આવ્યા હતા.

ઓપરેશન દરમિયાન ભિવંડીના ડિસ્પોઝલ યાર્ડમાંથી રૂા.24 લાખ, રિલાયન્સના



વડપે સ્થિત ગોડાઉનમાંથી રૂા.4.92 લાખ અને ઝોમેટો હાઈપરપ્યોરના ઉસાટણે સેન્ટરથી રૂા.7.81 લાખનો સ્ટોક જપ્ત કરાયો હતો.

આ આખી તપાસ અને કાર્યવાહી માટે ઋઙઅ કમિશનર તુકારામ મુંઢેના માર્ગદર્શન હેઠળ આસિસ્ટન્ટ કમિશનરો અને ફૂડ સેફ્ટી ઓફિસરોની 7 અલગ-અલગ ટીમો બનાવીને થાણે અને પુણે જિલ્લામાં 14 અને 15 ઓક્ટોબર દરમિયાન એકસાથે દરોડા પાડવામાં આવ્યા હતા. તપાસ અને સુનાવણી બાદ ફૂડ સેફ્ટી કાયદાના ઉલ્લંઘન બદલ 5 પ્રતિષ્ઠિત સંસ્થાઓના લાયસન્સ સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે, જ્યારે લાયસન્સ વગર ચાલતા 4 પરિસરોનું કામકાજ સંપૂર્ણપણે બંધ કરાવી દેવામાં આવ્યું છે.

લાઠીઓ સામે ટસનો મસ ન થયો 'કોકરોચ'





કોકરોચ જનતા પાર્ટી તરફથી શુક્રવારે આયોજીત 'લહરા દો તિરંગા માર્ચ'માં સામેલ થવા માટે એક યુવા મોડીરાત સુધી કોનોટ પ્લેસમાં તિરંગો ઓઢીને રહ્યો હતો. સુરક્ષા દળોએ તેને હટાવવાનો પ્રયાસ કર્યો હતો. તો તે રસ્તા પર સુઈ ગયો. સીજેપીના આહવાનને ધ્યાનમાં રાખીને સુરક્ષાનો કડક બંદોબસ્ત રાખ્યો હતો. બપોરે અહી અર્ધસૈનિક દળોએ ફ્લેગ માર્ચ કરી હતી.

સ્ટેશન સ્ટેમ્પ ટ્રેલની સુવિધાનો પણ આરંભ : 10 મેટ્રો સ્ટેશનો પર થયુ વેચાણ

મુંબઈમાં એકવાલાઈન મેટ્રોમાં દેશમાં પહેલીવાર ખાસ પાસપોર્ટની સેવા શરૂ

મુંબઈ : મુંબઈની અન્ડર ગ્રાઉન્ડ મેટ્રોમાં સફર કરનારા માટે એક નવુ આકર્ષણ જોડાઈ ગયુ છે. મુંબઈ મેટ્રો રેલ કોર્પોરેશન (એમએમઆરસી) એ એકવા લાઈન પર મેટ્રો પાસપોર્ટ અને સ્ટેશન સ્ટેમ્પ ટ્રેલની શરૂઆત કરી છે.

શુક્રવારથી 250 રૂપિયામાં મળતા આ ખાસ પાસપોર્ટનું વેચાણ 10 મેટ્રો સ્ટેશન પર શરૂ થઈ ગયુ છે. યાત્રી અલગ અલગ સ્ટેશનો પર વિશેષ સ્ટેમ્પ એકત્ર કરી પોતાનાં પાસપોર્ટને યાદગાર બનાવી શકશે.

એમએમઆરસીનાં અનુસાર દેશમાં પહેલીવાર કોઈ મેટ્રો નેટવર્ક પર આ પ્રકારની પહેલી કરાઈ છે. જેનો ઉદેશ યાત્રીઓની સફરને વધુ રોચક બનાવવાની અને મુંબઈની પહેલી ભુમિગત મેટ્રો લાઈન સાથે જોડાયેલી યાદોને શણગારવાની તક આપવાનો છે.

આ 10 સ્ટેશનો પર મળશે પાસપોર્ટ: એકવા લાઈન

એકવા લાઈન પાસપોર્ટ કફ પરેડ, ચર્ચગેટ, હુતાત્મા ચોક, સીએસએમટી મેટ્રો, વરલી, સિદ્ધિ વિનાયક, ધારાવી, બાંદ્રા-કુર્લા કોમ્પ્લેકસ, (બીકેસી) સીએસએમ આઈએ ટી-2 અને મરોલ નાકા સ્ટેશનો પર ઉપલબ્ધ છે. યાત્રી આ બધા સ્ટેશનોએથી ખાસ સ્ટેમ્પ એકત્ર કરી સ્ટેમ્પ ટ્રેલ પુરી કરી શકે છે.

સીમિત સંખ્યામાં ઉપલબ્ધ છે પોસ્ટકાર્ડ

આ ખાસ પાસપોર્ટમાં પોસ્ટકાર્ડ જેવી કલાકૃતિઓ અને સ્ટેમ્પ લગાવવા અલગ અલગ પેજ આપ્યા છે અને એકવાલાઈન પર પુરી રૂટ સેવા શરૂ કરવાની પહેલી વર્ષગાંઠની યાદમા રજુ કરાયું છે.પાસપોર્ટ સમિતિ સંખ્યામાં ઉપલબ્ધ છે. પહેલે આઓ, પહલે પાઓ ના આધાર પર વેંચવામાં આવી રહ્યા છે. જેની કિંમત 250 રૂપિયા છે. આ પહેલેથી મેટ્રો યાત્રીઓ ઉપરાંત પર્યટકો અને મેટ્રો પ્રેમીઓને પણ અલગ અલગ સ્ટેશનો જોવા અને તેની યાદો જાળવી રાખવાનો મોકો મળશે.



દસ્તાવેજ નોંધણીના કર્મચારીઓની 13 મુદ્દાની માંગણીઓ અંગે ગાંધીનગરમાં મંત્રણા

રજિસ્ટ્રેશન ડીપાર્ટમેન્ટ કર્મચારી મંડળના હોદેદારો સાથે નોંધણીસર નિરીક્ષકની બેઠક



અમદાવાદ : રાજયની દસ્તાવેજ નોંધણી કચેરીઓના કર્મચારીઓની વિવિધ 13 મુખ્ય માંગણીઓને લઈ ગુજરાત રાજય રજીસ્ટ્રેશન ડીપાર્ટમેન્ટ કર્મચારી મંડળ દ્વારા તબકકાવાર આંદોલનનું અલ્ટીમેટમ આપવામાં આવેલ છે આ અંગે અગાઉ રાજકોટ સહિત રાજયભરના જિલ્લા મથકો પર કર્મચારીઓ દ્વારા જીલ્લા કલેકટરને આવેદનપત્ર સુપ્રત કરવામાં આવેલ હતા. જે બાદ કર્મચારીઓના પ્રશ્નો-માંગણીઓના મુદે આજે ગાંધીનગરમાં રાજયના રજીસ્ટ્રેશન ડીપાર્ટમેન્ટ કર્મચારી મંડળના હોદેદારો રાજય સરકાર દ્વારા મંત્રણાનો દોર શરૂ કરવામાં આવેલ છે. આ મંત્રણામાં રાજય સરકાર તરફથી રાજેશ માંજુ (આઈએએસ) જોડાયા છે. સુત્રોએ જણાવ્યું હતું કે, કર્મચારીઓના પ્રશ્નો માંગણીઓ અંગે રાજય સરકાર દ્વારા ગઈકાલે પણ મંત્રણા કરવામાં આવી હતી. જે બાદ આજે બીજા દિવસે આ મંત્રણા આગળ ધપાવવામાં આવી રહી છે. રાજય સરકાર હકારાત્મક વલણ દાખવી કર્મચારીઓના પ્રશ્નોનો ઉકેલ લાવે તેઓ કર્મચારીઓ દ્વારા આશાવાદ વ્યકત કરવામાં આવી રહ્યો છે.જ અહીં એ ઉલ્લેખનીય છે કે રજીસ્ટ્રેશન ડીપાર્ટમેન્ટ કર્મચારી મંડળની મુખ્ય માંગણીઓમાં ઓડીટ ફકરા અન્વયે કર્મચારીઓને તાત્કાલિક અસરથી બંધ કરવી, મહેસુલ વિભાગના ઠરાવ મુજબની યોગ્ય પ્રક્રિયા કર્યા વગર સબ રજીસ્ટ્રાર વિરૂધ્ધ થતી ખોટી એફઆઈ પર રોક લગાવવો સબ રજીસ્ટ્રાર ગ્રેડ-1 અને 2ની કેડરને મર્જ કરવી સહિતની માંગણીઓ-પ્રશ્નોનો સમાવેશ થાય છે.

ગુજરાતમાં સંસ્કૃત શિક્ષણનું માળખું

ગુજરાતમાં સંસ્કૃતના અધ્યયન અને અધ્યાપનની સમૃદ્ધ તથા ગૌરવશાળી પરંપરા છે. આજે પડકાર પરંપરાનું સંરક્ષણ કરવાનો તો છે જ, પરંતુ પરંપરાગત વિદ્વત્તાને આધુનિક શૈક્ષણિક તકો સાથે સાંકળીને સંસ્કૃત શિક્ષણનું સક્રિય, સુલભ, સુદ્રઢ અને સમકાલીન માળખું ઊભું કરવાનો પણ છે. આ દિશામાં શ્રી બૃહદ્ ગુજરાત સંસ્કૃત પરિષદે મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું છે.

જામનગર : સંસ્કૃતના પરંપરાગત શિક્ષણને પ્રોત્સાહન આપવા, સંસ્કૃત પાઠશાળાઓના વિદ્યાર્થીઓને સહાયરૂપ થવા અને શાળાના વિદ્યાર્થીઓમાં સંસ્કૃતના અભ્યાસ પ્રત્યે રસ જગાડવાના ઉદ્દેશથી વર્ષ 1946માં આ સંસ્થાની સ્થાપના કરવામાં આવી હતી. પરિષદનો ઈતિહાસ દર્શાવે છે કે સ્વૈચ્છિક સંસ્થાઓ કેવી રીતે શૈક્ષણિક આંદોલનના વિકાસમાં મૂલ્યવાન યોગદાન આપી શકે છે.

પરિષદે સંસ્કૃતની ક્રમબદ્ધ પરીક્ષાઓની વ્યવસ્થા વિકસાવી, જેના પરિણામે વિદ્યાર્થીઓને નિયમિત શિક્ષણની સાથે સંસ્કૃતનો સુવ્યવસ્થિત અભ્યાસ કરવાની તક મળી. પરિષદનું પરીક્ષા-માળખું શાળાઓ, કોલેજો, પાઠશાળાઓ અને અન્ય શૈક્ષણિક સંસ્થાઓને સાંકળતું હતું. આ રીતે પરંપરાગત સંસ્કૃત શિક્ષણ અને આધુનિક શિક્ષણપ્રણાલી વચ્ચે સેતુ રચવામાં મદદ મળી. પરિષદે વ્યાખ્યાનો, પરિસંવાદો, વક્તૃત્વ અને નિબંધ સ્પર્ધાઓ, વૈદિક તથા ભગવદ્ ગીતાના પઠન, સંસ્કૃત નાટકો, વાર્તાકથન, શ્લોકગાન અને અન્ય પ્રવૃત્તિઓનું પણ આયોજન કર્યું હતું.

આની પાછળ સમજ સ્પષ્ટ હતી કે સંસ્કૃત માત્ર પાઠ્યપુસ્તકો કે પરીક્ષાઓ પૂરતી મર્યાદિત ભાષા ન બનવી જોઈએ; તેનો અનુભવ અભિવ્યક્તિ, સાહિત્ય, દર્શન અને સાંસ્કૃતિક સર્જનાત્મકતાની જીવંત ભાષા તરીકે થવો જોઈએ.

પરિષદનું ઐતિહાસિક મહત્ત્વ ગુજરાત સરકારનો 19 ઓક્ટોબર, 1985નો એક ઠરાવ છે, જેમાં પરિષદની કેટલીક નિર્ધારિત લાયકાતોને આધુનિક શિક્ષણની ચોક્કસ લાયકાતોની સમકક્ષ માન્યતા આપવામાં આવી હતી. તેમાં પ્રથમાને એસ.એસ.સી., મધ્યમાને એચ.એસ.સી., શાસ્ત્રીને સ્નાતક, આચાર્યને અનુસ્નાતક અને શિક્ષાશાસ્ત્રીને બી.એડ. ની સમકક્ષ ગણવાનો સમાવેશ થતો હતો.

જો કે, અમુક કારણોસર આ સમકક્ષતાઓની માન્યતા પરત લેવાઈ હતી તે અલગ બાબત છે. ટૂંકમાં, સરકાર તરફથી યોગ્ય પીઠબળ અને પ્રોત્સાહન મળે તો રાજ્યમાં સંસ્કૃત શિક્ષણને મજબૂત બનાવવામાં ચમત્કારિક પરિણામો લાવી શકાય. હાલમાં, પરિષદની મુખ્ય જરૂરિયાત એ છે કે ગુજરાત



સરકાર રાજ્યની શાળાઓને પરિષદ્ દ્વારા સંચાલિત પરીક્ષાઓમાં વધુ ને વધુ વિદ્યાર્થીઓને બેસવા માટે પ્રોત્સાહિત કરવા નિર્દેશ આપે. પરિષદની સ્થાપના થઈ ત્યારથી ગુજરાતમાં સંસ્કૃત શિક્ષણ નોંધપાત્ર રીતે વિકસ્યું છે.

આજે રાજ્યમાં ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ, શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વિવિધ યુનિવર્સિટીઓમાં સંસ્કૃત વિભાગો, પરંપરાગત પાઠશાળાઓ અને ગુરુકુળો તથા શિક્ષણ અને સંશોધન સાથે સંકળાયેલી અન્ય સંસ્થાઓ કાર્યરત છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (એનઈપી), 2020 પણ સંસ્કૃત સહિત ભારતીય ભાષાઓને મજબૂત બનાવવા માટે મહત્ત્વપૂર્ણ નીતિગત માળખું પૂરું પાડે છે.

આ તમામ વિકાસક્રમો શાળાના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને સંસ્કૃતમાં રસ ધરાવતા અન્ય અભ્યાસુઓ માટે સંસ્કૃત શિક્ષણને વધુ સુલભ બનાવવાની તક પૂરી પાડે છે. એક સમયે ગુજરાતના સંસ્કૃત શિક્ષણમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવનાર બૃહદ્ ગુજરાત સંસ્કૃત પરિષદને પુનર્જીવિત કરવાની અને રાજ્યના વર્તમાન શૈક્ષણિક માળખા સાથે વધુ નિકટતાથી સાંકળવાની જરૂર છે.

પરિષદ્ હજુ પણ પોતાની રીતે વિદ્યાર્થીઓમાં આ ભારતીય શાસ્ત્રીય જ્ઞાનના ભંડારસમી સંસ્કૃત ભાષા પ્રત્યે રસ જગાડવાની પ્રવૃત્તિઓમાં કાર્યરત છે. બોલચાલની સંસ્કૃત, વાર્તાકથન, નાટક, સંગીત, પઠન અને સંસ્કૃત ગરબા જેવી પ્રવૃત્તિઓ દ્વારા શિક્ષણને વધુ રસપ્રદ, સહભાગી અને જીવંત બનાવી શકાય છે. ડિજિટલ માધ્યમો પણ નવી તકો પૂરી પાડે છે. શૈક્ષણિક સામગ્રી, પ્રકાશનો અને ઐતિહાસિક દસ્તાવેજોનું ડિજિટાઈઝેશન કરવાની સાથે ઑનલાઇન અભ્યાસક્રમો અને પરીક્ષા સુવિધાઓ વિકસાવવામાં આવે તો પરિષદની પહોંચ તેના વર્તમાન નેટવર્કની બહાર પણ વિસ્તરી શકે છે.

રાજ્ય સરકાર અને કેન્દ્રીય શિક્ષણ મંત્રાલય પરિષદને સંસ્કૃત શિક્ષણ માટેની યોગ્ય યોજનાઓનો લાભ મેળવવા માટેની તેની પાત્રતા અંગે પણ વિચારણા કરી શકે છે. શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી અને અન્ય માન્યતાપ્રાપ્ત સંસ્થાઓ સાથે શૈક્ષણિક સહયોગ દ્વારા અભ્યાસક્રમના વિકાસ, શિક્ષક તાલીમ અને મૂલ્યાંકનના ધોરણોને મજબૂત બનાવી શકાય અને સાથે સાથે પરિષદનું સ્વૈચ્છિક સંસ્થાનું સ્વરૂપ પણ જાળવી શકાય છે.

મૂળ પ્રશ્ન એ છે કે ગુજરાત પોતાની જ્ઞાનપરંપરાને ભવિષ્યમાં કેટલી અસરકારક રીતે આગળ લઈ જવા માગે છે. બૃહદ્ ગુજરાત સંસ્કૃત પરિષદ્ રાજ્યના સંસ્કૃત બોર્ડ, યુનિવર્સિટીઓ, શાળાઓ અને પરંપરાગત સંસ્થાઓ સાથે મળીને વારસા અને આધુનિક શિક્ષણ વચ્ચે ફરી એક વાર મૂલ્યવાન સેતુ બની શકે છે.

ગુજરાત પાસે જરૂરી સંસ્થાઓ છે, સમૃદ્ધ બૌદ્ધિક પરંપરા છે અને અનુકૂળ નીતિગત તક પણ છે. હવે જરૂર છે એક સંકલિત પ્રયાસની, જે આ શક્તિઓને સંસ્કૃત શિક્ષણના ટકાઉ, સર્વસમાવેશક અને ભવિષ્યલક્ષી માળખામાં પરિવર્તિત કરી શકે.

■ **પરિમલ નથવાણી**

(રાજ્ય સભા સાંસદ શ્રી પરિમલ નથવાણી બૃહદ્ ગુજરાત સંસ્કૃત પરિષદના કુલપતિ છે તથા રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડમાં ડાયરેક્ટર, કોર્પોરેટ અફેર્સ છે.)

સુરતમાં અન્નપુર્ણા ખોડલધામ ભલે બને પણ : કાગવડ ખોડલધામનો સાઉથઝોન પ્રોજેકટ યથાવત દિવાળી બાદ કામ શરૂ થશે : નરેશ પટેલ

ધાર્મિક-સમાજનાં જેટલા વધુ કાર્ય થાય તે સારૂ, સુરતમાં નવા ખોડલધામના આયોજકોને શુભેચ્છા; પરંતુ સુરતમાં જ કીમ ખાતે કાગવડનો પ્રોજેકટ અટકશે નહિં



અમદાવાદ : ગુજરાત સહિતદેશ-વિદેશમાં મોટી વસ્તી ધરાવતા લેઉવા પટેલ સમાજનાં આસ્થાના કેન્દ્ર બનેલા કાગવડ ખોડલધામ દ્વારા રાજયના અન્ય ઝોનમાં પણ પ્રોજેકટો પણ જાહેર કરવામાં આવ્યા છે.

સુરતમાં અન્નપૂર્ણા ખોડલધામની જાહેરાત કરીને એક વર્ગે અલગ ચોકો શરૂ કર્યો હોવાની ચર્ચા જાગી છે તેવા સમયે કાગવડ ખોડલધામનાં ચેરમેન નરેશ પટેલે એવો મહત્વનો નિર્દેશ આપ્યો છે કે સંસ્થાનો દક્ષિણ ગુજરાતનો પ્રોજેકટ યથાવત જ છે અને તે અટકવાનો નથી એટલુ જ નહિં દિવાળી પછી ખાતમુહુર્ત સહિતની કામગીરીનું આયોજન નકકી કરી લેવામાં આવશે.

ખોડલધામનાં ચેરમેન નરેશ પટેલે આજે 'સાંજ સમાચાર' સાથેની ખાસ વાતચીતમાં જણાવ્યું હતું કે કાગવડ ખોડલધામ દ્વારા દરેક ઝોનમાં એકએક પ્રોજેકટ કરવાની અગાઉથી જાહેરાત કરી દેવામાં આવી છે.દક્ષિણ ગુજરાતનો પ્રોજેકટ નકકી થઈ જ ગયો છે.સુરતમાં જ કીમ પાસે 40 વીઘા જમીન લઈ લેવામાં આવી છે. કાગવડની જેમ ત્યાં પણ મંદિર ઉપરાંત સ્થાનિક સ્તરે સમાધાન પંચ જેવી પ્રવૃતિઓ થાય છે તેવી તમામ પ્રવૃતિઓ દક્ષિણ ઝોન પ્રોજેકટમાં પણ કરવામાં આવનાર છે. સુરતમાં મુકેશ પટેલ દ્વારા અન્નપુર્ણા ખોડલધામનું નિર્માણ કરવાની જાહેરાત કરવામાં આવી છે તે વિશેનાં સવાલના જવાબમાં નરેશભાઈ પટેલે કહ્યું કે તેમના પ્રોજેકટને પણ શુભેચ્છા જ છે.સમાજ અને ધર્મને લગતા જેટલા વધુ કાર્યો થાય તે સારી વાત જ છે.આમ છતાં કાગવડ ખોડલધામનો પ્રોજેકટ અટકવાનો નથી.

એક જ ઝોનમાં કે શહેરમાં બે બે ખોડલધામના નિર્માણથી સમાજમાં ભાગલા પડી શકે કે કેમ તેવા સવાલનો જવાબ આપવાનું તેમણે ટાળ્યુ હતું અને સ્પષ્ટ કહ્યું હતું કે કોઈપણ વ્યકિત સમાજને લગતા પ્રોજેકટ કરે તો અમને વાંધો ન હોઈ શકે.

સમાજમાં ભાગલાનાં પ્રયાસો હોય તો કયારેય સફળ નહિ થાય: શિવરાજ પટેલ

લેઉવા પટેલ સમાજના આસ્થાના કેન્દ્ર સમુ કાગવડ ખોડલધામ હોવા છતાં સુરતમાં અન્નપૂર્ણા ખોડલધામનું નિર્માણ કરવાની સુરતના જ ઉદ્યોગપતિ મુકેશ પટેલ સહિતના આગેવાનોની જાહેરાતથી સમાજમાં અટકળોનો દૌર શરુ થઈ જ ગયો છે ત્યારે નરેશ પટેલના પુત્ર શિવરાજ પટેલે આજે મીડીયા સાથેની વાતચીતમાં કહ્યું કે સુરતમાં અન્નપૂર્ણા ખોડલધામનું નિર્માણ થાય તે સારી વાત છે.

જો કે તેમણે કહ્યું કે લેઉવા પટેલ સમાજ બહુ મોટો છે, બહુ ભોળો છે તેમ છતા સમાજના ભાગલા પડાવવાનો ઈરાદો કયારેય સફળ થયો નથી અને થશે પણ નહી. કાગવડ ખોડલધામના ચેરમેન નરેશ પટેલ વિશે તેમને પૂછવામાં આવતા તેમણે કહ્યું કે નરેશ પટેલ માત્ર ને માત્ર સમાજ સેવાને વરેલા છે.

સમાજ સેવા સિવાય તેમને બીજુ કાંઈ કરવું નથી. તેઓ ડાઉન ટુ અર્થ માનવી છે. રાજકારણમાં કયારેય રસ લેતા નથી અને તે વિશેનો પોતાનો અભિગમ સ્પષ્ટ કરી જ ચૂકયા છે. સમાજમાં મતભેદની વાત હોય તો તેમાં કાંઈ નવાઈ ન હોય શકે કારણ કે દરેક પરિવારથી માંડીને સમાજ અને રાજકારણમાં નાના મોટા વિવાદો હોય જ છે.

રાજકીય લડાઈમાં સમાજને હાથો બનાવવા પ્રયાસ?

નરેશ પટેલ તો એક રાજકીય વર્ગને અગાઉથી જ ખટકતા હતા, હવે અનાર પટેલની એન્ટ્રી પણ કારણભૂત હોવાની ચર્ચા

દેશ-વિદેશનાં લાખો કરોડો લેઉવા પટેલ સમાજનાં લોકો માટે આસ્થાનું કેન્દ્ર બનેલા કાગવડ ખોડલધામ ઉપરાંત હવે સુરતમાં અન્નપૂર્ણા ખોડલધામની જાહેરાત થતા સમગ્ર સમાજમા ઘેરા પ્રત્યાઘાતો હોવાની ચર્ચા છે.સમાજનાં જ આગેવાનો કે લોકો ખુલીને કોઈ પ્રત્યાઘાતો આપતા ન હોવા છતાં આંતરિક ઘુંઘવાટ હોવાની ચર્ચાએ જોર પકડયુ છે.

લેઉવા પાટીદાર સમાજમાં એવી ચર્ચા શરૂ થઈ છે કે સમાજના નામે થતી રાજકીય લડાઈમાં હવે સમાજને હાથો બનાવવાનાં પ્રયાસો શરૂ થયા છે મહત્વની વાત એ છે કે આગામી જાન્યુઆરીમાં કાગવડ ખોડલધામનો દશાબ્દી મહોત્સવ યોજાવાનો છે અને તે ભવ્યતાથી ઉજવવામાં આવનાર છે.તે પૂર્વે જ સુરતમાં અન્નપૂર્ણા ખોડલધામની જાહેરાત થઈ છે. આ સિવાય આવતા વર્ષે ગુજરામાં વિધાનસભાની ચુંટણી યોજાવાની છે તેને કારણે પણ જાહેરાતમાં વર્તમાન સમય પસંદ કરવામાં આવ્યો હોવાનું માની શકાય છે.

ભૂતકાળમાં પણ પાટીદાર સમાજ મામલે અનેકવિધ રાજકીય કાવાદાવા થયા જ હતા એક વર્ગ તો એવુ માની રહ્યો છે કે 'ઉપરની રાજકીય લડાઈ' સમાજ સુધી આવવા લાગી છે અને તે માત્ર લેઉવા પાટીદાર સમાજ માટે જ નહિં પરંતુ તમામ સમાજ માટે ખતરાની ઘંટડી સમાન છે.ભૂતકાળમાં મોટા સમાજનાં લોકોને પાસે રાખવા માટે ચૂંટણી સમયે તમામ રાજકીય પક્ષો મેદાનમાં આવતા જ રહ્યા હતા.

લેઉવા પટેલ સમાજ માટે ખોડલધામ આસ્થાનું કેન્દ્ર છે સમાજ પણ ઘણો મોટો છે અને તેના આધારે રાજકીય વર્ચસ્વ પણ ઉભુ થઈ શકે તેમ છે.આ તમામ રાજકીય ગણતરીઓને આધારે જ કાવાદાવા થઈ રહ્યાની શંકાનો ઈન્કાર થઈ શકે તેમ નથી.

સમાજમાં એવી ચર્ચા પણ જોર પકડવા લાગી છે કે કાગવડ ખોડલધામનાં ચેરમેન નરેશ પટેલ વર્ષોથી એક ચોકકસ રાજકીય વર્ગને ખટકતા જ હતા. ખોડલધામનો ઉપયોગ કયારેય રાજકીય લાભ માટે નહિં કરવાની તેમની જાહેરાત સામે રાજકીય વર્ગને ખચકાટ હતો.હવે અધુરામાં પુરૂ રાજયના પૂર્વ મુખ્યમંત્રી અને વર્તમાન રાજયપાલ આનંદીબેન પટેલના પુત્રી અનાર પટેલને કાગવડમાં સામેલ કરવામાં આવ્યા છે અને દિવસે દિવસે તેમનું ક વધતુ હોય તેમ મહત્વની જવાબદારી સોંપવામાં આવી રહી છે.

રાજકીય વર્ગને કદાચ આ પણ ખટકતુ હોય તેવી શકયાનો ઈન્કાર થઈ શકતો નથી. આવનારા સમયમાં સામાજીક લેવલે કેવા પ્રત્યાઘાતો પડે તેના પર નજર રાખવામાં આવી રહી છે.

શાપરમાં ડીવાયએસપી કચેરીનું લોકાર્પણ, જીઆઈડીસી વિસ્તાર વધું સુરક્ષિત

35 ખેડૂતોની 100 કરોડથી વધુની જમીન પરત અપાવવાનો દેશના ઇતિહાસમાં પ્રથમ કિસ્સો છે : હર્ષ સંઘવી



અમદાવાદ : નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના અધ્યક્ષસ્થાને શાપર ખાતે વિભાગીય પોલીસ અધિકારીની કચેરીનું લોકાર્પણ તેમજ ભૂમાફિયાઓ પાસેથી મુક્ત કરાવાયેલી 500થી વધુ વિઘા જમીનના દસ્તાવેજો ખેડૂતોને પરત સોંપવાનો કાર્યક્રમ યોજાયો હતો. આ સાથે જ રાજકોટ ગ્રામ્ય પોલીસની પ્રજાભિમુખ કામગીરી, ઝડપી ફરિયાદ નિવારણ, રેકોર્ડ મેનેજમેન્ટ, ડિજિટાઈઝેશન અને પારદર્શક વહીવટની નોંધ લઈને નાયબ મુખ્યમંત્રીના હસ્તે જિલ્લા પોલીસને ISO 9001:2015 પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે રાજકોટ પોલીસને અભિનંદન પાઠવતા નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, વ્યાજખોરી કરતા દૂષણખોરો સામે 'આરપારની લડાઈ' લડવાનો ગુજરાત સરકારનો મક્કમ નિર્ધાર છે. રાજકોટ પોલીસે 35 ખેડૂતોની અંદાજે 100 કરોડથી વધુ રકમની જમીન પરત અપાવવામાં ઐતિહાસિક સફળતા મેળવી છે. દેશના ઇતિહાસમાં આટલા મોટા પ્રમાણમાં ખેડૂતોને જમીનો પરત અપાવવાનો આ પ્રથમ કિસ્સો છે. સાથે જ, નાયબ મુખ્યમંત્રીએ ઉપસ્થિત ખેડૂતો અને નાગરિકોને અપીલ કરી હતી કે, વ્યાજખોરોને હંમેશા પોલીસ અને કાયદાનો ભય રહેવો જોઈએ. ખેડૂત પોતાની આખી જિંદગી મહેનત કરીને પરિવારનું ગુજરાન ચલાવતો હોય છે. મુશ્કેલીના સમયે વ્યાજે લીધેલા નાણાં સામે વિશ્વાસઘાત કરીને વ્યાજખોરો અને ભૂમાફિયાઓ ખેડૂતોની જીવનભરની મૂડી સમાન જમીનો કબ્જે કરી લેતા હોય છે.

ખેડૂતોએ વ્યાજખોરો પાસેથી ઊંચા વ્યાજે નાણાં લેવાને બદલે સરકારની અનેકવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ લેવો જોઈએ અને વ્યાજખોરોના વિષચક્ર સામે સાવચેત રહેવું જોઈએ. દસ્તાવેજોમાં જો સહી કરતી વખતે સાવચેતી ન રાખવામાં આવે તો ભવિષ્યમાં ન્યાય અપાવવો ખૂબ મુશ્કેલ બને છે. આ પ્રસંગે તેમણે પોલીસમિત્રો અને તેમના પરિવારોના ઉત્તમ સ્વાસ્થ્ય માટે ભગવાનને પ્રાર્થના કરી હતી.

શાપર, પડવલા, હડમતાળા ઈન્ડસ્ટ્રીયલ એસોસિએશનના સૌજન્યથી નિર્માણ પામેલી ડીવાયએસપી કચેરી કાર્યરત થવાથી શાપર-વેરાવળ સહિતના મહત્વના ઔદ્યોગિક તેમજ ગ્રામીણ વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જાળવવાની કામગીરી વધુ સુદ્રઢ બનશે અને સ્થાનિક નાગરિકોને જરૂર પડ્યે પોલીસની સેવાઓ વધુ ઝડપથી મળી રહેશે. આ તકે નાયબ મુખ્યમંત્રીએ ઈશ્વરની આરાધના સાથે દીપ પ્રજ્વલ્લિત કરી નવનિર્મિત કચેરીનું લોકાર્પણ કર્યું હતું.

આ અવસરે 'તેરા તુજકો અર્પણ' અભિયાન અંતર્ગત નાયબ મુખ્યમંત્રીના હસ્તે રાજકોટ પોલીસે સબ રજીસ્ટ્રાર કચેરીના સહયોગથી ભૂમાફિયાઓ તેમજ વ્યાજખોરો સામે ચલાવાયેલી કડક ઝુંબેશના ભાગરૂપે, દગાબાજી અને છેતરપિંડીથી પડાવી લેવાયેલી 35 જેટલા ખેડૂતોની અંદાજે રૂ.100 કરોડની 500થી વધુ વિઘા જમીનના 55 દસ્તાવેજો મૂળ માલિક ખેડૂતોને સન્માનપૂર્વક પરત સોંપવામાં આવ્યા હતા.

અત્રે નોંધનીય છે કે, કાર્યક્રમમાં સમગ્ર રાજકોટ જિલ્લા પોલીસ તંત્રને ISO 90012015 પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું હતું. તમામ પોલીસ સ્ટેશનો અને શાખાઓ માટે આ આંતરરાષ્ટ્રીય સ્તરનું પ્રમાણપત્ર મેળવનારો રાજકોટ જિલ્લો સમગ્ર ગુજરાત રાજ્યમાં પ્રથમ જિલ્લો બન્યો છે.

આ ઉપરાંત, લોકોમાં આત્મહત્યા જેવા નકારાત્મક વિચારો દૂર કરી 700થી વધુ લોકોને કાઉન્સેલિંગ દ્વારા નવું જીવન પૂરું પાડનારી રાજકોટ ગ્રામ્ય પોલીસની વિશેષ પહેલ પ્રેરણા- નવા જીવનની અહેવાલનું પણ આ તકે નાયબ મુખ્યમંત્રીશ્રી સહિતના મહાનુભાવોના હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમ પૂર્વે રાજકોટ જિલ્લા પોલીસ દ્વારા નાયબ મુખ્યમંત્રીને ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું. આ તકે જમીન પરત પ્રાપ્ત કરનારા ખેડૂતોએ રાજ્ય સરકાર અને પોલીસ વિભાગનો વિશેષ આભાર માન્યો હતો. આ પ્રસંગે સાંસદ પરસોત્તમભાઈ રૂપાલા, રાજકોટ જિલ્લા પંચાયત પ્રમુખ સંજયભાઈ પીપળીયા, ધારાસભ્ય ભાનુબેન બાબરીયા, રમેશભાઈ ટીલાળા, ગીતાબા જાડેજા, જયેશભાઈ રાદડીયા, ઉદયભાઈ કાનગડ, ડૉ.મહેન્દ્રભાઈ પાડલીયા, દુર્લભજીભાઈ દેથરીયા સહિતના પદાધિકારીઓ, તેમજ રેન્જ આઈજી નિર્લપ્ત રાય, જિલ્લા કલેક્ટર ડૉ. ઓમ પ્રકાશ, જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદ સહિતના વરિષ્ઠ અધિકારીઓ હાજર રહ્યાં હતા.

તહેવારો અને ઉનાળા જેવી ગરમીથી વધતો વિજ વપરાશ

ગુજરાતમાં વિજ ડીમાંડ 'ઉનાળા' કરતાં પણ વધુ : 29,822 મેગાવોટનો રેકોર્ડબ્રેક વપરાશ નોંધાયો

અમદાવાદ : ગુજરાતમાં ધામધૂમપૂર્વક અને અદ્‌ભુત થનગનાટ સાથે નવરાત્રીનો તહેવાર ઉજવાય રહ્યો છે અને દિવાળીનાં તહેવારો પણ આવી રહયા છે. ત્યારે રાજયમાં વિજમાંગ રેકોર્ડસ્તરે પહોંચી ગઈ છે. સેન્ટ્રલ ગ્રીડમાંથી વધુ ઉર્જા માંગવામાં આવી છે.


વિજતંત્રના સુત્રોએ કહ્યું કે, ગઈકાલે રાજયની વિજમાંગ 29822 મેગાવોટ થઈ હતી જે અત્યાર સુધીનો રેકોર્ડ છે. ઉનાળામાં પણ વિજમાંગ આ સ્તરે પહોંચી ન હતી. તહેવારોને કારણે કોમર્શીયલ તથા ઔદ્યોગીક વપરાશ વધવા ઉપરાંત અલનીનોની અસર હેઠળ ઉનાળા જેવી ગરમીથી ઘર-રેસીડેન્સીયલ વિજ વપરાશ પણ ઉંચો રહ્યો છે.આ સંજોગોમાં ઉનાળાની પીક સીઝન કરતા પણ વિજ ડીમાંડમાં વધારો જોવા મળ્યો છે.

રાજયના ઉર્જા અને પેટ્રો કેમીકલ્સ વિભાગના સચીવ અશ્વિનીકુમારે કહ્યું કે વધતી વિજ ડીમાંડને પગલે સેન્ટ્રલ ગ્રીડમાંથી વધુ ફાળવણી કરવા તથા કોલ આધારીત વિજ મથકો માટે કોલસાની સપ્લાય વધારવાની માંગણી કરવામાં આવી છે. સપ્લાય ગેપ સરભર કરવા કેન્દ્રીય મંત્રાલય દ્વારા સંકલન કરવામાં આવી રહ્યું છે. પ્રવર્તમાન વિજ ડીમાંડને ધ્યાને રાખીને આવતા દિવસોમાં પણ વિજમાંગ ઉંચી જ રહેવાની સંભાવનાને ધ્યાને રાખીને એડવાન્સ પ્લાનીંગ શરૂ કરવામાં આવ્યું છે.

ગુજરાતમાં ચાલુ વર્ષમાં વિજ ડીમાંડ ઘણી વધુ જ રહી છે. જુન મહિનામાં સરેરાશ 26834 થી 28833 મેગાવોટની ડીમાંડ હતી જે હવે 29822 મેગાવોટના સર્વાધિક સ્તરે પહોંચી છે. આનો અર્થ એવો થાય છે કે સર્વોચ્ચ વિજ ડીમાંડ માત્ર ઉનાળામાં જ હોય તે જરૂરી નથી.

ગુજરાતમાં જુન મહિના વિજ વપરાશ 586 મીલીયન યુનિટ નોંધાયો હતો. જુન 2025 ની સરખામણીએ 529 મીલીયન યુનિટ વધુ હતો. વિજતંત્રના સુત્રોએ કહ્યું કે વધતા ઔદ્યોગીકરણ તથા ઘર વપરાશમાં વૃદ્ધિ જેવા કારણો પણ જવાબદાર છે.

ગુજરાતમાં છેલ્લા ત્રણ વર્ષમાં વિજ ડીમાંડમાં સરેરાશ 10 ટકાનો અને પાંચ વર્ષમાં 12 ટકાનો વધારો જોવા મળ્યો છે. આવતા વર્ષે પણ વિજ ડીમાંડમાં સરેરાશ 10 ટકાનો વધારો શકય છે જે ગણતરીએ ડીમાંડ 32500 મેગાવોટ સુધી પહોંચી શકે છે.



સૌરાષ્ટ્રની વિજ ડીમાંડ 7667 મેગાવોટે પહોંચી

ગુજરાતમાં ગઈકાલે વિજ વપરાશ રેકોર્ડ સ્તરે પહોંચી ગયો હતો ત્યારે સૌરાષ્ટ્ર-કચ્છની ડીમાંડ પણ વધીને 9667 મેગાવોટે પહોંચી હતી. સૌરાષ્ટ્ર-કચ્છમાં વિજ વિતરણ વ્યવસ્થા પીજીવીસીએલ હસ્તક છે. તહેવારો, ઉનાળા જેવી ગરમી, કૃષિ વપરાશ સહિતના કારણોસર માંગ વધી રહી છે. વિજ લોડ મેનેજમેન્ટ યુનિટ દ્વારા સમગ્ર સંચાલન કરવામાં આવતું હોય છે.

ઓનલાઈન બુકીંગ શરૂ : રૂા.26 કરોડનાં ખર્ચે થયો વિકાસ

નળ સરોવર ફરી પ્રવાસીઓ માટે ખુલ્લું મુકવામાં આવ્યું



અમદાવાદ : ગુજરાતના પ્રકૃતિપ્રેમીઓ અને પ્રવાસીઓ માટે ખુશખબર સામે આવી છે. ગુજરાતનું વિશ્વપ્રસિદ્ધ નળસરોવર પક્ષી અભયારણ્ય 9 ઓક્ટોબરથી સત્તાવાર રીતે પ્રવાસીઓ માટે ખુલ્લું મુકવામાં આવ્યું છે.

ચોમાસાની સીઝન દરમિયાન પક્ષીઓના સંરક્ષણ અને પ્રવાસીઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને જૂન મહિનાથી નળસરોવર બંધ રાખવામાં આવ્યું હતું. જોકે, છેલ્લા એક અઠવાડિયાથી પ્રવાસીઓની અવરજવર શરૂ થઈ ગઈ હતી, પરંતુ હવે અભયારણ્ય સત્તાવાર રીતે પ્રવાસીઓ માટે ખુલ્લું થઈ ગયું છે.

દેશ-વિદેશથી આવતા દુર્લભ અને યાયાવર પક્ષીઓને જોવા માટે નળસરોવર શ્રેષ્ઠ સ્થળ માનવામાં આવે છે. ખાસ કરીને શિયાળાની ઋતુમાં અહીં મોટી સંખ્યામાં પક્ષીઓ જોવા મળતા હોવાથી પક્ષીપ્રેમીઓ, ફોટોગ્રાફરો અને પ્રકૃતિપ્રેમીઓ માટે આ સ્થળ ખાસ આકર્ષણ ધરાવે છે.

આ વર્ષે પ્રવાસીઓને વધુ સારી સુવિધાઓ મળી રહે તે માટે ગુજરાત પ્રવાસન વિભાગ દ્વારા અંદાજે રૂા.26 કરોડના ખર્ચે નળસરોવરમાં વિકાસનાં કામો કરવામાં આવ્યાં છે. નળસરોવરમાં બોટિંગનો આનંદ માણવા માગતા પ્રવાસીઓ માટે હજુ થોડી રાહ જોવી પડશે. હાલ બોટિંગ સેવા શરૂ કરવાની તૈયારીઓ ચાલી રહી છે અને તેના માટે સુરક્ષાને ખાસ પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. નળસરોવર સવારે 6 વાગ્યાથી સાંજે 5:30 વાગ્યા સુધી પ્રવાસીઓ માટે ખુલ્લું રહેશે. અહીં સ્થાનિક અને વિદેશી યાયાવર પક્ષીઓ જોવા માટે નવેમ્બરથી ફેબ્રુઆરી મહિના સુધીનો સમય શ્રેષ્ઠ માનવામાં આવે છે. પ્રવાસીઓએ મુલાકાત માટે અગાઉથી ઓનલાઈન એન્ટ્રી પરમિટ બુક કરાવી લેવી જોઈએ. તેના માટે ગુજરાત વન વિભાગના સત્તાવાર 'Forest Eco Tourism Gujarat Booking' પોર્ટલ પર જઈને 'Nal Sarovar' પસંદ કરવાનું રહેશે.

UPI ચાર્જ : ગુજરાતનાં વેપારીઓ દિવાળી પછી ફરી રોકડ વ્યવહારો તરફ વળે તેવી શક્યતા

ગુજરાત ટ્રેડર્સ ફેડરેશને તમામ બેંકોને પોતાની રોકડ વ્યવસ્થાપનની સિસ્ટમ મજબૂત કરવા અને શાખાઓ તથા ATM માં પૂરતી રોકડ રકમ ઉપલબ્ધ રાખવા માંગ

અમદાવાદ : UPI દ્વારા થતી ચુકવણી પર મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ (MDR) એટલે કે પ્રોસેસિંગ ચાર્જ લાગુ થવાની ચર્ચાને કારણે ગુજરાતનાં વેપારીઓ ચિંતામાં મુકાયાં છે. ધંધાકીય ખર્ચ વધી જવાની બીકે દિવાળી પછી છૂટક અને જથ્થાબંધ વેપારીઓ ફરી રોકડ (કેશ) વ્યવહારો તરફ વળે તેવી પૂરતી શક્યતા છે.

ગુજરાત ટ્રેડર્સ ફેડરેશન (GTF) એ આ અંગે તમામ બેંકોને પોતાની રોકડ વ્યવસ્થાપનની સિસ્ટમ મજબૂત કરવા અને શાખાઓ તથા ATMમાં પૂરતી રોકડ રકમ ઉપલબ્ધ રાખવા વિનંતી કરી છે. આ સાથે જ રૂ. 5 કરોડ સુધીનું વાર્ષિક ટર્નઓવર ધરાવતા નાના અને મધ્યમ વેપારીઓને આ નવા ચાર્જમાંથી કાયમી મુક્તિ આપવાની માંગ પણ કરી છે. રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાની અમદાવાદ સ્થિત પ્રાદેશિક કચેરી અને રાજ્યની વિવિધ બેંકોના અધિકારીઓને રજૂઆત કરતાં ફેડરેશને સ્પષ્ટ કર્યું છે કે, જો વેપારીઓ પર વધારાનો આર્થિક બોજ નાખવામાં આવશે, તો તહેવારો પૂરા થતાં જ તેઓ ડિજિટલ પેમેન્ટનો ઉપયોગ ઓછો કરી દેશે.

GTF ના પ્રમુખ જયેન્દ્ર તાન્નાના જણાવ્યા મુજબ, દિવાળી નજીક હોવાથી વેપારીઓ અત્યારથી જ રોકડ વ્યવહારો વધવાની તૈયારી કરી રહ્યાં છે. તહેવારોના દિવસોમાં જ્યારે બજારમાં ખરીદી અને લેવડ-દેવડ વધતી હોય છે, ત્યારે રોકડ નાણાંની માંગ પણ નોંધપાત્ર રીતે વધી શકે છે, જેથી બેંકોએ રોકડ સપ્લાયની પૂરતી તૈયારી રાખવી પડશે.

અમદાવાદ કટલરી એન્ડ જનરલ મર્ચન્ટ એસોસિએશનના પ્રમુખ લક્ષ્મણ ભાઈએ ઉમેર્યું કે,



"તહેવારો હોવા છતાં અત્યારે જથ્થાબંધ અને છૂટક બંને વેપારમાં મંદીનો માહોલ છે. ડિજિટલ યુગમાં લોકો UPIથી ચુકવણી કરવા ટેવાઈ ગયા છે, પણ જો સરકાર ચાર્જ વસૂલશે તો વેપારીઓને નાછૂટકે ફરીથી કેશ સિસ્ટમ પર જવું પડશે."

ઓલ ઈન્ડિયા બેગ્સ એસોસિએશનના વાઈસ પ્રેસિડેન્ટ અમિત દેસાઈએ પોતાની વ્યથા વ્યક્ત કરતાં કહ્યું કે, "વેપારીઓ UPI બંધ કરવા નથી માંગતા, પરંતુ ઘણી વસ્તુઓ પરનું માર્જિન કે નફો માંડ 2 થી 4 ટકા જેટલો જ હોય છે. આવા સંજોગોમાં નવા ચાર્જનો બોજ સહન કરવો નાના વેપારીઓ માટે ખૂબ મુશ્કેલ બની જશે."

PRINTER / PUBLISHER / OWNER / EDITOR : **SEEMA SHAH** PUBLISHED : "STOCK TODAY" M : 99985 29220 : 102, Atithi Annexi Pritamnagar Akhada Paldi, Ahmedabad. (GUJARAT) 380 007.
Printed at JAY GRAPHICS AND PRINTERS, C/15, Vikram Chambers, Income Tax, Ashram Raod, Ahmedabad - 380 009.